ગુજરાત સમાચાર
રવિવાર, ૨૨-૧૧-૨૦૨૬

રવિપૂર્તિ

www.gujaratsamachar.com



04

રાજા રેવત અને રેવતીની કથા : રિલેટિવિટી ઓફ ટાઈમનો પૌરાણિક સંકેત



07

તળેટીથી શિખર સુધી : ચંદ્રના પગથિયે મંગળનું સ્વપ્ન

આપણે ભગવાન પાસે ભૌતિક પ્રગતિ જ માંગીએ છીએ પણ તેની સાથે આવતો બોજ અને પીડા સહન કરવાની ક્ષમતા ક્યારેય નથી માંગતા

અમિતાભનો વિચારપ્રેરક બ્લોગ

હોરાઈઝન

ભવેન કચ્છી

'જ્યારે જીવનમાં કશું જ નહોતું, ત્યારે આપણી આંખોમાં આંસુ હતા, હાથ જોડેલા હતા અને હોઠ પર માત્ર એક જ પ્રાર્થના હતી - 'હે પ્રભુ, અમને કંઈ પણ આપ, બસ ખાલી હાથ ન રાખ.' એ અસહાયતાની ક્ષણોમાં આપણને માત્ર એટલું જ જોઈતું હતું કે ઈશ્વર આપણી ઝોળી થોડી ભરી દે. પણ નિયતિનો ક્રમ જુઓ! જ્યારે ઈશ્વર આપવા બેસે છે અને એટલું બધું આપે છે કે ઝોળી છલકાઈ જાય છે, ત્યારે આપણી જ જીભમાંથી એક નવો જ સૂર નીકળવા માંડે છે - 'હે ભગવાન, આટલું બધું આપતો જ રહે છે... હવે આનું કરવું શું?'

સોનાનો શ્રાપ

અમિતાભ બચ્ચન જેવા અદ્‌ભૂત કલાકાર જ્યારે પોતાના બ્લોગમાં આ સત્ય લખે છે, ત્યારે તે માત્ર એક અભિનેતાના અંગત ઉદ્‌ગાર નથી રહેતા, પણ તે આપણા સૌની, આધુનિક માનવજાતની સામાજિક અને માનસિક મનોદશાનો અરીસો બની જાય છે.

ગ્રીક પુરાણોમાં 'માયડસ'ની વાર્તામાં રાજા માયડસે સોનાની લાલસામાં વરદાન માંગ્યું કે 'હું જેને અડું તે સોનું થઈ જાય.' દેવતાઓએ તથાસ્તુ કહ્યું. શરૂઆતમાં બધું સોનાનું થતાં રાજા ફૂલા ન સમાયા, પણ થોડી જ ક્ષણોમાં જ્યારે ખાવા માટેની રોટલી અને પીવા માટેનું પાણી પણ સોનાના બનવા લાગ્યા, ત્યારે રાજાની આંખ ખુલી. તેણે રડતા રડતા દેવતાઓને કહ્યું કે હવે આ વરદાન પાછું ખેંચી લો!

અમિતાભ બચ્ચન જે દર્શનની વાત કરે છે તે આધુનિક માયડસ સિન્ડ્રોમ જેવું જ છે.આપણે પ્રભુ પાસે સફળતા, સંપત્તિ, પદ, પ્રતિષ્ઠા, સંબંધો અને ભૌતિક સુખ-સુવિધાઓ માગી માગીને એકત્રિત કરી લઈએ છીએ. શરૂઆતમાં આ બધું મેળવવાનો રોમાંચ અનેરો હોય છે. પરંતુ એક સમય એવો આવે છે જ્યારે ડ્રોઈંગરૂમ મોંઘી ચીજવસ્તુઓથી છલોછલ થઈ જાય છે, બેંક બેલેન્સ વધી જાય છે,ઘેર સિંગ ચણાની જગ્યાએ કાજુ બદામ આવી જાય છે અને સામાજિક જવાબદારીઓનો ડુંગર ઊભો થઈ જાય છે અને મનમાં અશાંતિ ફેલાય છે ત્યારે માણસ આકાશ સામે જોઈને પૂછે છે : 'હે ઈશ્વર, આટલું બધું તો તું આપે જ રાખે છે, પણ હવે આનું કરવું શું?' અને આ બધુ આવવાના કારણે જે બીમારી, પારિવારિક પડકારો,સમાજની ઈર્ષા પણ સાથે ઉમેરાઈ ત્યારે એવું પણ મોં માંથી નીકળી જાય કે 'આના કરતા માપમાં દીધું હોત તો સારુ હતું. ઘણાં તો સંપન્ન થઈ ચૂકેલા લોકો એટલે સુધી કહે છે કે આના કરતા પૈસાની ભીડ હતી, નાના ઘર હતા, ઘરમાં જમીન પર ઊંઘી જતાં હતા ત્યારે સુખી હતા.'

ગળાનો ફાંસો

આ પ્રશ્ન માત્ર ફરિયાદ નથી, પણ માનવ મનની એ અસંતૃપ્તિની પરાકાષ્ઠા છે જે જાણે છે કે તેણે જે માંગ્યું હતું, તે જ તેના ગળાનો ફાંસો બની ગયું છે. કેમ કે સુખ તો કંઈક બીજે જ છે તેવું લાગવા માંડે છે

ફ્રેન્ચ ફિલસૂફ જીન-પૉલ સાર્ત્ર કહે છે કે, 'માણસ સ્વતંત્ર થવા માટે શ્રાપિત છે.' તેવી જ રીતે, આધુનિક માનવી પોતાની મેળવેલી વિપુલતાના બોજ હેઠળ જીવવા માટે શ્રાપિત બની ગયો છે.

'ટુ હેવ' અને 'ટુ બી'


પ્રખ્યાત જર્મન મનોવિજ્ઞાનશાસ્ત્રી અને ફિલસૂફ એરિક ફ્રોમ પોતાના પ્રખ્યાત પુસ્તક 'ટુ હેવ ઓર ટુ બી?' માં આ જ સવાલનો ઊંડો તાગ મેળવે છે.

એરિક ફ્રોમ લખે છે કે આધુનિક સમાજ બે મોડેલ પર ચાલે છે : 'ધ હેવિંગ મોડેલ' (The Having Model) : જેમાં આપણું અસ્તિત્વ આપણે શું ધરાવીએ છીએ તેના પર આધાર રાખે છે - મારી પાસે કેટલું મોટું ઘર છે, કઈ ગાડી છે, કેટલા બેંક ખાતા છે અને કેટલી ખ્યાતિ છે.

'ધ બીઈંગ મોડેલ' (The Being Model) : જેમાં આપણું અસ્તિત્વ આપણે શું અનુભવીએ છીએ, કેટલા જાગ્રત છીએ અને આંતરિક રીતે કેટલા સમૃદ્ધ છીએ તેના પર નિર્ભર છે. જ્યારે અમિતાભ બચ્ચન કહે છે કે ભગવાન આપણને એટલું બધું આપી દે છે કે આપણને સમજાતું નથી કે તેનું કરવું શું, ત્યારે વાસ્તવમાં આપણે 'હેવિંગ' મોડેલના અતિરેકથી પીડાઈ રહ્યા હોઈએ છીએ. આપણી પાસે ભૌતિક ચીજો એટલી બધી ભેગી થઈ જાય છે કે આપણી પાસે તેનો આનંદ માણવાનો સમય નથી હોતો.

માણસની ખુશી

અમેરિકન લેખક હેન્રી ડેવિડ થોરો જ્યારે 'વોલ્ડન'ના જંગલમાં એક સાદી કુટિરમાં રહેવા ગયા, ત્યારે તેમણે લખ્યું હતું : 'માણસની ખુશી તેની પાસે જે વસ્તુઓ છે તેનાથી નહીં, પણ તેને જે વસ્તુઓની જરૂર નથી હોતી તે જાણી લે છે તેનાંથી અનુભવાય છે. પણ આ રીતે જીવવા માટે આત્મવિશ્વાસ જોઈએ. સમાજને બતાવવા જ આપણા જીવનની ઈમારત ઊંચી કરીએ તો દુઃખી થવાય.' થોરો આપણને શીખવે છે કે સાદાઈ એ કોઈ ગરીબી નથી, પણ મનની એ મુક્તિ છે જ્યાં આપણે 'આપણા પર લાદેલા બિનજરૂરી ભાર' થી આઝાદ થઈએ છીએ.



અમિતાભ લખે છે કે 'જ્યારે કંઈ નહોતું ત્યારે ભગવાનને આજીજી કરતો હતો કે 'ભગવાન કંઇક નામ પૂરતું પણ આપ. હવે જ્યારે ભગવાન માંગ્યા કરતા પણ વધુ આપતો જ જાય છે ત્યારે એવી પ્રાર્થના કરું છું કે ભગવાન આ બધાનું કરવું શું'

ઈશાઉપનિષદ્‌ના એક મંત્રનો સાર કંઈક એવો છે કે 'આ જગતમાં જે કંઈ પણ ચરાચર છે, તે ઈશ્વરથી વ્યાપ્ત છે. તેથી તેનો ત્યાગભાવપૂર્વક ઉપભોગ કરો (ભોગવો). કોઈના ધનની લાલસા કે લોભ ન રાખો.'

આ સારનો મર્મ એ છે કે જીવનમાં જે કંઈ પણ મળે તેનો સ્વીકાર કરો, પણ તેના બંધનમાં ન બંધાઓ. જ્યારે ઈશ્વર તમને વિપુલતા આપે છે, ત્યારે જો તમારી પાસે 'ત્યાગ' કે 'વિતરણ'નો ભાવ ન હોય, તો એ વિપુલતા બોજ બની જાય છે.

ઉપનિષદમાં ઉકેલ

જ્યારે અમિતાભજી લખે છે કે 'આટલું બધું આપે છે તો તેનું કરવું શું?', ત્યારે તેનો આધ્યાત્મિક ઉત્તર આ ઉપનિષદમાં છુપાયેલો છે : જે વધુ પડતું છે તેને વહેંચી દો, તેને મુક્ત કરો. જો તમારી પાસે જ્ઞાન છે, તો તેને ફેલાવો, જો સંપત્તિ છે, તો તેને પરોપકારમાં વાપરો, જો સમય કે સ્નેહ છે, તો તેને અન્યના જીવનને પ્રકાશિત કરવામાં ઉપયોગી બનાવો. જ્યારે તમે વસ્તુઓ કે વિચારોને પકડી રાખવાને બદલે વહેતા કરો છો, ત્યારે 'આટલું બધું હોવા છતાં શું કરવું?' એ પ્રશ્ન જ ગાયબ થઈ જાય છે.

આજના આધુનિક શહેરોમાં આ ફિલસૂફી સૌથી વધુ પ્રાસંગિક છે. આપણે મોટાં મકાનો, ગેટેડ સોસાયટીઓ અને ઊંચી ઈમારતો બનાવી દીધી છે. આપણી પાસે ભૌતિક સુખ-સગવડોનો અથાગ ભંડાર છે. દુનિયાભરની માહિતી આપણી આંગળીના ટેરવે (સ્માર્ટફોનમાં) ઉપલબ્ધ છે.

પરંતુ છતાંય, માણસ વધુને વધુ એકલો પડતો જાય છે. મનોવિજ્ઞાનીઓ આને 'એફ્લુએન્સિઆ' (Affluenza) કહે છે - એક એવી સામાજિક બીમારી જ્યાં ભૌતિક સમૃદ્ધિ વ્યક્તિને ખુશી આપવાને બદલે અસંતોષ, ડિપ્રેશન અને ખાલીપો આપે છે.

જવાબદારી સમજો

આપણે એવા યુગમાં જીવીએ છીએ જ્યાં ફ્રિજ ખાધા વગરની વસ્તુઓથી ભરેલા છે, કપડાંથી કબાટ છલકાય છે, અને નોટિફિકેશન્સથી ફોન સતત રણકતો રહે છે. આ બધું હોવા છતાં, જ્યારે રાત્રે અંધારામાં માણસ સૂવા જાય છે, ત્યારે તેને થાય છે કે આ બધું હોવાનો અર્થ શું? આ જ તો અમિતાભજીનો કેન્દ્રવર્તી સૂર છે : 'આટલું બધું આપતો જ રહે છે, પછી ફરિયાદ કરીએ છીએ કે આટલું બધું આપતો જ રહે છે પણ તેનું કરવું શું?'

જીવનમાં દરેક ભેટ પાછળ એક જવાબદારી હોય છે. સત્તા મળે તો તેનો સદુપયોગ કરવાનો વારો આવે છે. પૈસા મળે તો તેનું સંરક્ષણ, વિવેકપૂર્ણ વપરાશ અને સમાજ પ્રત્યેની જવાબદારી સર્જાય છે. પ્રસિદ્ધિ મળે તો લોકોની અપેક્ષાઓ, ટીકા, ગેરસમજ અને નિરંતર નિરીક્ષણ સહન કરવું પડે છે. સંબંધ મળે તો તેને જાળવવા માટે સમય, સહનશીલતા, સંવાદ અને ક્ષમા જરૂરી બને છે. એટલે જ ભગવાન આપતા રહે ત્યારે આપણને સુખ નહીં, પરીક્ષા લાગે છે. કારણ કે આપણે વસ્તુ માંગી હતી, પણ તેની સાથે આવતું જીવન માંગ્યું ન હતું.

ઉદાર બનો

જીવન કોઈ અર્થહીન ઘટના નથી, ઈશ્વર આપણને એક જમાનામાં કેવા ગરીબ હતા અને આજે કેવા સમૃદ્ધ છીએ તે સ્થિતિમાં મૂકે તો સુખી થવાની એક જ ચાવી છે કે આપણે ઉદાર બનતા શીખીએ.યાદ રહે આ વાત માત્ર શ્રીમંતોને જ લાગુ નથી પડતી. જેઓએ પણ વધતી ઓછી પ્રગતિ કરી છે તેઓએ તેમની સ્થિતિ પ્રમાણે ઉદાર બનાવની જરૂર છે. પછી જુઓ કેવો પરમ આનંદ અને સંતોષ પ્રાપ્ત થાય છે. આપવામાં કોઈ ચાલાકી કરવી પડતી નથી પણ ઉદાર નથી બનતા તો કેમ એક એક પૈસો બચાવવો તે જ ગણતરી હંમેશા ચાલતી હોય તો સુખનો એહસાસ પણ ન થાય અને કોઈ સબંધમાં પરસ્પર ઉષ્મા અને સ્નેહનો ગુણાકાર જ ન થાય. વન વે ટ્રાફિક જેવા સબંધોને લીધે ઉદાર અને ઉમદા વ્યક્તિ પણ સ્વાર્થી વ્યક્તિથી દૂર રહેવા રસ્તો બદલે છે., સમયના આ અનંત પ્રવાહમાં માત્ર દોડવાવાળા મુસાફર ન બનીએ, પણ એવા શિલ્પકાર બનીએ જે સમયની સાથે પોતાના જીવનને એક સુંદર આકાર આપી શકે.

જીવનમાં દરેક ભેટ પાછળ એક જવાબદારી હોય છે. સત્તા મળે તો તેનો સદુપયોગ કરવાનો વારો આવે છે. પૈસા મળે તો તેનું સંરક્ષણ, વિવેકપૂર્ણ વપરાશ અને સમાજ પ્રત્યેની જવાબદારી સર્જાય છે

જ્ઞાન પોસ્ટ

આપણે ક્યારેય પૂર્ણ સંતુષ્ટ નથી હોતા. ખાલી હાથ હોય ત્યારે ભરપૂર હાથ માંગીએ છીએ, અને ભરપૂર હાથ હોય ત્યારે તેનું વજન સહન નથી થતું. ■

ઘોર કળિયુગમાં પણ હનુમાનજીનો મહિમા છે ચારેકોર

હોટલાઈન

ભાલચંદ્ર જાની

ગુલાય દુબઈ એરલાઈનના બહાદુર પાયલટ સ્મિતની વાત તો હવે જગમશહૂર થઈ ગઈ છે. તેના કો- પાયલટે સ્મિત પર ઘાતકી હુમલો કરીને પ્લેનને હાઈજેક કરવાનો યા જમીન પર પટકવાનો મનસૂબો ઘડ્યો હતો. આવા સમયે કોઈપણ માનસિક સમતુલા ગુમાવી બેસે. પરંતુ કટોકટીની એ પળોમાં સ્મિતે હનુમાનજીને યાદ કર્યા અને જાણે કે ચમત્કાર થયો. જેમતેમ કોકપીટનો દરવાજો ખોલવામાં સ્મિત સફળ રહ્યા... અને એક ગંભીર દુર્ઘટના ટળી ગઈ.

થોડા દિવસ પૂર્વે ફિલ્મ અભિનેતા ટાઈગર શ્રોફની કાર પર બિશ્નોઈ ગેંગના શાર્પશૂટર્સોએ ધડાધડ ગોળીઓ છોડી, બારીના કાચ તોડી નાંખ્યા. પરંતુ ટાઈગર શ્રોફ પણ આ ખોફનાક હુમલામાંથી આબાદ ઉગરી ગયો. પાછળથી ટાઈગરની માતા આયશા શ્રોફે એવો ખુલાસો કર્યો હતો કે ટાઈગર હનુમાન ભક્ત છે અને તેની કારમાં હંમેશા હનુમાન ચાલીસાની નાની ચોપડી રાખે છે. ચમત્કારની આવી તો ઘણી વાતો પવનપુત્ર હનુમાનજી સાથે સંકળાયેલી છે. જેની વધુ ચર્ચા પછી કરીશું. પણ થોડાં મહિના પૂર્વે મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં બનેલા એક કિસ્સાની વાત કરીએ. આ શહેરમાં સ્થાનિક સુધરાઈ દ્વારા માર્ગ પહોળા કરવાની કામગીરી ચાલતી હતી ત્યારે એક ઠેકાણે માર્ગની બરાબર વચમાં ખડે હનુમાનજીનું નાનું મંદિર હોવાને કારણે કામ ઠપ થઈ ગયું.

આવશ્યક તમામ સરકારી મંજૂરી પ્રાપ્ત કર્યા પછી સુધરાઈ કામદારોએ મંદિર તોડવાની શરૂઆત કરી, પરંતુ જ્યારે વાત મારૂતિની મૂર્તિ ખસેડવાની આવી તો કેમેય કરીને એ મૂર્તિ ખસે જ નહીં. અરે, ક્રેન અને બીજી યંત્ર સામગ્રીનો ઉપયોગ કરી હનુમાનજીને હટાવવાની કોશિશ થઈ તો પણ આ મૂર્તિ ટસ-મસ ન થઈ. તેને કારણે સ્થાનિકોમાં કુતૂહલ વધ્યું, ચારેકોર વાત ફેલાઈ ગઈ. અને દૂર દૂરથી શ્રદ્ધાળુઓ હનુમાનજીનો આ 'ચમત્કાર' જોવા એકઠાં થયા.

આ તાજી ઘટનાઓ પછી હનુમાનદાદાનો પ્રચાર- પ્રભાવ ચારે તરફ વધી રહ્યો છે. ચારે તરફથી સંકટના વાદળો ઘેરાયેલા હોય એવા માહોલમાં લોકોને પોતાના 'તારણહાર' તરીકે 'સંકટમોચન' સાંભરી રહ્યાં છે. વાસ્તવમાં રામાયણકાળના આ અદ્વિતીય રામભક્તની ભક્તિ કે પૂજા-અર્ચના ભારતીય પ્રજા માટે નવી વાત નથી.

આધુનિક સમયમાં વિદેશ નીતિ અને સાંસ્કૃતિક આદાન-પ્રદાનમાં હનુમાનજીને ભારતીય સભ્યતા અને 'સંકટમોચક' તેમજ કુશળ દૂત તરીકે પણ જોવામાં આવે છે.

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામા હમેશાં પોતાની સાથે હનુમાનજીની એક નાનકડી મૂર્તિ રાખે છે અને પોતાની સફળતાનો યશ તેઓ બજરંગબલિને આપે છે. વિશ્વ સમક્ષ જ્યારે આ વાત જાહેર થઈ ત્યારે દુનિયાભરના લોકો, ખાસ કરીને ભારતની પ્રજા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ હતી.

એવું માનવામાં આવે છે કે હનુમાનજીનું સ્મરણ કરવાથી તમામ પીડા અને સંકટો દૂર થાય છે. તેથી જ 'હનુમાન ચાલીસા'નું પઠન દેશભરમાં ઘરે-ઘરે અને લાખો લોકો દ્વારા નિયમિતપણે થાય છે. ભારતમાં મંગળવાર અને શનિવાર હનુમાનજીના પૂજન માટે અત્યંત પવિત્ર માનવામાં આવે છે, જેમાં દેશભરના મંદિરોમાં ભક્તોની ભારી ભીડ જોવા મળે છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં આપણા યુવાનોમાં ખાસ કરીને શહેરમાં વસતાં યુવાવર્ગમાં જિમમાં જઈને બાવડા બનાવવાની ફેશને ઘેલછાનું સ્વરૂપ ધારણ કર્યું છે. આ જિમ ચલાવનારાઓ માટે તેમના ગ્રાહકોને આકર્ષવા હનુમાનજી જેવા બાવડેબાજ કરતાં વધુ આદર્શ પાત્ર બીજું કયું હોઈ શકે? તેથી જ આજે મહાનગરોમાં ચાલતા મોટાભાગના જિમના પ્રવેશદ્વાર પર બજરંગબલિની આકર્ષક મૂર્તિ અચૂક જોવા મળે.

જિમમાં જઈને શરીરને કસવાની ફેશન શહેરોમાં ભલે છેલ્લાં થોડા સમયમાં પ્રસરી હોય, પણ આપણે ત્યાં અખાડાઓની પ્રથા સેંકડો વર્ષ પુરાણી છે. વારાણસી તો જાણે કે અખાડાઓનું ગઢ ગણાય છે અને મોટાભાગના અખાડાઓનું નામ 'હનુમાન વ્યાયામશાળા' જ જોવા મળે છે. એકલા વારાણસીમાં જ આવી ૫૦૦ જેટલી 'હનુમાન વ્યાયામશાળા' છે. આ અખાડામાં પહેલવાનો કુસ્તીમાં ઉતરવાથી પહેલા હનુમાનને પ્રણામ કરે છે. આ અખાડાઓ બજરંગબલિના ત્રણ સૂત્રોને અનુસરે છે, શક્તિ, ભક્તિ અને બ્રહ્મચર્ય. સારા પહેલવાન બનવા માટેના આ સોનેરી સૂત્રો છે.

સંકટમોચન ભક્તોમાં સેલિબ્રિટીઓનો પણ તોટો નથી. દાયકા પૂર્વેની મિસ વર્લ્ડ સૌંદર્યસ્પર્ધાની ફર્સ્ટ રનર અપ ભારતની પાર્વતી ઓમનાકુટ્ટમ કહે છે કે હું દ્રઢપણે માનું છું કે હનુમાન આપણને ગમે તેટલી મોટી મુશ્કેલીમાંથી બચાવી શકે છે. પાર્વતી રોજ તેના દિવસનો આરંભ હનુમાન ચાલીસાના પાઠથી કરે છે.

તાજેતરમાં જ રણબીર કપૂરે 'કૌન બનેગા કરોડપતિ'ના સેટ પર એવો ખુલાસો કર્યો હતો કે 'મારી બેટી રાહાનો જન્મ થયો ત્યારથી એક પણ દિવસ એવો પસાર નથી થયો જ્યારે અમે હનુમાન ચાલીસાનું શ્રવણ ન કર્યું હોય.

દક્ષિણ ભારતના સુપરસ્ટાર તેલુગુ અભિનેતા ચિરંજીવીનો કિસ્સો પણ રસપ્રદ છે. તેનું અસલી નામ છે કોનીડાલા શિવશંકર બરાપ્રસાદ. કલાકાર તરીકે એ ખ્યાતિ પામ્યો તે પૂર્વે એક રાતે તેને સપનામાં હનુમાનજી દેખાયા અને તેને ચિરંજીવી કહીને સંબોધ્યો. બસ એ દિવસથી કોનિડાલાએ માતાની સલાહને અનુસરી પોતાનું નામ બદલી ચિરંજીવી રાખ્યું. ત્યારબાદ તો એ સુપરસ્ટાર પણ બની ગયો અને હવે તો રાજકારણમાં પણ ઝંપલાવ્યું છે. બજરંગબલિનું નામ લઈને!



સંકટ સમયમાં સૌને સાંભરે છે શક્તિ-ભક્તિ, બુદ્ધિ-જ્ઞાનના ભંડાર સમા સંકટમોચન

ગઝલગાયક પંકજ ઉધાસ પણ વારંવાર કહેતા કે આજે આપણને મારૂતિની જેટલી જરૂર જણાઈ રહી છે એટલી કદાચ અગાઉ ક્યારેય નથી જણાઈ. ૨૬/૧૧ના મુંબઈ પર થયેલા આતંકવાદી હુમલા પછી તેમણે હનુમાન ચાલીસાની સીડી રજૂ કરી હતી.

હનુમાન ચાલીસાની એનિમેશન ફિલ્મો તેમ જ ટચુકડા પડદે આવતી 'રામાયણ' સિરિયલમાં ભજવાતા હનુમાનના પાત્રએ મારૂતિને બાળકોમાં પણ પ્રિય બનાવી દીધાં છે. ચારપાંચ વર્ષના ભૂલકાંઓને તો તેમની ગદા જ સૌથી વહાલી લાગે છે. તેથી જ કોઈપણ શાળામાં વેશભૂષા હરિફાઈ હોય ત્યારે એકાદ-બે બાળકો હનુમાનજીની વેશભૂષામાં અચૂક નજરે પડે.

ગોસ્વામી તુલસીદાસજી રચિત રામચરિત માનસનું એક મહત્વનું પ્રકરણ છે સુંદર કાંડ. રામ ચરિત માનસમાં સાત ખંડ છે. બાલ કાંડ, અયોધ્યા કાંડ, અરણ્યકાંડ કિષ્કિંધા કાંડ, સુંદર કાંડ, લંકા કાંડ અને ઉત્તર કાંડ. કથાકારો એમ કહે છે કે સુંદર કાંડ એ રામાયણનું હૃદય છે. હનુમાનની પરાક્રમગાથા અને ચરિત્રકથા છે.

હવે તો અનેક ઠેકાણે બજરંગબલિની વિરાટ પ્રતિમાઓ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બની છે. દિલ્હીના પુસા રોડ પર મારૂતિની ૧૦૮ ફૂટ ઊંચી પ્રતિમા છે. જ્યારે ઓરિસ્સાના રૂરકેલામાં આવેલી પવનસુતની ૭૫ ફૂટ ઊંચી મૂર્તિ ધરાવતો વિસ્તાર હનુમાન વાટિકા તરીકે ઓળખાય છે. પંજાબના ફિલ્લોરમાં ૬૭ ફૂટ ઊંચા સંકટમોચનના દર્શન થાય છે. તેવી જ રીતે તામિલનાડુમાં પંચમુખી હનુમાનની ૪૦ ફૂટ ઊંચી પ્રતિમા એક અત્યંત લોકપ્રિય અને શક્તિશાળી નાયક તરીકે પૂજાય છે. થાઈ મંદિરોમાં તેમની ભવ્ય મૂર્તિઓ જોવા મળે છે. ઈન્ડોનેશિયાના બાલી ટાપુ પર હનુમાનજીને ભક્તિ, નિષ્ઠા અને વીરતાના પ્રતીક તરીકે પૂજવામાં આવે છે અને ત્યાં રામાયણ આધારિત નૃત્ય-નાટિકાઓમાં તેમનું પાત્ર મુખ્ય રહે છે. અમદાવાદના આર્મી કેન્ટોનમેન્ટ વિસ્તારમાં આવેલું કેમ્પ હનુમાન તરીકે જાણીતું હનુમાન મંદિર છે. એવી જ રીતે રાજકોટથી આશરે ૧૩૫ કિલોમીટર દૂર આવેલું સાળંગપુર હનુમાન મંદિર આશરે ૧૮૦ વર્ષ જૂનું છે. હનુમાનજીના બીજા કોઈ મંદિર કરતા અયોધ્યામાં આવેલા હનુમાનગઢીના મંદિરનો મહિમા વિશેષ છે. કહેવાય છે કે રામના રાજ્યાભિષેક પછી બીજા વાનરો ચાલ્યા ગયા પણ હનુમાન અયોધ્યામાં જ રહ્યા હતા. સાકેતગમનના સમયે પ્રસ્થાન કરતી વેળા રામે અયોધ્યાવાસીઓની રક્ષા કાજે હનુમાનને એ જ નગરીમાં રહી જવા કહ્યું ત્યારે હનુમાને રામને પ્રણામ કરી નતમસ્તકે આજ્ઞાનો આદર કરતાં કહ્યું કે જ્યાં સુધી આપની પાવનકથા ધરતી પર રહેશે ત્યાં સુધી હું અયોધ્યા છોડીશ નહીં.

ખૂબ જ જોખી જોખીને બોલનારા આપણા વિદેશ પ્રધાન જયશંકરે હમણાં એક પ્રસંગે એવું નિવેદન કર્યું હતું કે હનુમાનજી તો ભગવાન કૃષ્ણના જેવા જ ચતુર 'ડિપ્લોમેટ' ગણાય. અમેરિકા ખાતેના ભારતના ભૂતપૂર્વ રાજદુત ટી.પી. શ્રીનિવાસને 'ડિપ્લોમસી'ને લગતો તેમના એક પુસ્તકના કવરપેજ પર હનુમાનને યુનોના હેડક્વોટર પર ઉડતા દેખાડ્યા છે.

જીવનમાં દિર્ઘદ્રષ્ટિ, દ્રઢ મનોબળ અને સફળતાનું નામ જ હનુમાનજી છે. રામચરિત માનસમાં બે પ્રસંગે ભગવાન રામ કહે છે કે લક્ષ્મણ અને ભરત કરતા પણ મને હનુમાન વધુ પ્રિય છે. કદાચ એટલે જ સાંપ્રત કાળમાં હનુમાનના ભક્તો ખૂબ વધી પડ્યા છે. શનિવારે હનુમાનજીને તેલ ચઢાવવાનો મહિમા અનેરો છે. જેને મંદિર જવાની પણ ફુરસદ ન મળતી હોય તેવા અનેક લોકો સવારે ટ્રેન કે બસમાં હનુમાન ચાલીસા વાંચતા નજરે પડે છે.

અત્યારે વિશ્વમાં ઠેર ઠેર ચાલી રહેલા યુદ્ધનો ખોફ અને આતંકના વાતાવરણમાંથી મુક્તિ મેળવવાનો શ્રેષ્ઠ રસ્તો છે હનુમાન ચાલીસાનું નિયમિત પઠન. એવું જણાવતાં એક પ્રખર કથાકાર કહે છે કે હનુમાનનું સ્મરણ કરવાથી શનિની બલા ટળે છે. ભૂત-પ્રેતનો ડર રહેતો નથી અને મનને શાંતિ મળે છે.

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામા હમેશાં પોતાની સાથે હનુમાનજીની એક નાનકડી મૂર્તિ રાખે છે અને પોતાની સફળતાનો યશ તેઓ બજરંગબલિને આપે છે



હોર્મુઝમાં રોજેરોજ હોમાતી જીવસૃષ્ટિ!

પારિજાતનો પરિસંવાદ

ડૉ. કુમારપાળ દેસાઈ

છેક ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલનાં લશ્કરી હુમલાઓ સાથે યુદ્ધનો પ્રારંભ થયો. એના વળતા પ્રતિકાર રૂપે વિશ્વનાં ઓઈલ અને પ્રવાહી કુદરતી પરિવહન માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવતી હોર્મુઝની સામુદ્રધુનીને બંધ કરી દીધી અને આજ સુધી ઈરાન અને અમેરિકાની હોર્મુઝ ખોલવા અંગેની વાટાઘાટો હાલકડોલક ચાલી રહી છે. નજીકના ભવિષ્યમાં એના અંતની કોઈ આશા નથી. આવે સમયે ભયાનક શસ્ત્રોનો પ્રહાર, લોહી નીગળતું માનવજીવન અને અર્થકારણમાં આવનારી ઓટ અંગે જગત આખું ઘણી ચિંતા સેવે છે, પરંતુ આટલા મહિનાઓથી યુદ્ધની પારાવાર અસર અનુભવતા હોર્મુઝની સામુદ્રધુનીમાં વસતી જીવસૃષ્ટિની કઈ હાલત થતી હશે એને વિશે ભાગ્યે જ કશી જાગૃતિ જોવા મળે છે.

યુદ્ધઘેલી માનવજાત દરિયાના પેટાળમાં વસતી જીવસૃષ્ટિને તબાહ કરી રહી છે, પણ એને ખુદને એના ભયસ્થાનોની બહુ ઓછી કલ્પના છે. દુનિયાની સૌથી મહત્ત્વની સામુદ્રધુનીઓમાંથી એક 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' એક તરફ ઈરાન અને બીજી તરફ ઓમાન તથા સંયુક્ત આરબ અમિરાતનો દરિયાઈ વિસ્તાર ધરાવે છે. એનું મહત્ત્વ આંતરરાષ્ટ્રીય તેલ વેપાર માટે તો છે જ, પરંતુ એથીયે વિશેષ આ સામુદ્રધુની સાથે પરવાળાના ખડકો, મેન્ગ્રોવનાં જંગલો, ડોલ્ફિન, દરિયાઈ કાચબા, દરિયાઈ ઘાસનાં મેદાનો અને ડ્યુગોંગ જેવા દુર્લભ જીવોનું અસ્તિત્વ જોડાયેલું છે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝનું પાણી છીછરું, ગરમ અને ખારાશવાળું છે અને ઉનાળામાં એનું તાપમાન ખૂબ વધી જાય છે. આવી પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરીને દરિયાઈ પ્રજાતિઓ હોર્મુઝના પેટાળમાં જીવતી હોય છે. એમાં અનેક માછલીઓ, દરિયાઈ જીવજંતુઓ અને અન્ય પ્રજાતિઓનાં નિવાસસ્થાન જેવા એમાં પરવાળાનાં ખડકો છે. તો દરિયાઈ કાચબા અને ડ્યુગોંગ માટે ખોરાકના મહત્ત્વનાં સ્ત્રોત સમું દરિયાઈ ઘાસ અહીં ઊગે છે. આ ડ્યુગોંગ એ દરિયાઈ ઘાસ ખાનારું દુર્લભ સસ્તન પ્રાણી છે, જેને ઘણી વાર દરિયાઈ ગાય પણ કહેવામાં આવે છે. એના મેન્ગ્રોવ જંગલો માછલીઓ, કરચલા, પક્ષીઓ અને અન્ય જીવો માટે પ્રજનનનું અને આશ્રયનું સ્થાન છે. અહીં દરિયાઈ કાચબા અને ડોલ્ફિન પણ સારા પ્રમાણમાં જોવા મળે છે.

યુદ્ધ દરમિયાન માત્ર તેલનાં લીકેજની જ નહીં, બલ્કે બીજી ઘણી બાબતમાં પર્યાવરણીય અસર થતી હોય છે. ધ્વનિ પરિવર્તન થાય છે, દરિયાઈ જીવોને ઈજા થાય છે...

મહત્ત્વની બાબત એ છે કે પોતાના નિવાસસ્થાનની સાથે આ દરિયાઈ જીવોનાં આહારની સાંકળ ગોઠવાયેલી હોય છે. પરિણામે એક જગ્યાએ થતું પ્રદૂષણ સમગ્ર પર્યાવરણ પર અસર કરે છે. હોર્મુઝ સામુદ્રધુનીમાં કેટલાંક તેલવાહન ટેન્કરો પર આક્રમણ થાય છે. ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદકો લઈ જતા આ ટેન્કરોને દુશ્મનો દ્વારા જળસમાધિ આપવામાં આવે છે, ત્યારે આ દરિયાઈ જીવસૃષ્ટિ પર ઘાતક અસર થતી હોય છે.

૨૦૨૬ની ત્રીજી ઓગસ્ટના દિવસે હોર્મુઝની સામુદ્રધુની નજીક ઓમાનના દરિયાઈ વિસ્તારમાંથી પસાર થઈ રહેલા લાઈબેરિયાના માલવાહક જહાજને યુદ્ધના હુમલામાં નુકસાન થયું અને એ જહાજમાંથી નીકળેલું બળતણ અને તેલ દરિયામાં ફેલાઈને છેક દરિયાકાંઠા સુધી પહોંચી ગયું. વિશ્વની સૌથી વ્યસ્ત એવો તેલવહન કરતી હોર્મુઝની સામુદ્રધુની પર હુમલાઓ થતા દરિયામાં તેલનું પાણી ફેલાય છે અને એ તેલ પાણીની



દરિયાઈ ઘાસનાં વિકાસ પર પણ પ્રતિકૂળ અસર થાય છે. એથીયે વિશેષ સપાટી પર રહેલા તેલનો કેટલોક ભાગ કિનારાનાં કાદવમાં અથવા તો દરિયાનાં તળિયે જમા થઈ જાય છે, જે લાંબા સમય સુધી રહેતો હોવાથી ઘણું મોટું નુકસાન કરે છે.

આ વિસ્તારમાં હોક્સબિલ કાચબાના માળા બાંધવાના વિસ્તારો પણ આવેલા છે. અહીં તેલ પ્રદૂષણ થાય, ત્યારે કાચબાનાં ઈંડા, એમના બચ્ચાં અને એમના નિવાસસ્થાન પર જોખમ ઊભું થાય છે. વળી આ તેલ જ્યારે દરિયાઈ જંગલનાં મૂળિયાંમાં અથવા તો કાદવમાં ચોંટી જાય છે, ત્યારે તો ઘણી મોટી હાનિ થતી હોય છે. પક્ષીઓ અને અન્ય જીવોનાં ખોરાકની ઉપલબ્ધતા ઘટી જાય છે. નાની માછલીઓ અને કરચલાંનાં પ્રજનન ક્ષેત્રો દૂષિત થાય છે અને વૃક્ષોનાં મૂળિયા દ્વારા ઓક્સિજનનું શોષણ ખોરવાઈ જાય છે. આ રીતે કાદવમાં તેલ લાંબા સમય સુધી રહેવાથી પણ ઘણું નુકસાન થાય છે.

આને માટે દરિયાકિનારા પર સફાઈ કામગીરી કરવી પડે છે અને કેશ્મના દરિયાકનારે થયેલી કામગીરીમાં તો ઘણી સંસ્થાઓએ સાથે મળીને ઠેર ઠેર પ્રસરેલું તેલ એકત્ર કરવાનું કામ કર્યું હતું. એમાં પણ પરવાળાનાં ખડકોને જે નુકસાન થાય છે તે ઘણું મોટું ગણાય, કારણ અસંખ્ય દરિયાઈ જીવોને પરવાળાનાં ખડકો આશ્રય આપતા હોય છે. ખુદ હોર્મુઝની આસપાસ પણ સેંગમ અને કેશ ટાપુઓ પાસે આવા પરવાળાનાં ખડકો આવેલાં છે. એના પર તેલ કે રસાયણ આવતા એની સૂક્ષ્મ શેવાળને નુકસાન પહોંચે છે અને એમાં વિસ્ફોટ થતા એ ખડકોને ભૌતિક રીતે નુકસાન થાય છે અને પરવાળાંની સ્થિતિ બગડે તો માછલીઓ અને અન્ય જીવોનાં નિવાસસ્થાન પર પણ અસર થાય છે. હોર્મુઝ ખાડીમાં ડ્યુગોંગ અને દરિયાઈ કાચબા જેવી મહત્ત્વની પ્રજાતિઓ વસે છે. આમાં ડ્યુગોંગની પ્રજનન પ્રક્રિયા ધીમી થઈ જાય છે અને સામાન્ય રીતે એક સમયે એક બચ્ચાંને જ ડ્યુગોંગ જન્મ આપે છે, તેથી એની વસ્તીમાં પણ ઘટાડો થતો રહે છે.

દરિયાઈ જહાજોની અવરજવરથી આ જીવોનાં વર્તનમાં ફેરફાર થાય છે અને ખોરાકની ભારે અછત ઊભી થઈ છે. દરિયાઈ ઘાસનાં મેદાનોને નુકસાન થાય છે, તો વળી લીલા દરિયાઈ કાચબાને તેલને કારણે એમની ત્વચા અને આંખને નુકસાન થાય છે, એમનો ખોરાક પ્રદૂષિત બને છે અને એમની ઈંડા મુકવાની જગાઓ પણ તેલ અને અન્ય કચરાને કારણે જોખમમાં આવે છે.

યુદ્ધમાં સતત વિસ્ફોટ થતા રહે છે અને આવો વિસ્ફોટ એ ખાસ કરીને ડોલ્ફિન અને વ્હેલ જેવા પ્રાણીઓને વિશેષ પરેશાન કરે છે, કારણ કે તેઓ અવાજના માધ્યમથી એકબીજા સાથે સંવાદ કરે છે, ખોરાક શોધે છે અને દિશાઓ નક્કી કરે છે. વિસ્ફોટોને કારણે અવાજ સંભળાતો નથી. આ ઉપરાંત ઉચ્ચ તીવ્રતા ધરાવતો અવાજ કેટલીક પ્રજાતિઓને સાંભળવામાં તકલીફ અને શારીરિક રીતે નુકસાનકારક પણ બને છે.

આપણે સમાચાર વાંચીએ કે હોર્મુઝમાં એક જહાજ ડુબાડી દેવામાં આવ્યું કે બોમ્બવિસ્ફોટથી જહાજ જળશરણ થઈ ગયું, પરંતુ એક જહાજ ડૂબે છે એની સાથે કેટલું બધું નુકસાન થાય છે, એનો અંદાજ મેળવવો મુશ્કેલ છે. સૌપ્રથમ તો જહાજનો માલસામાન, પ્લાસ્ટિક, ડિઝલ, લુબ્રિકેટિંગ ઓઈલ, બેટરી, અન્ય રસાયણો એ દરિયામાં વહેતા થઈ જાય છે.

વળી પર્શિયન ગલ્ફના દેશોમાં પીવાના પાણીને શુદ્ધ કરવાની જે પ્રક્રિયા ચાલે છે, તેમાં આવી પરિસ્થિતિ વધુ જોખમી બને છે. દરિયામાં તેલ અને રસાયણો ફેલાય તો આવા પ્લાન્ટમાં પાણી લેવાની પ્રક્રિયા ખોરવાઈ જાય છે અને તેની બેવડી અસર થાય છે. એક તો લોકોને પીવાના પાણીની અછતનો સામનો કરવો પડે છે અને બીજું દરિયાઈ પાણીની ગુણવત્તા બગડે તો એને શુદ્ધ કરવાની પ્રક્રિયામાં વધુ રસાયણો અને ઊર્જાની જરૂર પડે છે.

આજની આ પરિસ્થિતિ અંગે ભૂતકાળમાં નજર કરીએ તો ૧૯૯૧માં ઈરાક અને કુવૈત વચ્ચે યુદ્ધ થયું હતું. આ યુદ્ધ સમયે મોટા પ્રમાણમાં તેલનું પ્રદૂષણ થયું હતું. લગભગ સિત્તેર લાખ બેરલ જેટલું ક્રૂડ ઓઈલ દરિયામાં છોડવામાં આવ્યું હતું અને એનો મોટો જથ્થો કુવૈત અને સાઉદી અરેબિયાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ફેલાયેલો હતો. આને કારણે દરિયાઈ પક્ષી અને જીવોને નુકસાન થયું. દરિયાના કિનારાના વિસ્તારો તેલથી દૂષિત થયા અને એવી સઘળી મુશ્કેલીઓ જોવા મળી.

આમ યુદ્ધ દરમિયાન માત્ર તેલનાં લીકેજની જ નહીં, બલ્કે બીજી ઘણી બાબતમાં પર્યાવરણીય અસર થતી હોય છે. ધ્વનિ પરિવર્તન થાય છે, દરિયાઈ જીવોને ઈજા થાય છે, એમની જીવનપદ્ધતિ પર આઘાત થાય છે, ડૂબેલાં જહાજો, ધાતુનાં ટુકડા, દારૂગોળો અને અન્ય કાટમાળ દરિયાનાં તળિયે જમા થતા ઘણાં દરિયાઈ જીવોનાં કુદરતી આવાસને નુકસાન થાય છે.

જેમ યુદ્ધને કોઈ સરહદ હોતી નથી એ જ રીતે આ પ્રકારના પ્રદૂષણને કોઈ સીમા હોતી નથી. માત્ર યુદ્ધ માનવજાત વચ્ચેનું છે અને ભોગ સમગ્ર જીવસૃષ્ટિ બને છે!

ક્ષણનો સાક્ષાત્કાર

નેગેટિવ વિચાર કરનારા લોકોએ મનને લાગેલી ઉધઈ સાથે જીવતા હોય છે. નકારાત્મક વિચારોથી એ વ્યક્તિ પોતાના મનને દૂષિત કરતા રહે છે. વળી જેમ જેમ વધુને વધુ નેગેટિવિટી એટલે કે નકારાત્મકતાથી વિચાર કરશે, તેમ તેમ એની વિચારસૃષ્ટિ સાવ બોદી બની જશે. વળી આપણી સામાજિક વ્યવસ્થા અને દોષદેખા લોકોનું વલણ પણ એવું હોય છે કે એ મનમાં લાગેલી ઉધઈને સતત આગળ વધવાનો રસ્તો આપશે. કોઈની પ્રશંસા કરવી એ ઘણી વ્યક્તિઓનાં લોહીમાં જ હોતું નથી. સજ્જન વ્યક્તિની દુર્જનતા શોધવાની એમની પાસે આગવી ઈન્ટેલિજન્સ(AI) હોય છે. એ પછી એની દુર્જનતાની સતત ટીકા કરશે. વળી કોઈનીય નિંદા કરતી વખતે એ વ્યક્તિનું મન ઉછાળા મારીને નવું જોમ અનુભવતું હોય છે. ગુડઝટ્રેન અને મેલટ્રેનનો ભેદ તમે જાણો છો. ગુડઝટ્રેન ધીમે ધીમે ચાલે, ચોપાસ ખડખડાટ કરતી જાય અને એમાં ડબ્બા પણ ઘણા વધુ લગાડેલાં હોય. જ્યારે મેલ ટ્રેનમાં ઓછા ડબ્બાં અને વધુ ઝડપ હોય છે. નિંદા એ ગુડઝ ટ્રેન જેવી છે. એ ધીમે ધીમે લાંબા સમય સુધી ચાલે છે. જ્યારે પ્રશંસા સમયની સીમામાં બંધાયેલી હોય છે.

નિંદાનો છેડો જડવો મુશ્કેલ હોય છે. આથી ઋષિ વાલ્મિકીના રામાયણમાં સઘળાં પાત્રો મૃત્યુ પામે છે, પણ મંથરા ક્યાંય મૃત્યુ પામતી નથી. એ વિચારીએ કે આપણા સમાજમાં રહેલી મંથરાની મતિ ક્યારે સુધરશે? આ મંથરા સાથે મહત્ત્વાકાંક્ષા જોડાયેલી હોય છે અને એ પણ કેવી મહત્ત્વાકાંક્ષા? રામનો રાજ્યાભિષેક થવાનો હોવાથી અયોધ્યાનગરીના મહેલ પર દીવાઓ સળગતા હતા એ દીવાઓ મંથરાના હૃદયને સળગાવે છે. આમ જે નકારાત્મકતાને જુએ છે, એ હંમેશા બીજાની નિંદા કરે છે, પણ એ એમ વિચારતા નથી કે આમ કરવા જતા એ પોતાના ચિત્તને દૂષિત કરી નાખે છે.

ઓલિમ્પિક ચેમ્પિયન ક્રિસ્ટી કોવેન્ટ્રીની ઓલિમ્પિક મુવમેન્ટના પ્રમુખ સુધીની સફર

Sports ફન્ડા

રામકૃષ્ણ પંડિત

અનુભવથી મોટો શિક્ષક કોઈ નથી અને જ્યારે કોઈ વ્યક્તિ પાયા થી લઈને શિખર સુધીની ઊંચાઈએ પહોંચે છે, ત્યારે તેને તમામ પ્રકારની સમસ્યાઓ અને પડકારોનો સીધો અનુભવ થાય છે. આ જ કારણે તે પોતાના અનુભવ થકી એવી નીતિઓ ઘડવામાં કે સમાધાન લાવવામાં અન્યો કરતાં વધુ અસરકારક સાબિત થઈ શકે છે. આ જ કારણે છેલ્લા કેટલાક સમયથી રમત સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દાઓ, જે તે રમતના ખેલાડીઓને સોંપવામાં આવે છે. જેથી યુવા ખેલાડીઓની મુશ્કેલીઓ ઘટાડીને તેમની આગેકૂચની રાહ આસાન બનાવી શકાય. આવા જ આશયથી આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના વડા તરીકે ઝિમ્બાબ્વેના ભૂતપૂર્વ ઓલિમ્પિયન સ્વિમર ક્રિસ્ટી કોવેન્ટ્રીને સત્તા સોંપવામાં આવી છે.

વિશ્વના તમામ રમતોના સંગઠનોના વડા તરીકેનું સ્થાન આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિને સ્વાભાવિક રીતે જ મળે છે. આ સમિતિ જ દર ચાર વર્ષે અનુક્રમે શિયાળુ અને ઉનાળું ઓલિમ્પિકનું આયોજન કરે છે. ઓલિમ્પિક એ માત્ર સ્પર્ધા કે ટુર્નામેન્ટ જ નથી, તેનો મુખ્ય ઉદ્દેશ્ય તો વિશ્વની તમામ સંસ્કૃતિઓ, વિચારધારાઓ અને વૈવિધ્યસભર પરંપરા ધરાવતા શ્રેષ્ઠ ખેલાડીઓને એક મંચ પર લાવવા અને તેમની વચ્ચે રમત થકી મૈત્રીનો સેતુ સ્થપાય તેવો પ્રયાસ કરવો. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ અન્ય તમામ રમત સંસ્થાઓ માટે એક આદર્શ માળખાની સ્થાપના કરે છે, જેનું અનુસરણ અન્યોએ કરવાનું હોય છે. ઝિમ્બાબ્વેના ૪૩ વર્ષના ક્રિસ્ટી કોવેન્ટ્રીએ હજુ એકાદ વર્ષથી જ આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના વડા તરીકેની જવાબદારી સંભાળી છે અને તેમની સામે ઘણા મોટા પડકારો છે.

ક્રિસ્ટી આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના સૌપ્રથમ મહિલા પ્રમુખ હોવાની સાથે સાથે ઓલિમ્પિક ચંદ્રક વિજેતા પણ છે. ઝિમ્બાબ્વેની રાજધાનીમાં વસતા એક શ્વેત સંપન્ન પરિવારમાં જન્મેલા ક્રિસ્ટી કોવેન્ટ્રી વિવિધ રમતોમાં ભાગ લેતી અને પરિવારની સાથે સ્વિમિંગ પણ કરતી. તેના પિતા રોબર્ટ એડવિડનો બિઝનેસ ઘણો મોટો હતો અને તેની માતા લિન પણ તેમને મદદ કરતી. ઝિમ્બાબ્વેમાં વસતા આ હાઈપ્રોફાઈલ પરિવાર પર રાજકીય પડકારો કે મુશ્કેલ પરિસ્થિતિની ખાસ અસર થઈ નહતી. ક્રિસ્ટીને હરારેમાં જ આવેલી ઓલ ગર્લ્સ કેથોલિક સ્કૂલ ડોમિનિક કોવેન્ટમાં અભ્યાસ માટે મુકવામાં આવી હતી.

શાળામાં અભ્યાસ દરમિયાન જ તેણે સ્વિમિંગમાં વધુને વધુ રસ લેવા માંડ્યો અને માત્ર ૧૭ વર્ષની ઉંમરે જ તેણે ૨૦૦૦ના સીડની ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરી લીધું. તેણે ૧૦૦ મીટર બેકસ્ટ્રોક અને ૨૦૦ મીટર ઈન્ડિવિડ્યુઅલ મેડલી જેવી સ્પર્ધાઓમાં ઓલિમ્પિકમાં સેમિ ફાઈનલ સુધીની સફર ખેડતાં આફ્રિકન રેકોર્ડ પણ નોંધાવ્યો હતો. કોવેન્ટ્રીએ કારકિર્દીનો સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય ચંદ્રક ૨૦૦૨ની માંચેસ્ટર કોમનવેલ્થ ગેમ્સમાં ૨૦૦ મીટર ઈન્ડિવિડ્યુઅલ મેડલી રેસમાં સુવર્ણ સફળતા સાથે હાંસલ કર્યો.



કોમનવેલ્થ ગેમ્સની સફળતાના પગલે ક્રિસ્ટીને રાષ્ટ્રીય સ્તરે આગવી ઓળખ મળી. તે સમયે ઝિમ્બાબ્વેમાં વિવાદિત રોબર્ટ મુગાબેની સરકાર હતી અને ક્રિસ્ટીનો પરિવારના સંબંધો સત્તાધીશોની સાથે ઘણા સારા હતા. ક્રિસ્ટીએ આ પછી ૨૦૦૪ના એથેન્સ અને ૨૦૦૮ના બેઈજિંગ ઓલિમ્પિકમાં બે સુવર્ણની સાથે ચાર રજત અને એક કાંસ્ય ચંદ્રક જીતવામાં સફળતા મેળવી હતી. આ ઉપરાંત તેણે વર્લ્ડ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં પણ શોર્ટ અને લોંગ કોર્સમાં કુલ મળીને ૧૪ ચંદ્રકો હાંસલ કર્યા, જેમાંથી સાત સુવર્ણ હતા. જ્યારે આફ્રિકન ગેમ્સમાં ક્રિસ્ટીએ નવ વર્ષ સુધી તેનો દબદબો જાળવતા ૧૪ સુવર્ણચંદ્રકની સાથે કુલ ૨૨ ચંદ્રકો જીતવામાં સફળતા મેળવી હતી. જોકે, આ દરમિયાન ઝિમ્બાબ્વે સહિત આંતરરાષ્ટ્રીય સફળતાઓએ તેની આગવી ઓળખ પણ અપાવી હતી. સ્વિમિંગ કારકિર્દી પર પૂર્ણવિરામ મૂક્યા બાદ ૨૦૧૮માં ઈમરસન મ્નાન્ગાગ્વાની સરકારમાં ખેલ મંત્રી તરીકેની જવાબદારી સંભાળી. ઈમરસનનો વિખેરીને વચગાળાની સમિતિને કાર્યભાર સોંપી દીધો. આ તબક્કે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક કમિટિએ ઝિમ્બાબ્વેના ક્રિકેટ બોર્ડને સસ્પેન્ડ કરી દીધું. આખરે ક્રિસ્ટીએ બિનશરતી આઈસીસીના માપદંડોને અપનાવ્યા ત્યારે ઝિમ્બાબ્વે ક્રિકેટ પરનો પ્રતિબંધ દૂર કરવામાં આવ્યો હતો. ઝિમ્બાબ્વેના કથિત ગોલ્ડ માફિયાના વડા સાથેના તેના અંતરંગ સંબંધો પણ ખાસ્સા ચર્ચામાં રહ્યા હતા.

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ(આઈઓસી)ના વર્ષ ૨૦૧૨ એથ્લીટ્સ કમિશનમાં પ્રવેશ મેળવનારી ક્રિસ્ટી પર અગમ્ય કારણોસર આઈઓસીના તત્કાલીન પ્રમુખ થોમસ બાચના ચાર હાથ રહ્યા છે. બાચે જ ક્રિસ્ટીના નામને ૨૦૧૮માં પણ નોમિનેટ કર્યું હતુ અને આ કારણે તે એથ્લીટ્સ કમિશનની ચેરમેન પણ બની ગઈ હતી. આ દરમિયાન જ તેને ઝિમ્બાબ્વેની ઓલિમ્પિક સમિતિમાં પણ મહત્વનું સ્થાન મળ્યું હતુ. આઈઓસીએ આ દરમિયાન રશિયા પર એન્ટી ડોપિંગના નિયમોના સુઆયોજીત ભંગ બદલ મુકેલા પ્રતિબંધને ક્રિસ્ટી કોવેન્ટ્રીએ સમર્થન આપ્યું. કોરોના કારણે ૨૦૨૧માં યોજાયેલા ટોકિયો ઓલિમ્પિક બાદ તેણે એથ્લીટ્સ કમિશનમાંથી રાજીનામું આપી દીધું, પણ આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિમાં ટકી રહે તે માટે થોમસ બાચે તેને વ્યક્તિગત સભ્યનું પદ આપવાનો નિર્ણય લીધો અને તેને ઓલિમ્પિક સમિતિએ સમર્થન પણ આપ્યું.

ક્રિસ્ટી પર રાજકારણ ખેલવાના અને ઉચ્ચ હોદ્દેદારો અને સત્તાધીશોને ખુશ રાખવા માટે નિયમોમાં ફેરફાર કરવાનો પણ આરોપ મૂકાઈ ચૂક્યો છે. વર્ષ ૨૦૨૪માં પેરિસ ઓલિમ્પિક માટેની ઝિમ્બાબ્વેની ટીમની પસંદગી ક્રિસ્ટીની આગેવાની હેઠળના સત્તામંડળે કરી જેમાં કુલ ૭૪ સભ્યોની પસંદગી કરી હતી. જોકે આ ૭૪ માંથી ખેલાડી તો માત્ર ૧૦ જ હતા. આમ, પ્રજાના ખર્ચે રાજકારણીઓ અને તેમના સગા-સંબંધીઓને પેરિસની યાત્રા કરાવવાનો આરોપ ક્રિસ્ટી પર મૂકાઈ ચૂક્યો છે.

ઝિમ્બાબ્વેના ઓલિમ્પિક અને વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ઐતિહાસિક સુવર્ણ ચંદ્રક વિજેતા ક્રિસ્ટીની કારકિર્દી વિવાદોથી પણ ઘેરાયેલી રહી છે

અનુસંધાન પાનાનં ૦૬ પર

હમસફર એક્સપ્રેસ...

ગપ્પાગોષ્ઠિ

રવિ ઈલા ભટ્ટ

બેંગ્લોરના કેએસઆર સિટી જંક્શન રેલવે સ્ટેશન પર દિવાળીના તહેવાર પછી પણ ભીડ ઊભરાઈ રહી હતી. આ અફરાતફરી અને ધોંઘાટ વચ્ચે પ્લેટફોર્મ નંબર ચાર પર સાવ અલગ જ મનોસ્થિતિમાં ઊભી હતી આરાધ્યા.

આરાધ્યા બેંગ્લોરની એક આઈટી કંપનીમાં સીનિયર સોફ્ટવેર એન્જિનિયર તરીકે કામ કરતી હતી. પ્રોજેક્ટની છેલ્લી ઘડીની ડેડલાઈનને કારણે તેને દિવાળીના તહેવારમાં સમયસર ઘરે જવાની રજા મળી નહોતી. આંખોમાં ઉજાગરાનો થાક હતો, પણ હૃદયમાં સુરત પહોંચીને મમ્મીના હાથની ઘારી અને પપ્પાની હુંફાળી વઢ ખાવાની અદમ્ય તાલાવેલી હતી.

ટ્રેન લગભગ દોઢ કલાક મોડી આવીને ઊભી રહી. એસી ટૂ-ટાયરના બી-૪ કોચમાં પ્રવેશતાં જ આરાધ્યાએ રાહતનો શ્વાસ લીધો. સીટ નંબર ૨૭, વિન્ડો સીટ. તેણે ભારે ટ્રોલી બેગ સીટ નીચે સરકાવી અને બારી બહાર જોવા લાગી. એ જ ક્ષણે એક ભારે અવાજ કાને પડ્યો, 'એક્સક્યુઝ મી, શું આ ૨૮ નંબર છે?'

આરાધ્યાએ નજર ઊંચી કરી. હાથમાં ટ્રાવેલ બેગ અને ગળામાં હેડફોન લટકાવીને ઊભેલો એક સુઘડ, સલૂણો યુવાન સ્મિત વેરતો ઊભો હતો. કાળી ટી-શર્ટ અને ડેનિમમાં સજ્જ એ યુવકના ચહેરા પર ચમક દેખાતી હતી.

'હા, સામેની સીટ ૨૮ જ છે,' આરાધ્યાએ ઔપચારિકતાથી કહ્યું અને પાછી બારી બહાર જોવા લાગી.

'થેન્ક ગોડ! છેવટે ટ્રેન મળી ખરી. હું તો માનતો હતો કે આજે બેંગ્લોર ટ્રાફિક મને સ્ટેશને પહોંચવા જ નહીં દે,' યુવકે સામાન ઉપર ચડાવતાં હાશકારો અનુભવ્યો. પછી તેણે હાથ લંબાવ્યો, 'હાય, હું કબીર.'

આરાધ્યાએ ક્ષણિક સંકોચ પછી હળવો હાથ મિલાવ્યો, 'આરાધ્યા.'

ટ્રેને એક લાંબી વ્હીસલ મારી અને ધીમે રહીને ગતિ પકડી. બેંગ્લોર શહેરની ચમકતી બિલ્ડિંગો ધીમે ધીમે પાછળ છૂટી રહી હતી. ટ્રેને જ્યારે શહેરની સીમા વટાવી ત્યારે કબીરે પૂછ્યું, 'હુરટ ચાઈલા?'

આરાધ્યા ચમકી, 'તમને કેમ ખબર પડી?'

કબીર ખડખડાટ હસી પડ્યો, 'હુરટીની વાતો પરથી ખબર પડી જ જાય. તમારી મમ્મી હાથે વાત કરટા ટા તે મેં હાંભળી...!'

આરાધ્યાના હોઠ પર સ્મિત આવ્યું. 'હા, હું સુરત જ જાઉં છું. અઠવાલાઈન્સ પાસે અમારું ઘર છે. અને તમે?'

'હું પણ હુરટી લાલા જ છું! અડાજણ પાટિયા પાસે ઘર છે. બેંગ્લોરમાં એક પ્રોડક્ટ ડિઝાઈન સ્ટુડિયોમાં કામ કરું છું,' કબીરે ઉત્સાહથી કહ્યું.

'અરે વાહ! તો તો આપણે પ્યોર લોકલ મળ્યા, બેંગ્લોરમાં પણ અને સુરતમાં પણ..' આરાધ્યા ખુશ થઈ ગઈ.

'પણ દિવાળી પતી ગયા પછી સુરત? તહેવારમાં ઘરે નહોતા ગયા?' કબીરે પૂછ્યું.

'આઈટી કંપનીઓની ક્રૂરતા! ક્લાયન્ટ યુએસનો હતો, એમને આપણી દિવાળીથી શું મતલબ? આખી દિવાળી બેંગ્લોરના ફ્લેટમાં એકલી બેસીને વિતાવી. મારી નાના બહેને પણ મારા વગર રડતા રડતા તહેવારોના દિવસો કાઢ્યા છે. એટલે જ જેવો પ્રોજેક્ટ સબમિટ થયો કે



તરત જ પહેલી ટિકિટ પકડીને ભાગી. મારે બસ ઘરે પહોંચવું છે.'

કબીર એની વાત સાંભળીને એકદમ ગંભીર થઈ ગયો. એની આંખોમાં આરાધ્યા માટે સહાનુભૂતિ અને એક ઊંડી આત્મીયતા તરી આવી.

'હું તમારી પીડા સમજી શકું છું, આરાધ્યા,' કબીરે ધીમા અવાજે કહ્યું. 'મારી હાલત પણ કંઈ જુદી નહોતી. મારી સ્ટાર્ટઅપ કંપનીનું ફંડિંગ રાઉન્ડ ચાલતું હતું. રોકાણકારો સાથે બેઠકો હતી. ઘરમાં મારો નાનો ભાઈ છે, રુદ્ર. એણે મને બે મહિના પહેલાંથી કહ્યું હતું કે 'ભાઈ, તું આવીશ એટલે આપણે આખી સોસાયટીમાં સૌથી મોટો ફટાકડાનો શો કરીશું.' એ બિચારો દિવાળીની રાતે અગાસી પર એકલો ઊભો રહ્યો. એણે મને ફોન કરીને કહ્યું, 'ભાઈ, તારા વગર રોશનીમાં પણ અંધારું લાગે છે.' બસ, એ શબ્દો મારા કાળજે વાગ્યા હતા. બીજા જ દિવસે મેં બધું કામ બાજુ પર મૂકીને બોસને કહી દીધું કે હવે હું બે દિવસ પણ અહીં નથી રોકાવાનો.'

એ રાતે ટ્રેનના ડબ્બામાં એક અજાણ્યો સેતુ રચાઈ ગયો.

સવાર પડી. મહારાષ્ટ્ર વટાવીને ટ્રેન ગુજરાતની ધરતી પર પ્રવેશી. બંનેએ સાથે ગરમ ચા અને થેપલાં ખાધાં, જે આરાધ્યાની ફ્લેટમેટે રસ્તા માટે પેક કરી આપ્યા હતા. વાતોનો પ્રવાહ અટકવાનું નામ નહોતો લેતો.

લગભગ દસ વાગ્યે ટ્રેને સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર પ્રવેશ કર્યો. સુરત નામનું બોર્ડ જોતાં જ બંનેના ચહેરા પર એક સાથે ચમક આવી ગઈ. ટ્રેન થોભી. મુસાફરોની ઉતાવળ વચ્ચે બંને ધીમે પગલે પ્લેટફોર્મ પર ઉતર્યા. પ્લેટફોર્મ પર ભીડ હતી. દૂરથી આરાધ્યાના પપ્પા અને નાની બહેન ઈશિતા હાથ હલાવી રહ્યા હતા.

'પપ્પા આવી ગયા છે,' આરાધ્યાએ કહ્યું. તેનો અવાજ થોડો ધીમો પડી ગયો હતો. સુરત પહોંચવાનો આનંદ હતો, પણ આ અદ્ભુત મુસાફરી પૂરી થવાનો કદાચ છૂપો વિષાદ પણ મનમાં ઘેરાયો હતો.

તે દિવસે દિવાળીની રાતે જ્યારે આપણી ટ્રેન લેટ હતી, ત્યારે મને બહુ ગુસ્સો આવતો હતો કે મારો સમય બગડી રહ્યો છે. પણ આજે મને સમજાય છે કે એ ટ્રેન મોડી નહોતી પડી...

કબીરે તેનો સામાન નીચે ઉતારવામાં મદદ કરી. 'થેન્ક યુ, આરાધ્યા. આ સફર ક્યારેય નહીં ભુલાય. કદાચ ટ્રેન મોડી ન હોત અને આપણે આ સીટ પર ન હોત, તો હું આટલી સુંદર વ્યક્તિને ક્યારેય મળી ન શક્યો હોત.'

આરાધ્યાનું હૃદય એક ધબકારો ચૂકી ગયું. તેણે હળવેથી સ્મિત કર્યું, 'થેન્ક યુ ટુ, કબીર. તમારા કારણે આ લાંબી મુસાફરી એક ક્ષણ જેવી લાગી.'

'આપણે... ફરી મળીશું ને?' કબીરે આશાભરી નજરે પૂછ્યું.

'સુરતમાં હોઈએ ત્યારે તો પરિવાર સાથે જ હોઈશું, પણ હા... બેંગ્લોર પાછા જઈને?' આરાધ્યાએ આંખોમાં ચમક સાથે પૂછ્યું.

'ચોક્કસ! પાછા જઈને સૌથી પહેલાં હું તમને ફોન કરીશ. નંબર શેર કરીશું?' કબીરે ફોન આગળ ધર્યો.

બંનેએ નંબરની આપ-લે કરી. આરાધ્યા પોતાની બહેન અને પપ્પા તરફ દોડી ગઈ. જતાં જતાં એણે પાછળ

ઈશ્વર પધાર્યા!

જિજ્ઞેશ વરસાણી

આ જ સ્વરૂપે ઈશ્વર દસ વર્ષ પહેલાં મારા ઘરે પધાર્યા હતા.

ઈશ્વર અંદર પધાર્યા, સોફા પર બેઠાં. શું ખરેખર ઈશ્વર મારા ઘરે પધાર્યા હતા? અંતર્યામી ઈશ્વર મારા વિચારો જાણી ગયાં, 'તને હજી મારાં ઈશ્વર હોવાં પર શંકા છે!'

અચાનક જ એક પ્રકાશપૂંજ છવાયો અને એ યુવાનના સ્થાને સાક્ષાત્ શ્રીકૃષ્ણ બેઠા હતા. હાથમાં વાંસળી, મુગટમાં શોભતું મોરપીંછ, મનમોહક રૂપ. વાતાવરણમાં વાંસળીના મીઠા સૂરો ગુંજવા લાગ્યા... હું મીઠા સંમોહનમાં બંધાવવા લાગ્યો. ઈશ્વરે ધીરેથી મારા ખભા પર હાથ મૂક્યો, 'હવે તો માને છે કે હું જ ઈશ્વર છું?'

'પ્રભુ! મને ક્ષમા કરશો.'

પ્રભુ ફરી મૂળ સ્વરૂપે આવી ગયાં. તેઓ એકાએક ગંભીર થઈ ગયાં, 'વત્સ! હું જ્યારે તને મારાં આવવાંનું કારણ કહીશ, ત્યારે તને મારાં અહીં આવ્યાં પર ખૂબ ગુસ્સો આવશે.' ઈશ્વરે આગળ કહ્યું, 'વત્સ, તારો સમય પૂરો થઈ ગયો છે!'

ઈશ્વરના શબ્દો.. ન કોઈ પૂર્વભૂમિકા, ન કોઈ આડીઅવળી વાત... મારા ચહેરાનો રંગ ઊડી ગયો. શરીર સાવ ઢીલું થઈ ગયું. ન કોઈ રોગ, ઉંમર પણ માત્ર ચાલીસ વર્ષ અને જિંદગી પૂરી? ઈશ્વર આ શું કહેતા હતા?

'પ્રભુ! મારી પાસે કેટલો સમય છે?' મારા મોમાંથી આ શબ્દો નીકળી ગયા.

ઈશ્વરે કહ્યું, 'બસ... બોત્તેર કલાક!'

ઈશ્વરના શબ્દો મારા માથામાં હથોડાની જેમ પછડાયા. બસ, બોત્તેર કલાકમાં જિંદગીનો ધી એન્ડ! મારે ઈશ્વરના શબ્દો પર વિશ્વાસ મુકવો જોઈએ કે નહિ? ઈશ્વરના શબ્દો પર કેમ અવિશ્વાસ કરું! હું ઈશ્વરનાં ચરણોમાં ઢળી પડ્યો. આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી, 'પ્રભુ! મારે મરવું નથી! દયા કરો ! હું હંમેશા સત્ય અને ધર્મના માર્ગ પર ચાલ્યો છું. મેં કેટલાયનું ભલું કર્યું છે.' હું ઈશ્વરને કાકલુદી કરવા લાગ્યો, 'છોકરાં નાનાં છે. મા બીમાર છે, મારા વિના મારું કુટુંબ વેરવિખેર થઈ જશે.'

'મૃત્યુ કોઈને સમય નથી આપતું અને મૃત્યુ કોઈનું સગું નથી.'ઈશ્વર બોલ્યા. 'મૃત્યુ જ સત્ય છે. જે જન્મે છે એ અવશ્ય મરે છે!'

'પણ પ્રભુ મારે મરવું નથી...'

ઈશ્વર બોલ્યાં, 'તું નથી મરી રહ્યો, તારું શરીર મરી રહ્યું છે, તારો આત્મા નહિ. તું એક નવું શરીર

ઈશ્વર મને એક ભયાનક સ્થિતિમાં મૂકી દીધો હતો. મારી પાસે બોત્તેર કલાક હતા અને મને હતું કે હું આસાનીથી મારું આયુષ્ય સો વર્ષનું કરી લઈશ, પણ સત્ય બહુ કડવું હોય છે

ધારણ કરીશ. એક નવી સુંદર જિંદગી તારી રાહ જોઈ રહી છે.'

'ના, પ્રભુ !' હું બોલ્યો, 'મેં તો ખૂબ જ સારાં કામ કર્યાં છે, તો પછી હું જ કેમ? મને કોઈ ઉપાય બતાવો, મારે જીવવું છે, મારે નથી જોઈતું વધુ સારું જીવન...'

ઈશ્વર અટક્યાં, પછી બોલ્યા, 'હા, એક રસ્તો છે, હું તને વધુ જીવવાની એક તક આપી શકું..'

હું જલ્દી બોલ્યો, 'પ્રભુ! તમે કહેશો, એ કરવા તૈયાર છું!'

ઈશ્વરે કહ્યું, 'તું બીજા પાસે જિંદગીની ભીખ માગી શકે છે. તને જેટલી જિંદગી તે આપશે, તેટલી તારી જિંદગી લંબાઈ જશે.'

'પ્રભુ, હું જરૂરથી જિંદગીની ભીખ માગીશ...' મારામાં જીવ આવી ગયો, આંખોમાં ચમક આવી ગઈ. મેં કહ્યું, 'પ્રભુ! મેં ઘણાનું ભલું કર્યું છે. મે ઘણાં ઉપર ઉપકાર કર્યા છે. તેઓ પોતાની જિંદગીમાંથી મને જરૂર થોડા વર્ષ આપશે.'

ઈશ્વરે આગળ કહ્યું, 'મારી ત્રણ શરત છે - એક, તારે આજે જે પરિસ્થિતિ છે, એ જ જાળવવી પડશે. ન કોઈને કશું કહી શકશે કે કંઈ બદલી શકશે. બે, તું તારી મા, પત્ની વગેરે પાસેથી જિંદગીની ભીખ નહિ માગી શકે અને ત્રણ, તારે સામેની વ્યક્તિને કહેવું પડશે કે તેઓ જેટલી જિંદગી તને ભેટ આપશે, એટલી જિંદગી એમના આયુષ્યમાંથી ઓછી થઈ જશે. હું તને ચેતવું છું કે આમાંની કોઈ શરતનો ભંગ થશે, તો યમરાજ મને પૂછવા પણ નહિ રહે!'

મેં આંખો ખોલી, સામે સોફા પર કોઈ નહોતું. રૂમમાં એક સન્નાટો હતો. હું મુંઝાયો, મનમાં એક વિચાર ઉદ્ભવ્યો - શું મારી સમક્ષ સાક્ષાત્ ઈશ્વર હતાં કે કોઈ સ્વપ્ન? શંકા -કુંશકા વચ્ચે મન ઝોલા ખાવા માંડ્યું કે ખરેખર મૃત્યુ અને મારી જિંદગી વચ્ચે બોત્તેર કલાક જ છે? શું મારે કોઈ મનોચિકિત્સકની સલાહ લેવી જોઈએ?

■ ■ ■

એક એનજીઓના અધિકારીના અનુભવે મને મળેલી બોત્તેર કલાકની જિંદગીનો મહત્તમ ઉપયોગ કરી લેવા માંગતો હતો. મારી પાસે એવા નામો હતા કે જે પોતાની જિંદગીના બે-ચાર વર્ષ મને આપવામાં સહેજ પણ અચકાશે નહિ. મને વિશ્વાસ છે કે બોત્તેર કલાકમાં પૂરી થતી મારી જિંદગી... સો વર્ષને આંબી જશે! મને કામ અઘરું લાગ્યું નહિ.

મેં ત્રણ સ્તરની યાદી બનાવી. પ્રથમ યાદીમાં એવાં નામો લખ્યા કે જેને મેં ધરતીકંપ, સુનામી, પુર-હોનારત, દુષ્કાળ જેવી કુદરતી આપત્તિઓમાં મદદ કરી હતી. મેં કેટલાક ખેડૂતો, ગરીબો કે વિધવાઓના નામો લખ્યાં કે જેમને મેં મુશ્કેલ સમયમાં આર્થિક સહાય અપાવી હતી અને મેં નવી જિંદગી આપી હતી. બીજા સ્તરની યાદીમાં એઇડ્સ, કેન્સર વગેરે જેવા અસાધ્ય રોગોની સારવાર આપતી હૉસ્પિટલના નામોનો સમાવેશ કર્યો. મૃત્યુની રાહ જોતા દર્દીઓ તેમની જિંદગીના વર્ષ મને આપતા ખચકાશે નહિ. ત્રીજા સ્તરની યાદીમાં કેટલાક ગાઢ મિત્રોના નામો લખ્યા, જે મારા માટે જાન દેવા તૈયાર હતા.

મને લાગ્યું કે મારે ઝડપથી આ કાર્યમાં લાગી જવું પડશે, મારી પાસે સમય ઓછો હતો!

■ ■ ■

દક્ષિણના દરિયા કાંઠે પહોંચવામાં મેં બહુ સમય બગાડી નાખ્યો. હું અહીં મિશેલ, રામમૂર્તિ, અનવર, મોહમ્મદ અને રામનને મળવાનો હતો. આ બધાને મેં સુનામીમાં ખૂબ સહાય કરી હતી. એમને મૃત્યુનાં મુખમાંથી બતાવ્યાં હતાં.

મોહમ્મદ અને અનવર મને સૌથી વધુ આશા હતી. આસુંઓથી છલકતી આંખો અને જોડેલા હાથ હજી યાદ હતા. હૃદયને હચમચમાવી દેતા સુનામીના દૃશ્યો મારી આંખો સામે આવી ગયા. અલ્લાહના નામે મને ખૂબ દુઆઓ આપી હતી. અહીંથી મારી જિંદગીને જરૂરથી લાંબી કરી લઈશ, પણ મને જ્યારે તેમના જવાબમાં જે શબ્દો સાંભળવા મળ્યા, ત્યારે મને સખત આઘાત લાગ્યો.

'ભાઈ! કોઈ ડૉક્ટરને જલ્દી બતાવો, તમારે સારવારની જરૂર છે. આવી રીતે કોઈ જિંદગી થોડું આપતું હશે! તમારી માનસિક હાલત ઠીક લાગતી નથી!'

મને નિરાશ થવું કે આઘાત લગાડવો પોસાય તેમ નહોતો, હું મારામાં નકારાત્મક લાગણી પેદા થવા દેવા માગતો નહોતો. મેં રામમૂર્તિ અને રામનના ઘર તરફ પ્રયાણ કર્યું.

રામમૂર્તિ અને રામનની મુલાકાત બાદ મને લાગ્યું કે ઈશ્વર પણ તમારી સંસ્થાએ મદદ કરી હતી અને અમને ઈશ્વરે બચાવ્યા હતા, એનું વળતર માગતા તમને જરાય સંકોચ પણ નથી થતો?'

મેં કહ્યું, '-પણ ત્યારે તો તમે...'

પછી મને જવાબમાં સાંભળવા એ શબ્દો ખૂબ જ આઘાતજનક હતા, જો કે મિશેલ પર મને ખૂબ ભરોસો હતો.

મિશેલ, આ અનાથ ક્રિશ્ચિયન છોકરી પર મને વધુ લાગણી હતી. સુનામીમાં તેના મા-બાપ, પૂરો પરિવાર મૃત્યુ પામ્યો હતો અને ઘર જેવું કંઈ રહ્યું નહોતું. મેં ઘર, શિક્ષણ અને આર્થિક સહાયે પગભર કરી હતી, નવજીવન બક્ષ્યું હતું. મિશેલને મેં આજીજીથી કહ્યું, 'મિશેલ! મારે તારી જિંદગીમાંથી થોડાં વર્ષો જોઈએ છે. ફક્ત ઈશુના નામે મને થોડાં વર્ષો આપી શકે છે.'

'મિ. ભાર્ગવ! હું જાણું છું કે આ જિંદગી તમે જ આપી છે,' તેણે કહ્યું, 'પણ જો તમારે પાછી જ લઈ લેવી હોત, તો મને બચાવી કેમ?'

'મિશેલ! મારી વાત ધ્યાનથી સાંભળ.' મેં કહ્યું, 'તું તો હજી ઘણી નાની છે અને લાંબી જિંદગી તારી પાસે પડી છે.'

'હું કેટલું જીવવાની છું એની તમને ખબર છે?' મિશેલે મને પૂછ્યું, 'માનો કે મારી પાસે જીવન થોડાં વર્ષોનું જ છે અને એ તમને આપું... તો તો હું તરત જ મૃત્યુ પામીશ ને!'

મારી પાસે કોઈ ઉત્તર નહોતો, પણ સમય બગાડવાનું પોસાય તેમ પણ નહોતું. મેં કચ્છની વાટ પકડી.

■ ■ ■



મારા પગ પકડવાની ઘટના આજે મને બંને યુવાનોની આંખોમાં કયાંય દેખાતી નહોતી. તેઓએ કહ્યું, 'ઉપકાર કે ઋણ તમે થોડું કર્યું હતું? અમને તમે નહિ, પણ તમારી સંસ્થાએ મદદ કરી હતી અને અમને ઈશ્વરે બચાવ્યા હતા, એનું વળતર માગતા તમને જરાય સંકોચ પણ નથી થતો?'

મેં કહ્યું, '-પણ ત્યારે તો તમે...'

પછી મને જવાબમાં સાંભળવા એ શબ્દો ખૂબ જ આઘાતજનક હતા, જો કે મિશેલ પર મને ખૂબ ભરોસો હતો.

મિશેલ, આ અનાથ ક્રિશ્ચિયન છોકરી પર મને વધુ લાગણી હતી. સુનામીમાં તેના મા-બાપ, પૂરો પરિવાર મૃત્યુ પામ્યો હતો અને ઘર જેવું કંઈ રહ્યું નહોતું. મેં ઘર, શિક્ષણ અને આર્થિક સહાયે પગભર કરી હતી, નવજીવન બક્ષ્યું હતું. મિશેલને મેં આજીજીથી કહ્યું, 'મિશેલ! મારે તારી જિંદગીમાંથી થોડાં વર્ષો જોઈએ છે. ફક્ત ઈશુના નામે મને થોડાં વર્ષો આપી શકે છે.'

'મિ. ભાર્ગવ! હું જાણું છું કે આ જિંદગી તમે જ આપી છે,' તેણે કહ્યું, 'પણ જો તમારે પાછી જ લઈ લેવી હોત, તો મને બચાવી કેમ?'

'મિશેલ! મારી વાત ધ્યાનથી સાંભળ.' મેં કહ્યું, 'તું તો હજી ઘણી નાની છે અને લાંબી જિંદગી તારી પાસે પડી છે.'

'હું કેટલું જીવવાની છું એની તમને ખબર છે?' મિશેલે મને પૂછ્યું, 'માનો કે મારી પાસે જીવન થોડાં વર્ષોનું જ છે અને એ તમને આપું... તો તો હું તરત જ મૃત્યુ પામીશ ને!'

મારી પાસે કોઈ ઉત્તર નહોતો, પણ સમય બગાડવાનું પોસાય તેમ પણ નહોતું. મેં કચ્છની વાટ પકડી.

■ ■ ■

અહીં હવે મારા માટે ઈશ્વર સમાન હતા - રતનબહેન, સંતોક, રવજીભાઈ, ધીરુભાઈ, ગંગા મા... અને ઊંઘ, ભૂખ, થાક... જેવી લાગણીઓને કોઈ સ્થાન ન હતું. એ સમયે મેં જોયેલા ધરતીકંપના મહાવિનાશના દૃશ્યો નજરે આવી ગયાં - લાચાર, ભૂખ્યા, તરસ્યા, ઘાયલ, હારેલા... સર્વસ્વ ગુમાવી દેનારા લોકો. આક્રંદ, ચોધાર આંસુ યાદ આવી ગયાં. જ્યારે મેં તેઓને સહારો આપ્યો, નવજીવન બક્ષ્યું કે ઘર આપ્યું, મારા પગમાં પડી ગયા હતા. ચામડીના જોડા સીવડાવવા તૈયાર હતા આ લોકો. મને થયું કે મારી બોત્તેર કલાકમાં પૂરી થતી જિંદગી જરૂર અહીં લાંબી થઈ જશે!

'ભાઈ ! તમે અમને જિંદગી આપનારા કોણ?' તેઓએ કહ્યું, 'મેં કર્યું, મેં કર્યું ન કરો, ઉપરવાળાની ઈચ્છા વિના એક પાંદડું પણ હલતું નથી. ઈશ્વર પાસે જિંદગી માગો. જેમ ઈશ્વરે તમને અમારી મદદે મોકલ્યા હતા, એમ એ તમારી મદદે પણ કોઈને જરૂરથી મોકલશે!'

તેઓ પર મારી આજીજી, કાકલુદીની કોઈ અસર ન થઈ. મારે નિરાશ થવું પોસાય તેમ નહોતું, મેં મારા બીજા સ્તરની યાદી પર નજર કરી.

■ ■ ■

એક એનજીઓના અધિકારીના રૂપે હૉસ્પિટલમાં જવું અને દર્દીઓને મળવું મારા માટે ખૂબ સરળ હતું. મેં શહેરની કેન્સર, એઇડ્સની હોસ્પિટલના દર્દીઓને મળી લેવાનું નક્કી કર્યું અને મૃત્યુની રાહ જોતા આ દર્દીઓ આમ પણ ભગવાનને મૃત્યુની પ્રાર્થના કરતા હોય છે, તેઓ મને નિરાશ નહિ જ કરે.

'ભાઈ, મરવું જ હોત, તો અહીં હૉસ્પિટલમાં શા માટે આવત અને દીકરાના પૈસા બગાડતા?' કેન્સરથી પીડાતા એક દર્દીએ કહ્યું.

'તમને આવી વાત કહેતા શરમ આવવી જોઈએ.' એક એઈડ્સના દર્દીએ કહ્યું, 'માની લો કે તમને એઈડ્સ કે કેન્સર થયું હોત, તો તમે તેની સામે મરવાનું પસંદ કરત કે લડવાનું?'

મેં એક વૃદ્ધાને હોસ્પિટલમાં કહેતા સાંભળ્યા, 'હે, ભગવાન! હવે મને ઊઠાવી લે તો સારું, પીડામાંથી મુક્તિ મળે અને મારાં છોકરાં પણ સુખેથી જીવી શકે.'

મારી આંખો ચમકી, મેં તેમને કહ્યું, 'માજી! ઈશ્વર તમારી પ્રાર્થના જરૂર સાંભળશે અને તમને પીડામાંથી મુક્તિ મળી શકે તેમ છે અને તમારાં દીકરા-વહુ પણ સુખેથી જીવી શકશે. તમારે ફક્ત બાકીનું જીવન મને આપી દેવાનું છે!'

મને ખબર નહિ કે માજીમાં ક્યાંથી તાકાત આવી... એમણે મને એવો ધક્કો માર્યો કે હું દરવાજાની બહાર ફેંકાઈ ગયો!

■ ■ ■

હવે મારા માટે મારી જિંદગી મારા વહાલા મિત્રોના હાથમાં હતી. મારા માટે આ ગાઢ મિત્રો જો થોડી થોડી જિંદગી આપશે, તો પણ મારા માટે મોટો ઉપકાર ગણાશે - ત્રિવેદી, પાંડે, નિગમ, સ્વામીનાથ, જોશી... જરૂર મને બચાવી લેશે. મેં મારા મિત્રોની વાટ પકડી.

ખબર નહિ કે શું થયું કે મારી વાત સાંભળતા જ, હું કંઈ સમજું એ પહેલા જ હું શહેરના પ્રખ્યાત મનોચિકિત્સક ડૉ. પરીખના ક્લિનિકમાં હતો. બધા જ મિત્રો મને અહીં ઊંચકીને લાવ્યા હતા, 'સાહેબ, આ અમારા મિત્રની માનસિક સ્થિતિ ઠીક નથી અને એ કહે છે કે મને તમારી જિંદગીમાંથી થોડાં વર્ષો આપો...'

ઈશ્વર મને એક ભયાનક સ્થિતિમાં મૂકી દીધો હતો. મારી પાસે બોત્તેર કલાક હતા અને મને હતું કે હું આસાનીથી મારું આયુષ્ય સો વર્ષનું કરી લઈશ, પણ સત્ય બહુ કડવું હોય છે. બોત્તેર કલાકમાં હું એક દિવસની જિંદગી મેળવી ન શક્યો! પણ સત્ય એ છે કે મારે જીવવું છે, ચાલીસ વર્ષની ઉંમરે મરવું નથી. હું મનોમન જ વિચાર કરવા લાગ્યો કે ડૉક્ટર પરીખની વાત સાચી હોય અને એમની દવા કામ કરે! વાત એ છે કે મને થયેલા ઈશ્વરના સાક્ષાત્કારને હું કેમ અવગણી શકું?

...પણ મારા બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા હતા અને....

■ ■ ■

હું સોફા પર બેઠો હતો અને મારું સંપૂર્ણ ધ્યાન ઘડીયાળના કાંટા તરફ હતું, બોત્તેર કલાક પૂરા થવામાં હવે માત્ર બે જ મિનિટ બાકી હતી અને સેકન્ડનો કાંટો એ બે મિનિટ પૂરી કરવા ઝડપથી દોડી રહ્યો હતો.

અચાનક જ આંખોમાંથી ચોધાર આંસુ વહેવા માંડ્યા. ધન, સંપત્તિ, નામ, પ્રતિષ્ઠા, પરિવાર, મિત્રો, અહંકાર - બધું જ આંસુઓમાં વહેવા માંડ્યું. હું ઈશ્વરને હરાવવા નીકળ્યો હતો અને હું હારી ગયો હતો. જિંદગીના સત્યનો સાક્ષાત્કાર અનુભવી રહ્યો. મને લાગ્યું કે હું આકાશમાં ઊડી રહ્યો છું. આ જ શું મૃત્યુનો અનુભવ હશે!

એકાએક જ કોઈએ ભયંકર તંદ્રામાંથી મને જોરથી નીચે ખેંચ્યો હોય, તેમ હું જાગી ગયો. બહારથી કોઈ નોનસ્ટોપ ડોર-બેલ વગાડી રહ્યું હતું.

મારું ધ્યાન ઘડીયાળના કાંટા તરફ ગયું, મારી આંખો ફાટી ગઈ. બોત્તેર કલાક તો વીતી ગયા હતા અને હું જીવતો હતો! અચાનક જ ભીતર એક ચમકારો થયો, 'શું બોંતેર કલાક પહેલાનો હું કે જે 'હું, હું' કે 'મેં, મેં' કરતો હતો, તે 'મેં' ખરેખર જીવતો હતો?'

ત્રણ અક્ષર



...ત્રણ અક્ષર નાની વાત લાગે, પણ એમાં પાના પરના મોટા ભાગના શબ્દો કરતાં વધુ ઇતિહાસ સમાયેલો છે...



ટ્રાવેલ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

આ લેખ હું સિંગાપોરના ચાંગી એરપોર્ટ પરથી લખી રહ્યો છું, હાથમાં હવે નકામો બની ગયેલો બોર્ડિંગ પાસ છે. મુંબઈથી સિંગાપોરની મારી ફ્લાઇટ મોડી પડી, બાલીની કનેક્ટિંગ ફ્લાઇટ છૂટી ગઈ, અને ડેનપસાર જતી હવે પછીની ફ્લાઇટ છ કલાક પછી છે. હમણાં જ મેં લખ્યું હતું કે લાંબો લેઓવર મને આશીર્વાદ જેવો લાગે છે. હવે એ સિદ્ધાંતની કસોટી અઘરી રીતે થવાની છે.

જોકે, એરપોર્ટ કોડ્સ વિશે વિચારવા આ જ યોગ્ય જગ્યા છે. આજે મારા બોર્ડિંગ પાસ પર BOM, SIN અને DPS લખેલું છે, એટલે કે મુંબઈ, સિંગાપોર અને ડેનપસાર. SINને સમજાવવાની જરૂર નથી, જોકે કબૂલ કરું કે અંગ્રેજીમાં પાપ અર્થ ધરાવતા આ ત્રણ અક્ષર, શિસ્ત માટે જાણીતા આ શહેર સાથે ક્યારેય મેળ ખાતા નથી લાગ્યા. રાયા અને આરવની ફ્લાઇટ્સની જે યાદી હું રાખું છું, એ ધ્યાનથી જુઓ તો આવા જ અક્ષરોની યાદી છે. BOMથી UDR. BOMથી GOX. BOMથી HKT. ISTથી TIV. SJJથી IST. અને કોઈ ચેક-ઇન કાઉન્ટર પર કોઈએ એમાંનો એક પણ અક્ષર સમજાવ્યો નથી. બૅગ ટૅગ, બોર્ડિંગ પાસ અને ડિપાર્ચર બોર્ડ પર લખેલા આ કોડ્સને આપણે ઘોંઘાટ ગણી અવગણીએ છીએ. હકીકતમાં, દરેક કોડ ઇતિહાસનો એક નાનકડો ટુકડો છે, અને ફ્લાઇટ્સનો શોખીન હોવાને કારણે કબૂલ કરું કે મને એનું ભારે આકર્ષણ છે. બોર્ડિંગ પાસ એક નાનકડું મ્યુઝિયમ છે, અને આ કોડ્સ એનાં પ્રદર્શનો.

એરપોર્ટ કોડ્સની શરૂઆત ૧૯૩૦ના દાયકામાં થઈ, જ્યારે એરલાઇન્સ સામાન્ય રીતે પોતાના બે અક્ષરના ટૂંકા કોડ પસંદ કરતી, જે ઘણી વાર હવામાન કેન્દ્રો પરથી લેવાતા. ઉદાહરણ તરીકે, લૉસ એન્જલસ ફક્ત LA હતું. પણ બે અક્ષર લાંબું ન ચાલ્યા. એરપોર્ટ્સ વધી ગયાં અને અક્ષરોનાં જોડાણ ઓછાં પડ્યાં, એટલે ૧૯૪૦ના દાયકામાં ત્રણ અક્ષરની વ્યવસ્થા આવી. ઘણાં શહેરોએ જૂના કોડની પાછળ એક અક્ષર ઉમેરી દીધો. અમેરિકામાં ૧૯૪૭માં LAનું LAX થયું, પોર્ટલેન્ડનું PD બન્યું PDX, અને ફિનિક્સનું PH બન્યું PHX. આ X ફક્ત જગ્યા પૂરવા હતો, એનો કોઈ અર્થ નહોતો. પણ એ એવો ચોંટી ગયો કે આજે LAX દુનિયાભરમાં સોવેનિયર્સ પર દેખાતી એક બ્રાન્ડ બની ગયો છે. પછી IATAએ આ કોડ્સની જવાબદારી સંભાળી, જે એમને કાયમી ગણે છે. એક વાર કોડ અપાઈ જાય, પછી ભાગ્યે જ બદલાય. આ નિયમ જ આગળની વિચિત્રતાઓ સમજાવે છે.

શરૂઆત આપણા ઘરથી કરીએ. મુંબઈ એરપોર્ટનો કોડ BOM છે, કારણ કે કોડ અપાયો ત્યારે શહેર બૉમ્બે કહેવાતું. ચેન્નઈ MAA છે, મદ્રાસ પરથી, કારણ કે વધુ સહજ લાગતો MAD તો મેડ્રિડ પાસે હતો. કોલકાતા CCU છે, કલકત્તા પરથી. બેંગલુરુ BLR છે, બેંગલોર પરથી. ૧૯૯૫થી ૨૦૧૪ વચ્ચે શહેરોનાં નામ બદલાયાં, પણ કોડ્સ જ્યાં હતા ત્યાં જ રહ્યા. હમણાં જ અમે નવી મુંબઈથી તિરુવનંતપુરમ ગયા, જેનો કોડ TRV છે, જે આજે પણ ત્રિવેન્દ્રમ કહે છે. અને પુણે PNQ છે, પૂનાની નિશાની. આ દરેક કોડ જૂના નકશાનો થીજી ગયેલો ફોટો છે, એવું નામ જે સાઇનબોર્ડ પરથી ગાયબ થઈ ફક્ત ત્રણ અક્ષરમાં જીવે છે.

ડોમેસ્ટિક રૂટ મૅપ જુઓ, તો એક પૅટર્ન નજરે ચડે. ચંદીગઢ IXC છે. બાગડોગરા IXB છે. બેંગલુરુ IXE છે, લેહ IXL છે, અને પોર્ટ બ્લેર IXZ, જેના નામમાં ક્યાંય Z છે જ નહીં. IX શ્રેણીની ઉત્પત્તિ વિશે મતભેદ છે, પણ સામાન્ય સમજૂતી વ્યવહારુ છે. આમાંનાં ઘણાં નાનાં કે લશ્કરી હવાઈમથકો હતાં, જેની સાથે નાગરિક ટર્મિનલ જોડાયેલું હતું, અને એમના માટે ભારતને IXથી શરૂ થતા કોડ્સનો એક બ્લૉક મળ્યો. બાગડોગરા અને ચંદીગઢ આજે પણ એરફોર્સ સ્ટેશનો પરના સિવિલ એન્ક્લેવ છે.

કેટલાક કોડ્સ એવી જગ્યાઓની યાદ છે, જે હવે રહી જ નથી. શિકાગો એરપોર્ટનો કોડ ORD છે, જે ઑર્ચર્ડ ફીલ્ડ પરથી આવ્યો છે. એ સમયે ત્યાં ઑર્ચર્ડ પ્લેસ નામની ખેતીની જમીન પર ડગ્લસ કંપનીની વિમાન ફૅક્ટરી હતી. ૧૯૪૯માં શહેરે એનું નામ નૌસેનાના બહાદુર પાઇલટ એડવર્ડ બચ ઓહેરના નામ પરથી ઓહેર કરી દીધું, પણ કોડ ન બદલાયો, અને ORD આજે પણ એક ફળવાડીની યાદ બનીને જીવે છે. ઑર્લેન્ડોનો કોડ MCO છે, જે મૅકૉય એરફોર્સ બેઝનો કોડ હતો. આ બેઝનું નામ ૧૯૫૭ના વિમાન અકસ્માતમાં મૃત્યુ પામેલા કર્નલ માઇકલ મૅકૉયના નામ પરથી હતું. ૧૯૭૦ના દાયકામાં બેઝ બંધ થયો, એરપોર્ટે એ જગ્યા લઈ લીધી, અને કોડ એ જ રહ્યો. ટોરોન્ટોનો કોડ YYZ છે, અને કૅનેડાના દરેક કોડની શરૂઆત Yથી થાય છે. એનું કારણ હવામાન કેન્દ્રો, રેડિયો બીકન્સ અને રેલવે ટેલિગ્રાફ કોડ્સની ગૂંચ છે, જેના પર આજે પણ ચર્ચા થાય છે. Y ૧૯૩૦ના દાયકાની વ્યવસ્થામાંથી વારસામાં મળ્યો, અને YYZ માલ્ટન વિસ્તારના એક જૂના ઓળખ-ચિહ્ન પરથી આવ્યો છે, જ્યાં એરપોર્ટ બંધાયું. કોડ ઇમારતનો નહીં, જગ્યાનો હોય છે. ૨૦૧૯માં ઇસ્તંબુલનું એરપોર્ટ ખસ્યું, ત્યારે IST કોડ પણ એની સાથે ખસ્યો. અને ગોવામાં હવે બે એરપોર્ટ છે, ડાબોલિમ, જેનો કોડ GOI છે, અને મોપાનું નવું એરપોર્ટ, જેનો કોડ GOX છે.

...ત્રણ અક્ષર નાની વાત લાગે, પણ એમાં પાના પરના મોટા ભાગના શબ્દો કરતાં વધુ ઇતિહાસ સમાયેલો છે...

એક બીજો કોડ પણ છે, જે મુસાફરો ક્યારેય જોતા નથી. એર ટ્રાફિક કન્ટ્રોલર્સ અને પાઇલટ્સ ICAOના ચાર અક્ષરના કોડ્સ વાપરે છે, અને ભારતમાં એ એક સુંદર પૅટર્નને અનુસરે છે. દરેક ભારતીય કોડ Vથી શરૂ થાય છે, અને બીજો અક્ષર પ્રદેશ દર્શાવે છે: પશ્ચિમ માટે A, પૂર્વ માટે E, ઉત્તર માટે I અને દક્ષિણ માટે O. છેલ્લા બે અક્ષર જગ્યાનું ટૂંકું નામ હોય છે. એટલે મુંબઈ છે VABB: V ભારત માટે, A પશ્ચિમ માટે અને BB બૉમ્બે માટે. ચેન્નઈ છે VOMM, O દક્ષિણ અને MM મદ્રાસ માટે. કોલકાતા છે VECC, E પૂર્વ માટે, અને બેંગલુરુ છે VOBL. આ નિયમ સમજાય, તો ભારતીય એરપોર્ટને પિનકોડની જેમ વાંચી શકાય.

થોડી આદતો આ કોડ્સને ઉપયોગી પણ બનાવે છે. કોડ શહેરના નામ સાથે મેળ ન ખાય, તો પહેલાં જૂનું નામ યાદ કરો, મોટા ભાગના કોયડા એનાથી જ ઉકલી જશે. નાના રૂટ્સ પર અક્ષરો નહીં, ટિકિટ પરનું એરપોર્ટનું નામ જુઓ. અને જે શહેરમાં એકથી વધુ એરપોર્ટ હોય, ત્યાં ખાસ ધ્યાન રાખો. મુંબઈમાં હવે બે એરપોર્ટ છે, BOM અને નવી મુંબઈનું NMI, અને કેટલીક ફ્લાઇટ્સ એકથી બીજા પર ખસી રહી છે, એટલે ટિકિટ પરના ત્રણ અક્ષર જ નક્કી કરે છે કે તમારે ક્યાં જવાનું છે. થોડી સેકન્ડની આ આદત તમને મોંઘી ટૅક્સી સવારીથી બચાવી શકે છે.

તો હવે પછી જ્યારે હાથમાં બોર્ડિંગ પાસ આવે, ત્યારે એક ક્ષણ એ અક્ષરો તરફ જોજો. BOM એવું શહેર છે, જેણે પોતાનું નામ બદલ્યું. ORD એક ફળવાડી છે, જે જેટ યુગ પહેલાં જ ગાયબ થઈ ગઈ. MCO એક કર્નલ છે, જે વિમાન અકસ્માતમાં મૃત્યુ પામ્યા. LAX એક ખાલી જગ્યા પૂરતો અક્ષર છે, જે બ્રાન્ડ બની ગયો. ત્રણ અક્ષર નાની વાત લાગે, પણ એમાં પાના પરના મોટા ભાગના શબ્દો કરતાં વધુ ઇતિહાસ સમાયેલો છે.

જાણો અજાણ્યું

વીણા વર્લ્ડ પર અમે ફ્લાઇટ બુકિંગ શરૂ કર્યું ત્યારથી હું એરપોર્ટ્સ વિશેની એક પછી એક રસપ્રદ વાતોમાં ખોવાતો રહું છું, અને આ લખતી વખતે હું દુનિયાના શ્રેષ્ઠ એરપોર્ટ્સમાંના એકમાં બેઠો છું. ચાંગી કોઈ સંયોગ નથી. ૨૦૨૫માં એણે ચાર ટર્મિનલ દ્વારા આશરે ૭ કરોડ મુસાફરોને સંભાળ્યા, અને સ્કાયટ્રેક્સે એને રેકૉર્ડ ૧૩ વાર વર્લ્ડ્સ બેસ્ટ એરપોર્ટનો ખિતાબ આપ્યો છે. એનું સૌથી જાણીતું આકર્ષણ સામાન્ય જરૂરિયાતમાંથી જન્મ્યું. જ્વેલ ચાંગી એરપોર્ટ ટર્મિનલ ૧ સામેના ખુલ્લા કાર પાર્કિંગ પર બંધાયું, કારણ કે એરપોર્ટને વધુ ક્ષમતાની જરૂર હતી. પણ આર્કિટેક્ટ મોશે સફદીએ રચેલું પરિણામ છે એક કાચનો ઘુમ્મટ, જેના હૃદયમાં ૪૦ મીટર ઊંચો રેઇન વૉર્ટેક્સ ધોધ છે, દુનિયાનો સૌથી ઊંચો ઇન્ડોર ધોધ, અને એની આસપાસ આશરે ૨૨,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલું પાંચ માળનું ઇન્ડોર જંગલ.

અટવાયેલા મુસાફર માટે ખાસ વાત આ છે. જ્વેલ ઇમિગ્રેશનની બહાર છે, એટલે ત્યાં જવા ઇમિગ્રેશન પાર કરવું પડે. પણ ટર્મિનલ્સને જોડતી સ્કાયટ્રેન આ બગીચાની ઉપરથી, ધોધની નજીકથી પસાર થાય છે, એટલે ઇમિગ્રેશનની અંદર રહેનારા મુસાફરો પણ ટ્રેનની બારીમાંથી રેઇન વૉર્ટેક્સ જોઈ શકે છે. ટર્મિનલ ૩માં એક હજારથી વધુ પતંગિયાંવાળો બટરફ્લાય ગાર્ડન છે, અને ટર્મિનલ ૧માં કૅક્ટસ ગાર્ડન. એક એરપોર્ટે જંગલ બનાવવા પોતાનું કાર પાર્કિંગ આપી દીધું, અને મોડો પડેલો મુસાફર ટ્રેનની બારીમાંથી એ માણી શકે છે. બાલીની ફ્લાઇટની રાહ જોતાં વિચારું છું, અટવાઈ જવા માટે આનાથી ખરાબ જગ્યાઓ ઘણી છે.

તમને શું લાગે છે? મને neil@veenaworld.com પર લખો, અને ચાલો વાતચીત

રાજા રેવત અને રેવતીની કથા : રિલેટિવિટી ઓફ ટાઇમનો પૌરાણિક સંકેત

અગોચર વિશ્વ

દેવેશ મહેતા

આ પણા આધ્યાત્મિક - ધાર્મિક ગ્રંથોમાં વર્ણન કરાયેલ કથાઓ મહદંશે બ્રહ્માંડની જટિલ વૈજ્ઞાનિક અવધારણાઓને પ્રતિબિંબિત કરે છે. શ્રીમદ્ ભાગવત મહાપુરાણનાં નવમ સ્કંધમાં વર્ણિત રાજા ક્કુદ્મી (રૈવતક) અને એમની પુત્રી રેવતીની કથા આધુનિક ભૌતિક વિજ્ઞાનના સૌથી ક્રાંતિકારી સિદ્ધાંતો ખાસ કરીને આઈન્સ્ટાઇનનો સાપેક્ષતાનો સિદ્ધાંત (Theory of Relativity), સમયના ફેલાવાનો સિદ્ધાંત (Theory of Time Dilation) અને સમાનાંતર આયામો (Parallel Dimensions) નું એક અદ્ભૂત ઉદાહરણ પ્રસ્તુત કરે છે.

આ પુરાણકથા અનુસાર કુશસ્થલીના રાજા ક્કુદ્મી (રેવત) એમની ગુણવાન અને અત્યંત લાંબી પુત્રી રેવતીના લગ્ન માટે પૃથ્વી પર કોઈ યોગ્ય વર ન જણાતાં સૃષ્ટિના સર્જનહાર બ્રહ્માજીની સલાહ લેવા પોતાની પુત્રી સાથે બ્રહ્મલોકની યાત્રા પર નીકળી પડ્યા. જ્યારે તે બ્રહ્માના લોકમાં પહોંચ્યા ત્યારે ત્યાં ગંધર્વોનું દિવ્ય સંગીત ચાલી રહ્યું હતું જેને લીધે રાજા ક્કુદ્મીએ ગાયન-વાદન પૂરું ન થાય ત્યાં સુધી રાહ જોઈ. તે ગાયન થોડી ક્ષણોમાં જ પૂરું થઈ ગયું. બીજું ગીત શરૂ થાય તે પહેલાં તેમણે બ્રહ્માજીને પ્રણામ કરીને પોતાના આવવાનું કારણ જણાવ્યું.

શ્રીમદ્ ભાગવત મહાપુરાણના નવમ સ્કંધના ત્રીજા અધ્યાયના શ્લોક ૩૧ અને ૩૨માં તેનું આગળનું વૃત્તાંત દર્શાવતા કહેવાયું છે -

‘तच्छ्रुत्वा भगवान ब्रह्मा प्रहस्य तमुवाच ह ।
अहो राजन्निरुद्धास्ते कालेन हृदि ये कृताः ॥
तत्पुत्रपौत्रनप्तृणां गोत्राणि च न शृण्महे ।
कालोऽभियात स्त्रिऽगवचतुर्युग विकल्पितः ॥

રાજાની વાત સાંભળીને ભગવાન બ્રહ્મા હસી પડ્યા અને કહેવા લાગ્યા - હે રાજન્ ! તમે તમારા મનમાં જે - જે રાજકુમારોને વર રૂપે વિચાર્યા હતા તે બધા કાળના પ્રવાહમાં સમાઈ ગયા છે. અત્યારે તો એમના પુત્ર, પૌત્ર અને પ્રપૌત્રના ગોત્ર (વંશ)ના નામ પણ સાંભળવામાં આવતા નથી કેમ કે એની વચ્ચે પૃથ્વી પર ૨૭ ચતુર્યુગ (ત્રિણવ - ચતુર્યુગ)નો સમય વીતી ચૂક્યો છે.’

ભાગવત મહાપુરાણના મૂળ શ્લોકોમાં બ્રહ્માજીના બ્રહ્મલોકની સમય અવધિ માટે ‘ક્ષણમ્’ અને પૃથ્વી લોકની અવધિ માટે ‘ત્રિણવચતુર્યુગ’ શબ્દનો પ્રયોગ એ વાતનું સ્પષ્ટ પ્રમાણ છે કે બ્રહ્માંડના વિભિન્ન લોકો અથવા સંદર્ભ તંત્રો (Frames of Refrence) માં સમયની ગતિ એક સમાન નથી હોતી. ભારતીય કાળ ગણના અનુસાર એક ચતુર્યુગ પૃથ્વીના ૪૩ લાખ ૨૦ હજાર વર્ષો બરાબર હોય છે, જેનો અર્થ એ છે કે બ્રહ્મલોકની થોડી ક્ષણ પૃથ્વીના લગભગ ૧૧ કરોડ ૬૬ લાખ વર્ષો બરાબર હતી.

આધુનિક વિજ્ઞાનના દ્રષ્ટિકોણથી આ ઘટનાનું વિશ્લેષણ કરવાથી તે એકદમ સ્પષ્ટ રીતે આલ્બર્ટ આઈન્સ્ટાઇનના સામાન્ય અને



વિશેષ સાપેક્ષતાના સિદ્ધાંત (General and Special Theory of Relativity) ની જ વાત કરે છે. આઈન્સ્ટાઇને એ સિદ્ધ કર્યું કે સમય કોઈ નિરપેક્ષ (Absolute) કે સ્થિર ઈકાઈ નથી, પણ તે ગુરુત્વાકર્ષણ (Gravity) અને ગતિ (Speed) ના પ્રભાવમાં બદલાતો રહે છે. જો કોઈ વ્યક્તિ પ્રકાશની ગતિની નજીકની ગતિએ યાત્રા કરે છે કે અત્યધિક ઉચ્ચ ગુરુત્વાકર્ષણ ક્ષેત્ર (જેમ કોઈ વિશાળ તારા કે બ્લેકહોલની નજીક)માં રહે છે તો એના માટે સમયની ગતિ અત્યંત ધીમી થઈ જાય છે જેને વિજ્ઞાનની પરિભાષામાં ગ્રેવિટેશનલ ટાઇમ ડાયલેશન (Gravitational Time Dilation) કહેવામાં આવે છે.

વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં બ્રહ્મલોકને એક આવા જ ઉચ્ચ ગુરુત્વાકર્ષણ કે ઉચ્ચ આયામ (Higher Dimension) વાળા લોકના રૂપમાં સમજી શકાય છે જ્યાં કાળનો પ્રવાહ પૃથ્વીની સરખામણીમાં લાખો ગણો ધીમો હોય. એ જ કારણ છે કે પૃથ્વી પર યુગોનું પરિવર્તન થઈ ગયું, પણ રાજા ક્કુદ્મી અને રેવતીના આયુષ્યમાં કોઈ ફરક ન પડ્યો.

આ વૈજ્ઞાનિક સિદ્ધાંતની વાત શ્રીમદ્ ભગવદ્ગીતાના આઠમા અધ્યાયના સત્તરમાં શ્લોકમાં પણ જોવા મળે છે. તે પણ બ્રહ્માંડીય સમય (Cosmic Time) અને રિલેટિવિટીની અવધારણાને સ્પષ્ટ રીતે પરિભાષિત કરે છે - ‘सहस्त्रयुगपर्यंतमहर्ष ब्रह्मणो विदुः । रात्रिं युगसहस्त्रान्तां तेऽहोरात्रविदो जनाः ॥ જે તત્ત્વજ્ઞાની મનુષ્ય બ્રહ્માના એક દિવસને એક હજાર ચતુર્યુગો (મહાયુગો) સુધીની અવધિવાળો અને રાત્રિને પણ એક હજાર ચતુર્યુગોની અવધિવાળી જાણે છે, તે જ દિવસ અને રાત્રિના (અર્થાત્ સમયની સાપેક્ષતાના) રહસ્યને જાણનારા છે.’

ભારતીય કાળ ગણના અનુસાર એક ચતુર્યુગ પૃથ્વીના ૪૩ લાખ ૨૦ હજાર વર્ષો બરાબર હોય છે, બ્રહ્મલોકની થોડી ક્ષણ પૃથ્વીના લગભગ ૧૧ કરોડ ૬૬ લાખ વર્ષો બરાબર હતી...

એક ચતુર્યુગમાં સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપર યુગ અને કલિયુગ સમાવિષ્ટ થાય છે જેની કુલ અવધિ પૃથ્વીના ૪૩,૨૦,૦૦૦ માનવ વર્ષ જેટલી થાય છે. આ શ્લોક અનુસાર બ્રહ્માનો એક દિવસ ૪.૩૨ અબજ વર્ષનો થાય છે અને એમની રાત્રિનો સમય પણ એટલો જ લાંબો હોય છે. આ શ્લોક થકી ભગવાન શ્રીકૃષ્ણ એ સમજાવે છે કે બ્રહ્માંડમાં સમયનો ગાળો પ્રત્યેક લોક માટે જુદો-જુદો છે. જે રીતે મનુષ્યોનું એક વર્ષ દેવતાઓનો એક દિવસ હોય છે, તે રીતે બ્રહ્માનો એક દિવસ અબજો વર્ષો બરાબર હોય છે.

આ બ્રહ્માંડીય સમયની ગણનાની પુષ્ટિ ગીતાના ઉપરોક્ત શ્લોકમાં થાય છે જ્યાં બ્રહ્માનો એક દિવસને એક હજાર ચતુર્યુગો અને રાત્રિને પણ એટલી અવધિવાળી બતાવી છે જે આધુનિક ખગોળવિજ્ઞાન દ્વારા નિર્ધારિત પૃથ્વી અને સૌરમંડલનું આયુષ્ય (4.54 x 10 raised to nine) વર્ષની અત્યંત નિકટ છે. જ્યારે રાજા ક્કુદ્મી બ્રહ્માજીના નિર્દેશ પ્રમાણે પાછા પૃથ્વી પર ફર્યા તે વખતે ત્યાં દ્વાપર યુગ ચાલી રહ્યો હતો અને જૈવિક વિકાસ ક્રમને કારણે મનુષ્યોની સરેરાશ ઊંચાઈ અને આયુષ્ય ઓછા થઈ ગયા હતા. બ્રહ્માજીએ કહ્યું હતું તે પ્રમાણે ક્કુદ્મી (રેવત) રેવતીના લગ્ન ભગવાન શ્રીકૃષ્ણના મોટાભાઈ બળરામ સાથે કરાવ્યા હતા. આમ, આ કથા માત્ર એક પૌરાણિક વૃત્તાંત નથી, પણ સ્પેસ-ટાઇમ કર્વેચર (Spacetime curvature) અને રિલેટિવિટીનું એક સચોટ વૈચારિક મોડલ છે.

તત્કાળ જાગતો આવેશ અને ઈમોશનલ મેનેજમેન્ટ!

જાણ્યું છતાં અજાણ્યું

મુનીન્દ્ર


તાજેતરના સમાચારથી આપણા ગંભીર સંવાદનો પ્રારંભ કરીએ. જુઓ, અનિયંત્રિત આવેશ આજના યુગમાં કેવી તબાહી સર્જતો હોય છે ! મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં પ્રેમિકાના લગ્ન અન્ય યુવક સાથે નક્કી થતા એના પ્રેમીએ પાંચસો ફૂટ ઊંડી ખીણમાં પોતાની પ્રેમિકાને ધકેલી દીધી હતી ! તો બીજી બાજુ પૂણેમાં કન્યાએ પોતાના મંગેતરને મહારાષ્ટ્રના લોહગઢના કિલ્લા પરથી ફેંકી દઈ એની હત્યા કરી હતી. આ ઘટના એ આજકાલની ઘટના છે, કોઈ પુરાણી ઘટના નથી કે કોઈ કાલ્પનિક કથા નથી, બલ્કે આસપાસની વાસ્તવિકતા છે અને એ બતાવે છે કે માનવીનો આવેશ એના ઈરાદાને કેવો વિકૃત હત્યારો બનાવી શકે છે.

આજના યુગમાં માનવી પ્રોફેશનલ હોય કે પછી કારખાનાનો મજદૂર હોય, પરંતુ એ બધામાં આવેશનું પ્રમાણ જોવા મળે છે. કેટલીક વ્યક્તિઓનો તો આવેશ એ જ એના સ્વભાવની ઓળખ છે. એ કોઈ પણ મુદ્દો રજૂ કરે કે પછી કોઈ પણ વાત કહેતો હોય, તો તેમાં એક પ્રકારનો ઉશ્કેરાટ હોય છે. પરિણામ એ આવે છે કે આ ઉશ્કેરાટ પછી તે વ્યસનથી થયો હોય, સ્વભાવગત થયો હોય, કામના બોજને કારણે હોય, પ્રેમમાં મળેલી નિષ્ફળતાને લીધે હોય કે કોઈ અણગમતી ઘટના અંગે હોય - પણ એ બધામાં એનો ઉશ્કેરાટ એ માત્ર એના શબ્દોમાં જ પ્રગટ થતો નથી, બલ્કે એના વર્તનમાં પણ પ્રગટ થાય છે.

જરા તમે તમારા મનમાં આવતા આવેશ કે ગુસ્સાની ચિકિત્સા કરો અને તપાસ કરો કે કઈ કઈ બાબતો તમારામાં આવેશ જગાડે છે?

આવા ઉશ્કેરાટ સમયે એ વ્યક્તિને કોઈ પ્રશ્ન પૂછે તો પસંદ પડે નહીં. કોઈ અણગમતી પરિસ્થિતિ જુએ તો તરત એના પ્રત્યે આક્રોશ દાખવશે. એમાં પણ આજનો માનવી ટાર્ગેટ પૂરા કરવાના હેતુથી કામ કરતો હોય, ત્યારે એના મન પર જે બોજો ખડકાયો હોય છે, તેમાંથી કોઈ એને સહેજ બીજી વાત કરે તો પસંદ પડતું નથી. માનસિક સ્ટ્રેસને કારણે એ ક્યાં તો બીજાની ઉપેક્ષા કરે છે અથવા તો મોબાઈલમાં ડૂબી જાય છે અને એથી જ એના આવેશનું એક કારણ વિપરીત પરિસ્થિતિ હોય છે.

જરા તમે તમારા મનમાં આવતા આવેશ કે ગુસ્સાની ચિકિત્સા કરો અને તપાસ કરો કે કઈ કઈ બાબતો તમારામાં આવેશ જગાડે છે ? મજાની વાત તો એ છે કે દરેક વ્યક્તિનાં આવેશનાં કારણો જુદાં જુદાં હોય છે. એક અર્થમાં કહીએ તો કેટલાકને શાકમાં મીઠું ઓછું પડ્યું હોય તો તરત જ ગુસ્સો જાગે છે, તો કેટલાકને સમયપાલન ન થાય તો તરત જ અકળામણ થાય છે અને તેને ગુસ્સો આવી જાય છે. સીધીસાદી વાત એ કે વ્યક્તિ જે ઇચ્છે તેવું ન થાય ત્યારે એના ચિત્તમાં આવેશ જાગતો હોય છે.



જે વ્યક્તિ દોષારોપણ કરે છે એ વ્યક્તિ દોષિત વ્યક્તિ કરતાં પણ વધુ પરેશાન થતો હોય છે, કારણ કે દોષારોપણ કરવા માટે એણે ઘણી મહેનત કરી હોય છે...

આપણે જાણીએ છીએ કે પ્રત્યેક વ્યક્તિનું કાર્ય, વર્તન, વિચાર અને આચરણ એ ભિન્ન ભિન્ન હોય છે અને મોટેભાગે એના સિદ્ધાંત કે માન્યતાનો ભંગ થતો જુએ, ત્યારે એને આવેશ કે ગુસ્સો આવે છે. ઘણી વ્યક્તિઓ કામમાં અતિ વ્યસ્ત હોય અને એમાં કોઈ સહેજ ખલેલ પહોંચાડે એટલે તરત જ એને ગુસ્સો અને આવેશ જાગે છે. એનો ‘સ્ટ્રેસ’ એના મન પર વિપરિત અસર કરે છે. કેટલાકને જલ્દીથી પોતાના સ્થાને પહોંચવું હોય પણ ટ્રાફિકમાં ઘેરાઈ જાય એટલે પારાવાર આવેશ આવે છે અને સમય જતાં આ આવેશ એ એની પ્રકૃતિ બની જાય છે.

કોઈ તમારા વ્યક્તિત્વને ખોટી રીતે મુલવે તો પણ એના પ્રત્યે આવેશ આવે છે અને કદાચ કોઈ દુર્વ્યવહાર કરે તો પણ આવો આવેશ આવે છે અને આ આવેશમાં વ્યક્તિ તત્કાળ પ્રતિક્રિયા આપે છે. એને સામેની વ્યક્તિના સંજોગો સમજવાની સહેજે દરકાર હોતી નથી, પણ પોતાની જાતને કે વાતને અભિવ્યક્ત કરવાની અતિશય ઉતાવળ હોય છે.

વર્ષો પહેલાં વાત થઈ હતી ‘કોમ્યુનિકેશન’ની અને એના માટેની ટેકનોલોજીની, પણ ધીરે ધીરે ટેકનોલોજીનો વિકાસ થતા માનવી બીજા માનવીથી વધુને વધુ દૂર થઈ ગયો છે. એક જમાનામાં દાદા, પિતા અને પુત્ર એ ત્રણેય એકબીજા સાથે ગૂંથાયેલા રહેતા હતા. આજના સમયમાં પતિ-પત્ની બંને વ્યવસાય કરતા હોય, ત્યારે એમની વચ્ચે પણ ઘણું અંતર જોવા મળે છે. માણસ જ્યારે બજાર બન્યો છે ત્યારે માલની જેમ કિંમત ચુકવવી પડે એ રીતે આજે કામનાં કલાકો પુષ્કળ વધી ગયા છે. વળી એમાં પણ કમ્પ્યૂટર કે આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સની સાથે કામ પાર પાડવાનું હોય તો સતત એક તનાવ રહેતો હોય છે અને આ તનાવ વ્યક્તિને પોતાની આસપાસના સમાજથી વિખુટો પાડી દે છે. એ એટલો બધો એનાથી વિખુટો પડી જાય છે કે એને એના સ્વજનોની સંવેદના પણ સમજાતી નથી અને એક આવેશભર્યો સમાજ અથવા તો ઉતાવળમાં દોડતો સમાજ આજે જોવા મળે છે.

આજે આ આવેશને કારણે સોશિયલ મીડિયામાં આવતી પોસ્ટ એ કોઈને કોઈ દ્રષ્ટિકોણથી રજૂ થતી હોય છે. કોઈ પણ બાબતનો સમગ્ર, શાંતિપૂર્વક અને સ્વસ્થતાથી વિચાર કરવો એ વૃત્તિએ હવે વિદાય લેવા માંડી છે. કોઈ આપણી ધારણા મુજબ કરે નહીં એટલે તરત જ વ્યક્તિમાં એક પ્રકારનો ગુસ્સો જાગે છે અથવા તો આપણે ઇચ્છીએ તેમ કરે નહીં તો પણ ગુસ્સો જાગે છે, પણ એ સમયે આપણે વિચારવું જોઈએ કે, ‘આપણે શું સ્વીકારીએ છીએ ? આપણે પોઝિટીવ કે નેગેટિવ કયા પ્રકારે મનોવલણ દાખવીએ છીએ?’

એ સમયે આવેશથી પ્રતિક્રિયા આપવાને બદલે પરિસ્થિતિ પ્રત્યે સ્વીકારભાવ દાખવી શકું છું કે નહીં, એ બાબત તમારી પાસે ઉત્તર માગે છે. જો તમે ઈમોશનલ મેનેજમેન્ટ કરી શકતા હો તો તાત્કાલિક અકળાશો નહીં અને તત્કાળ ગુસ્સાનું નિવારણ થતા તમે એનું બીજું પાસુ પણ જોઈ શકશો અને એ રીતે તમે આવેશમાંથી ઉગરી જશો.

આનો એક ઉપાય છે કે તમે ગુસ્સાને ગળી જાવ અને ગુસ્સાને ગળી જવા માટે તમારે મનને તૈયાર કરવું પડશે. તમારા મનની અંદર જો દ્વેષ કે નિંદા હશે તો તમારું મન ગુસ્સાથી ભરાયેલું રહેશે. એ સતત તમને પરેશાન કરતું રહેશે અને એટલે જ તમારું મન પવિત્ર ફૂલોનો ગુલદસ્તો હોવું જોઈએ, વિકાર પૂર્ણ વિષનો પ્યાલો નહીં. તમને પરેશાન કરનારા લોકોમાંથી મોટાભાગના તો મેચ્યોરિટીનો અભાવ ધરાવતા હોય છે અથવા તો સાવ અજ્ઞાની હોય છે. તો શું તમે એના અજ્ઞાન અને અપરિપક્વતાથી પરેશાન થાવ એ યોગ્ય ગણાય ખરું ?

જે વ્યક્તિ દોષારોપણ કરે છે એ વ્યક્તિ દોષિત વ્યક્તિ કરતાં પણ વધુ પરેશાન થતો હોય છે, કારણ કે દોષારોપણ કરવા માટે એણે ઘણી મહેનત કરી હોય છે, સાચી કે ખોટી માહિતી મેળવવા દોડધામ કરી હોય છે, પછી એના દોષોને મનમાં વાગોળ્યા હોય છે, એની નેગેટિવિટીમાં ઉમેરો કર્યો હોય છે અને પરિણામ એ આવે છે કે તમે જેને દોષિત ઠેરવીને જખમ પહોંચાડવા માગો છો, તેના કરતા કેટલાંય વધુ જોખમ તમે તમારા મનમાં સહન કરો છો.

આને માટે તમે તમારી શાંતિ ખોઈ હશે, કામને બાજુએ મુક્યું હશે, વખત આવ્યે ઉજાગરા પણ કર્યા હશે, પારાવાર દોડધામ કરી હશે, એસિડિટી કે અલ્સરના ભોગ પણ બન્યા હશો - એટલે આનો અર્થ એ કે તમે કોઈના પર ગુસ્સે થાવ, ત્યારે આ સઘળી બાબતોનો વિચાર કરવો જોઈએ.

૧૯૭૧માં ભારતીય ક્રિકેટ ટીમે વેસ્ટ ઇન્ડિઝ અને ઇંગ્લેન્ડ સામે એમની જ ધરતી પર ટેસ્ટશ્રેણીમાં વિજય મેળવ્યો. આથી તમામ દિગ્ગજ ખેલાડીઓની સહીઓનાં નામો કોતરીને ઈંદૌરમાં કોંક્રીટનું વિશાળ બેટ મુકવામાં આવ્યું જે ‘વિજય બેટ’ તરીકે ઓળખાતું હતું, પણ એ પછી ૧૯૭૩માં ભારતનો પરાજય થતા લોકોએ પોતાનો ગુસ્સો આ કોંક્રીટના બેટ પર ઠાલવ્યો. ત્યારબાદ ૨૦૦૯માં એનું સુકાની અજિત વાડેકરે ફરી ઉદ્ઘાટન કર્યું, ત્યારે કહ્યું કે, ‘આશા રાખું છું કે હવે ફરી કોઈ આ બેટને ક્ષતિ પહોંચાડે નહીં.’ આમ આવેશથી બનતી ઘટના પણ વિપરીત સ્થિતિ સર્જતી હોય છે.

ઘણી વ્યક્તિઓ આવેશ કર્યા બાદ પસ્તાઈને કહેતી હોય છે કે, ‘હું જરા આવેશમાં આવીને આવું બોલી ગયો હતો.’ એનો અર્થ જ એ કે એનું મન આ પરિસ્થિતિ પર અંકુશ રાખી શક્યું નહીં અને એ આવેશ કરી બેઠો. આથી મનોવિજ્ઞાન આવેશ એટલે કે ઈમ્પલ્સ (Impulse) વિશે કહે છે કે, ‘લાંબા ગાળાના પરિણામોનો વિચાર કર્યા વિના એકાએક ઉદ્ભવતી ઇચ્છા કે પ્રેરણાને આધારે તત્કાળ કોઈ પ્રતિક્રિયા કે કાર્ય કરવું. વિચાર્યા વગર ઉશ્કેરાટમાં બોલી નાખવું’ અને આવો આવેશ તમારા જીવનમાં શું શું ઉલ્કાપાત સર્જી ગયો એને વિશે ગંભીરપણે વિચારવું જોઈએ.

મહાવિદ્યા માતંગીની અધિષ્ઠાત્રી દેવી સાથે સંકળાયેલો વિનિયોગ

સનાતન તંત્ર

બ્રહ્મચારી પરખ ઓમ

વાગ્બીજ મંત્ર (ઐં)નું અનુષ્ઠાન કરતી વેળા તેમાં જે વિનિયોગનો પ્રયોગ થાય છે, તેના ષડાંગમાંના ચાર અંગોને સમજી લીધા પછી આજે ‘હ્રીં’ વિશે જાણવાનો સમય છે. વિનિયોગમાં કીલક નામનું પાંચમું અંગ ન હોવાને લીધે હવે ફક્ત એક અંગ ‘શક્તિ’ વિશે સમજવાનું શેષ રહે છે.

વાગ્બીજ અર્થાત્ ‘ઐં’ બીજમંત્રનો વિનિયોગ :

ॐ अस्य सरस्वती मन्त्रस्य ब्रह्मा ऋषिः
गायत्री छन्दः महासरस्वती देवता
ऐं बीजम् ह्रीं शक्तिः
मम सर्वाभीष्टसिद्धये जपे विनियोगः ।

તો, છઠ્ઠું અને અંતિમ અંગ છે, ‘હ્રીં શક્તિ’! ગયા અંકે જોયું એમ હ્રીં માયાબીજ છે, મા લક્ષ્મીનો મૂળ બીજમંત્ર છે અને સાથોસાથ સર્વોચ્ચ મહાવિદ્યા મહાત્રિપુરસુંદરીનો પણ મૂળ બીજમંત્ર છે. જો બીજ તરીકે મનુષ્યની ચેતનામાં ‘ઐં’ વાવવામાં આવશે, તો ભવિષ્યમાં ઊગનારા વૃક્ષમાંથી સમૃદ્ધિ, ઐશ્વર્ય, સંપદા, ધન-ધાન્ય જેવાં ફળોની પ્રાપ્તિ પણ થશે. મનુષ્ય જેટલું પોતાના વિકાસ માટે જ્ઞાનને પ્રાધાન્ય આપે છે, એટલું તેના જીવનમાં ભૌતિક સમૃદ્ધિ આપોઆપ ઉમેરાતી જાય છે.

જો કેવળ મા લક્ષ્મીને આહ્વાન આપવામાં આવે, તો શક્ય છે કે તેઓ ક્ષણભર માટે મનુષ્યના જીવનમાં નિવાસ કરે અને એ પછી પ્રસ્થાન કરી દે! પરંતુ મા સરસ્વતીને આહ્વાન આપવાથી સાધકના જીવનમાં લક્ષ્મી આપોઆપ આકર્ષાય છે અને ધીરે ધીરે સ્થાયી થવાની શરૂઆત કરી દે છે. ઋષિ-મુનિઓએ એક વસ્તુ પામી લીધી હતી કે જીવનમાં સઘળી મંત્રસિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે સૌપ્રથમ જ્ઞાનરૂપી બીજનું વાવેતર જરૂરી છે. એટલું કર્યા પછી મનુષ્યની મોટાભાગની મહેનત સમાપ્ત થઈ જાય છે.

આ વિનિયોગના બે અલગ અલગ સંસ્કરણ પ્રાપ્ત થાય છે. પહેલા વિનિયોગમાં ‘હ્રીં શક્તિ’ છે અને બીજામાં ‘શ્રીં શક્તિ’ છે. આ સિવાય બાકીનું બધું એકસમાન છે. તો, હવે સાધકે આ બંનેમાંથી કયા વિનિયોગને પ્રાધાન્ય આપવું જોઈએ? અહીં એ સમજવું પડે કે ‘શ્રીં’ અને ‘હ્રીં’ બંને મા લક્ષ્મીના બીજમંત્રો છે. ‘શ્રીં’ તો દસમી મહાવિદ્યા મા કમલાત્મિકાનો પણ મૂળ બીજમંત્ર છે. બીજી બાજુ, ‘હ્રીં’એ મા લલિતાનો બીજમંત્ર છે. સાધકે વાગ્બીજની સાધના કરતી વેળા હંમેશા વિનિયોગનું ઉચ્ચારણ કરતી વેળા ‘હ્રીં શક્તિ’નો ઉલ્લેખ કરવો જોઈએ.



જો બીજ તરીકે મનુષ્યની ચેતનામાં ‘ઐં’ વાવવામાં આવશે, તો ભવિષ્યમાં ઊગનારા વૃક્ષમાંથી સમૃદ્ધિ, ઐશ્વર્ય, સંપદા, ધન-ધાન્ય જેવાં ફળોની પ્રાપ્તિ પણ થશે...

એનું કારણ એ કે ‘ઐં’ બીજમંત્ર એ માતંગી દેવીનો મંત્ર છે અને તેઓ મા લલિતાના એક પ્રિય મંત્રિણી - રાજમાતંગી - સ્વરૂપમાં બિરાજમાન છે. શ્રીવિદ્યા પરંપરા અને સાધનામાં રાજમાતંગીની ઉપાસના નિતાંત આવશ્યક માનવામાં આવે છે. આથી, મા માતંગીની મૂળ શક્તિ અર્થાત્ અધિષ્ઠાત્રી દેવી તરીકે મા લલિતા વિદ્યમાન છે. અહીં બીજ ‘ઐં’ માતંગી દેવીનું છે, પરંતુ એ બીજ જેના થકી ચલાયમાન થઈ શકે, એ શક્તિ એટલે કે ઊર્જા ‘હ્રીં’ બીજમંત્રમાંથી તેને પ્રાપ્ત થાય છે. તંત્રના દ્રષ્ટિકોણથી વિચારીએ તો, દેવી ત્રિપુરસુંદરીમાંથી માતંગીનું પ્રાગટ્ય થયું. એ કથા થોડા અઠવાડિયાં પહેલાં આ લેખમાળા અંતર્ગત સંપન્ન થઈ. આથી, દેવી માતંગીનું મૂળ ચાલકબળ અંતે તો મા લલિતા જ છે. આથી, દેવી માતંગીના ‘ઐં’ બીજને સક્રિય કરનારી શક્તિ દેવી લલિતાના મૂળ બીજમંત્ર ‘હ્રીં’માં છુપાયેલી હોવાને લીધે વિનિયોગમાં એ ‘શક્તિ’ તરીકે બિરાજમાન છે.

અંતે, જ્ઞાન પૂરું પાડનારા વાગ્બીજનું સૌથી મોટું જમાપાસું એ છે કે તે મનુષ્યને ક્યારેક દુવિધામાં નથી ફસાવતું. મનુષ્ય કદાચ પોતાના જીવનમાં આગળ શું કરવું એનું જ્ઞાન ભલે ન ધરાવતો હોય, પરંતુ શું ન કરવું એનું જ્ઞાન ધરાવતો થઈ જાય તો મોટાભાગનો સમાજ સુધરી જાય. જ્ઞાની વ્યક્તિને સમય સમયાંતરે કોઈ ને કોઈ ઈશ્વરીય સહાય પ્રાપ્ત થઈ જ જતી હોય છે. તેના જીવનમાં અન્ય માણસોની જેમ ભલે કદાચ સંઘર્ષોની ઓછપ ન હોય, પરંતુ જ્ઞાનને કારણે તેનો સંઘર્ષ કદી આરોપ-પ્રત્યારોપ અથવા હતાશામાં નહીં પરિણમે. સતત જ્ઞાન પ્રાપ્ત કર્યે રાખવાની ઈચ્છા તેને પોતાના જીવનમાં અવનવા શિખરો સર કરવાની પ્રેરણા આપશે અને એ અંતે સફળતામાં પરિવર્તિત થતાં ઝાઝો સમય નહીં લાગે.

વારંવાર ન્યુમોનિયા થાય છે? તેની પાછળ DNAની ખામી તો નથી ને!

ડૉ. જયેશ શેઠ

ન્યુમોનિયા એટલે ફેફસાંનો ચેપ. સામાન્ય રીતે આપણે માનીએ છીએ કે બેક્ટેરિયા કે વાઇરસના ચેપથી ન્યુમોનિયા થાય છે. પરંતુ શું તમને ખબર છે કે વારંવાર ન્યુમોનિયા થવા પાછળ આપણા શરીરના DNAમાં રહેલી ખામી પણ જવાબદાર હોઈ શકે છે?.ખાસ કરીને નાનાં બાળકોમાં વારંવાર ન્યુમોનિયા થતો હોય, ઉધરસ અને કફ લાંબા સમય સુધી મટતાં ન હોય અને બાળકનું વજન યોગ્ય રીતે વધતું ન હોય તો તેની પાછળ Cystic Fibrosis (CF) નામનો આનુવંશિક રોગ હોઈ શકે છે.



ન્યુમોનિયા બાળકો માટે કેટલો ગંભીર છે?

ભારતમાં દર વર્ષે પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં અંદાજે ૧,૨૭,૦૦૦થી ૧,૫૦,૦૦૦ બાળકો ન્યુમોનિયાના કારણે મૃત્યુ પામે છે. એટલે કે દરરોજ આશરે ૩૫૦થી ૪૧૦ બાળકો આ રોગનો ભોગ બને છે. આ આંકડા દર્શાવે છે કે આપણા દેશમાં ન્યુમોનિયા બાળમૃત્યુનું એક મહત્ત્વનું કારણ છે. બેક્ટેરિયા અને વાઇરસના ચેપ ઉપરાંત ગંદકી, સ્વચ્છતાનો અભાવ, હવાનું પ્રદૂષણ, કુપોષણ અને રોગપ્રતિકારક શક્તિની નબળાઈ પણ ન્યુમોનિયાનું જોખમ વધારી શકે છે.પરંતુ વારંવાર ન્યુમોનિયા થતો હોય ત્યારે માત્ર ચેપની સારવાર કરવી પૂરતી નથી. તેની પાછળનું મૂળ કારણ શોધવું પણ એટલું જ જરૂરી છે.

DNAમાં રહેલી એક ખામી ફેફસાંને કેવી રીતે અસર કરે છે?

આપણા શરીરમાં રહેલા DNAમાં હજારો જનીનો (Genes) હોય છે. આ જનીનો શરીરનાં જુદાં જુદાં અંગો કેવી રીતે કામ કરશે તેનું નિયંત્રણ કરે છે.આવા જ એક મહત્ત્વના જનીનનું નામ છે CFTR Gene. આ જનીન ફેફસાં અને શરીરના અન્ય અંગોમાં મીઠાના ઘટકો (Salt) અને બાઇકાર્બોનેટનું પ્રમાણ જાળવવામાં મદદ કરે છે. જ્યારે આ જનીનમાં જન્મથી જ ખામી હોય ત્યારે શરીરમાં બનતો કફ જાડો અને ચીકણો બની જાય છે. પરિણામે ફેફસાંમાં કફ જમા થવા લાગે છે અને વારંવાર ચેપ લાગવાની શક્યતા વધી જાય છે.

ન્યુમોનિયા અને સિસ્ટિક ફાઇબ્રોસિસ (Cystic Fibrosis) વચ્ચેનો સંબંધ જાણવો દરેક માતા-પિતા માટે જરૂરી છે

આ રોગને Cystic Fibrosis કહેવામાં આવે છે.આ એક આનુવંશિક રોગ છે. સામાન્ય રીતે બાળકને માતા અને પિતા બંને તરફથી આ જનીનની ખામીવાળી નકલ મળે ત્યારે આ રોગ થાય છે.

આ રોગનાં લક્ષણો કેવી રીતે ઓળખવાં?

આ રોગનાં લક્ષણો બાળકની ઉંમર પ્રમાણે જુદાં જુદાં હોઈ શકે છે. નાનાં બાળકોમા :

જન્મ પછી આંતરડામાં અવરોધ થવો, જન્મના પ્રથમ મળ (Meconium) બહાર ન નીકળવો, પેટ ફૂલવું અને પાચનની તકલીફ થવી વારંવાર છાતીમાં ચેપ લાગવો.

અનુસંધાન પાનાનં ૦૬ પર

પરમાણુ શસ્ત્રો વિકસાવવાની બાબતમાં જગતના અગ્રણી દેશોમાં જોવા મળી રહેલું વિરોધાભાસી વલણ!

Nuclear Arsenal...!

અણુ શસ્ત્રભંડાર ક્ષેત્રે છેલ્લાં ૨૦ વર્ષનું સરવૈયું

પરમાણુ શસ્ત્રો વિકસાવવાની બાબતમાં પહેલ કરનાર દેશ નિઃશંકપણે અમેરિકા જ ગણાય. અમેરિકાએ જ જુલાઈ-૧૯૪૫ દરમ્યાન પરમાણુ શસ્ત્રો વિકસાવવાની શરૂઆત કરી હતી. જો,કે જર્મનીના નાઝીઓ દ્વારા અણુ શસ્ત્રો વિકસાવવાની દહેશતે ૧૯૩૯ના વર્ષથી અમેરિકાની સરકારે પોતાના વૈજ્ઞાનિકોની મદદ લઈને અણુ શસ્ત્રો ભણી ધ્યાન કેન્દ્રિત કરી દીધું હતું. તે પછી, ૧૯૪૯ના ઓગષ્ટ દરમ્યાન રશિયાએ પરમાણુ શસ્ત્રોની જાહેરાત કરી. ૧૯૫૨ના વર્ષમાં યુનાઈટેડ કિંગડમ દ્વારા પરમાણુ શસ્ત્રો બનાવવાની શરૂઆત કરવામાં આવી. ફ્રાંસે ૧૯૬૦માં-ચીને ૧૯૬૪માં-ઈઝરાઈલે ૧૯૬૮માં-ભારતે ૧૯૭૪માં-પાકિસ્તાને ૧૯૯૮માં અને નોર્થ કોરીયાએ છેક ૨૦૦૬ દરમ્યાન ન્યુક્લિયર ટેસ્ટ હાથ પર લીધાં...

Nuclear Arsenal (અણુ શસ્ત્ર ભંડાર) એટલે શું?

ન્યુક્લિયર વોરહેડ્સ-બોમ્બ-વેલિસ્ટીક મિસાઈલ્સ-સ્ટ્રેટેજિક બોમ્બર વગેરે મળીને યુદ્ધનાં એવાં સાધનો કોઈ દેશ પોતાની સેનાના વપરાશ માટે વિકસાવે અને યુદ્ધ રોકવા અથવા યુદ્ધ કરી લેવા માટે તેનો ઉપયોગ કરવાનું નક્કી હોય તે બધો ઉદ્યમ અણુ શસ્ત્ર ભંડાર અંતર્ગત આવે છે.

જ્યારે કોઈ ન્યુક્લિયર ડિવાઈસ ધડાકો કરે છે ત્યારે ત્યાં ખતરનાક એનર્જી છૂટે છે. બ્લાસ્ટ વેઝ ત્યાંનું સ્ટ્રક્ચર એકદમ ચપટું કરી નાખે છે. થર્મલ રેડીયેશન દ્વારા ભયંકર અજવાળું અને સખત ગરમી છોડે છે જેનાથી અગ્નિનું તોફાન જામે છે. આયનાઈઝીંગ રેડીયેશન અને ફોલ-આઉટ દ્વારા જીવલેણ કચરો હવામાં ભળે છે-દૂર દૂર સુધી જળ-સ્થળ અને હવા એમ ત્રણેય દિશામાં તબાહી મચી જાય છે.



કયા -કયા દેશોએ Nuclear Arsenal (અણુ શસ્ત્ર ભંડાર) ક્ષેત્રે પીછેહઠ કરી લીધી?

આપણે ઈ.સ.૨૦૨૦ થી ઈ.સ. ૨૦૨૬ સુધીનો હિસાબ માંડીએ તો, જગતના કુલ ૪ અગ્રણી દેશોએ અણુ શસ્ત્ર ભંડાર ક્ષેત્રે આશ્ચર્યપ્રેરક પીછેહઠ કરી લીધી છે ! ઈ.સ.૨૦૦૬માં અમેરિકા પાસે ૭૮૫૩ વોરહેડ્સ હતાં જે ૨૦૨૬ દરમ્યાન માત્ર ૩૭૦૦ છે ! અમેરિકા ન્યુક્લિયર બોમ્બ ક્ષેત્રે પાયોનિયર દેશ છે તો પણ, અંતિમ ૨૦ વર્ષમાં તેણે આ ક્ષેત્રે પીછેહઠ કરી લીધી હોય તેવું જણાઈ આવે છે. ન્યુક્લિયર ક્ષેત્રે જગતનો બીજા નંબરનો દેશ રશિયા જેની પાસે ૨૦૦૬ દરમ્યાન ૬૬૪૩ વોરહેડ્સ હતાં જે ૨૦૨૬ દરમ્યાન માત્ર ૪૪૦૦ રહી ગયાં છે ! ફ્રાંસ પાસે ૨૦૦૬ દરમ્યાન જે ૩૫૦ વોરહેડ્સ હતાં તે ૨૦૨૬ દરમ્યાન માત્ર ૨૯૦ વોરહેડ્સ છે ! યુનાઈટેડ કિંગડમ પાસે ૨૦૦૬ દરમ્યાન ૨૪૫ વોરહેડ્સ હતાં જે ૨૦૨૬ દરમ્યાન ૨૨૫ પર આવી ગયું છે ! આમ, અણુ શસ્ત્ર ભંડાર ક્ષેત્રે વિશ્વના અગ્રણી દેશોએ પીછેહઠ કરી હોય તેવું જોવા મળી રહ્યું છે.

ચીન-ભારત-પાકિસ્તાનમાં Nuclear Arsenal (અણુ શસ્ત્ર ભંડાર) ક્ષેત્રે ખતરનાક ઉછાળો?

ચીન પાસે ઈ.સ. ૨૦૦૬ દરમ્યાન માત્ર ૨૩૫ વોરહેડ્સ હતાં જે ઈ.સ. ૨૦૨૬ દરમ્યાન ૬૨૦ થઈ ગયાં છે ! અંદાજે ત્રણ ગણો વધારો ! પાકિસ્તાન પાસે ઈ.સ. ૨૦૦૬ દરમ્યાન જે માત્ર ૫૦ વોરહેડ્સ હતાં તે ઈ.સ. ૨૦૨૬ દરમ્યાન ૧૭૦ થઈ ગયાં છે ! અને, આપણા ભારત દેશ પાસે ઈ.સ. ૨૦૦૬ દરમ્યાન માત્ર ૪૩ વોરહેડ્સ હતાં જે આંકડો ૨૦૨૬ દરમ્યાન ૧૯૦ પર પહોંચી ગયો છે...ઈઝરાયેલ પાસે ૨૦૦૬ દરમ્યાન ૮૦ વોરહેડ્સ હતાં જે ૨૦૨૬ દરમ્યાન નજીવા વધારા સાથે ૯૦ થઈ ગયાં છે. આમ, અણુ શસ્ત્ર ભંડાર ક્ષેત્રે આ ત્રણ દેશો ચીન-પાકિસ્તાન-ભારત કેમ મહાસત્તાઓ અમેરિકા-રશિયા વગેરેનું અનુકરણ નથી કરી રહ્યા તે સામાન્ય નાગરિકોની સમજ બહારનો વિષય છે. જગતના અગ્રણી દેશો વચ્ચે અણુ શસ્ત્ર ભંડાર બાબતે કેમ આવું વિરોધાભાસી વલણ જોવા મળી રહ્યું છે તે વિશ્વ-માનવી માટે એક વિચારણીય મુદ્દો બની રહે છે.

અમેરિકાએ પોતાનાં વોરહેડ્સ અંતિમ ૨૦ વર્ષમાં અડધાં કરી દીધાં અને, ચીને પોતાને ત્યાં વોરહેડ્સ ત્રણેક ગણા વધારી દીધાં !?

Nuclear Arsenal (અણુ શસ્ત્ર ભંડાર) બાબતે North Koreaનું વલણ સૌથી વધુ ચિંતાપ્રેરક

ઈ.સ. ૨૦૦૬ દરમ્યાન, નોર્થ કોરિયા પાસે એક પણ વોરહેડ્સ નહોતું ! અને, આજે વીસેક વર્ષે ઈ.સ. ૨૦૨૬ દરમ્યાન નોર્થ કોરિયા પોતાનાં ૬૦ વોરહેડ્સ સાથે પરમાણુ યુદ્ધ માટે સજ્જ થઈ રહ્યું છે... પૂર્વ એશિયાનો આ એક નાનકડો દેશ નોર્થ કોરિયા પોતાની પ્રજાને ભોજન-રહેઠાણ માટે દુનિયામાં સૌથી વધુ સબસીડી આપી રહ્યો છે-ત્યાં કોઈ કરવેરા પ્રજા પર લાદવામાં આવી નથી રહ્યા-૮૦%થી વધુ ટ્રાન્સપોર્ટેશન અહિ રેલ્વે ઉપર અવલંબી રહ્યું છે...માત્ર અઢી કરોડની વસ્તી ધરાવતો આ દેશ અણુ શસ્ત્ર ભંડાર બાબતે કેમ આટલો બધો ઉત્સાહી છે તે પણ દુનિયાની સમજ બહાર છે.

કૌશિક કુમાર દીક્ષિત

'શસ્ત્ર'થી 'શસ્ત્ર' કદાપિ જીત્યું નથી ત્યારે...

હિન્દીનાં પ્રખ્યાત કવિયિત્રી સ્વ. મહાદેવી વર્માએ વર્ષો પહેલાં પોતે આપેલા એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે... શસ્ત્રો સે શસ્ત્રો કભી જીત પાયા હૈ ક્યા ?! ...શું, આ વાત જગતના ત્રણેક મહારાષ્ટ્રોએ જ સમજમાં લીધી છે ? બીજા દેશોમાં કેમ અણુ -પરમાણુ શસ્ત્રોનો ભંડાર એકધારી વૃદ્ધિ કરી રહ્યો છે ?! ક્યાંક એવું તો નહિ હોય કે, જગતના અગ્રણી દેશો અમેરિકા-રશિયા વગેરે પોતાને ત્યાંના અણુ શસ્ત્ર ભંડારને પર્યાપ્ત સમજી રહ્યા છે ???

અંતિમ ૨૦ વર્ષના સમયગાળામાં અમેરિકાએ પોતાનો પરમાણુ શસ્ત્ર ભંડાર લગભગ અડધો કરી લીધો તો, ચીને તે અંદાજે ત્રણ ગણો કરી દીધો ...! આપણા ભારત દેશનો પરમાણુ શસ્ત્ર ભંડાર અંતિમ વીસેક વર્ષમાં પાંચ ગણો વધી ગયો એમ કહી શકાય!



કેવું -કેવું...એવું ?! (હઝલ)

મુખ મચકોડ્યું, હલ્યું હાડકું,
લોક ગણે કે, થયું ઠાવકું !
ગળે લગાડ્યું, ગણ્યું આપણું,
તો'ય હૃદય આ રહ્યું પારકું !
બળદ તજીને બદર જોતર્યા,
હડિયાપાટી હવે કાય'કુ ?
રોજ સપનમાં થતી જાતરા,
રોજ ઓશીકું બને બાચકું...
પતઝડ, સાવન, શરદ, નિદાઘે,
ઝીલે ઝરે ના કૈં જ ટાલકું !

- પંચમ શુક્લ

સીતાફળ ખાવું તે એક કળા છે, તમારે સીતાફળ ખાવાની કળા પણ શીખી લેવી જોઈએ...

સીતાફળ...ખાવાની તેમજ પકવવાની સાવ સરળ રીત !

સીતાફળ એક એવું ફળ છે જેણે હજુ સુધી કોઈ દેશના રાષ્ટ્રીય ફળનો દરજ્જો નથી લીધો ! તેમ, આપણા દેશના કોઈ રાજ્યે પણ હજુ સુધી આ સીતાફળને રાજકીય ફળ તરીકે જાહેર નથી કર્યું ! પણ, એવાં સન્માન નહિ મળવાથી કંઈ સીતાફળ ઓછું લોકપ્રિય નથી બની જતું. સીતાફળ દુનિયાભરમાં ખૂબ જ લોકપ્રિય છે, દેખાવમાં તે જેટલું સુંદર જણાય છે તેટલું જ સ્વાદમાં પણ મનમોહક બની રહે છે. સીતાફળ ખાઈએ છીએ ત્યારે ખાતાં-ખાતાં મોંમાં એક ખાસ પ્રકારની આહલાદક મંદ મંદ સુગંધ છુટતી રહે છે.



સીતાફળ ખાવાનું રાખવાથી વજન વધે-ઈમ્યુનિટી વધે-પાચન તંત્ર સુધરે...હૃદય-ત્વચા-આંખો માટે તે ગુણકારી...સીતાફળ ખાવાથી દિમાગી તાકાત વધે-લોહીમાં લાલકણ વધે...સીતાફળ હાડકાં મજબૂત કરે-શરીરે સોજા ઓછા કરે-બ્લડ પ્રેશર કાબૂમાં રાખે...! આમ, સીતાફળ માત્ર ફળ નથી પણ, એક ઔષધ પણ છે.

આપણે ત્યાં બજારોમાં ઓગષ્ટ મહિનાથી સીતાફળ પોતાની એન્ટ્રી મારે છે અને, લગભગ માર્ચ સુધી સીતાફળ બજારોમાં મળતું રહે છે. જેમ ઠંડી વધુ પડે તેમ, બજારોમાં સીતાફળ વધુ ને વધુ સંખ્યામાં દેખાવા લાગે.

અહિ તમને સીતાફળ ખાવાની એક રીત તેમજ પકવવાની એક રીત બતાવવી છે... સીતાફળ અન્ય ફળો માફક ખાવાનું સહેલું-સુવિધાજનક નથી હોતું. બજારમાંથી પાકું તૈયાર સીતાફળ લઈ આવ્યા પછી પણ, જો ખાતાં નહિ આવડે તો સીતાફળની મઝા મરી જાય ! સીતાફળ ખાવું તે એક કળા છે !

જો, બજારમાંથી સરસ મઝાનું પાકું મોટું સીતાફળ તમે લઈ આવ્યા છો તો તે સીતાફળ બંને હાથનાં માત્ર અંગૂઠો-ચાર આંગળીઓ વડે તે પકડીને હળવેકથી દબાવી બે સરખા ભાગ કરી લેવા. પછી, એ બંને ભાગ કોઈ પ્લેટમાં રાખી લઈ એક ટેબલ સ્પૂન લઈ સીતાફલનો ખાવા લાયક ભાગ થોડો-થોડો લઈ મોંમાં મૂકી ખાવાનું ચાલુ કરવું...મોંમાં સીતાફળનાં બીજ આવતાં રહેશે પણ તે સિફતપૂર્વક સીતાફળનો માવો ખાતાં જઈ બીજ મોંમાંથી બહાર કાઢી તેનો નિકાલ કેવી રીતે કરવો તે તમારી ઉપર છે ! ખાતાં-ખાતાં છેવટે, સીતાફળની ઢીલી પડી ગયેલી છાલ બચી જશે...આ છાલ પર પણ સીતાફલનો માવો હજુ બચી ગયેલો હશે તે પણ ટેબલ સ્પૂન વડે ખોતરી-ખોતરીને તમારે ખાઈ જવાનો છે.

હવે, કાચાં-કાચાં સીતાફળ ઝડપભેર પકવવાની સાવ સરળ રીત પણ જાણી રાખો.

એક મોટો ધાતુનો ડબ્બો અથવા ધાતુની તપેલી-પવાલી લેવી. તેમાં કોઈ પણ જાતનાં સુતરાઉ કપડાંનાં -કાપડનાં ૭ સ્તર બનાવવાં અને પછી સીતાફળ એક પછી, એક ગોઠવી દેવાં...તે પછી, ફરીથી સુતરાઉ કપડાં-કાપડનાં ૭ સ્તર બનાવવાં...પછી એક કાપડની ઝોળીમાં કે કાપડના થેલામાં તે ધાતુનું પાત્ર બરાબર સખત રીતે બાંધી દેવું અને, ઘરના કોઈ ખૂણે પૂરો એક દિવસ -એક રાત એમ જ રહેવા દેવું. બધાં સીતાફળ એકીસાથે ૨૪ કલાકમાં પાકી ગયેલાં જોવા મળશે ! જો, એમાંથી કોઈ જિદ્દી સીતાફળ કદાચ સરખું પાક્યું નહિ હોય તો આ જ મુજબ વધુ એક દિવસ રાખવાથી પાકી જશે !

ઘણી વાર, સીતાફળ ઘરમાં પડ્યાં પડ્યાં પાકે નહિ અને કાળાં પડી જતાં હોય છે...છેવટે, કચરામાં જવા દેવાં પડે છે ! તેના કરતાં સીતાફળ મનમરજી મુજબ પકવવાની એક સરળ રીત જાણી-સમજી રાખો!

સીતાફળ પકવવાની આ સાવ સરળ ને અસરકારક રીત તમને બતાવી. ઘેર સીતાફળ આવ્યાં હોય અને, પડ્યાં પડ્યાં કાળાં પડી જાય -પાકે નહિ તેના કરતાં આ રીતે સીતાફળ પકવવાં શું ખોટાં !?

'લપછપ' માટે હાસ્ય-વ્યંગ પ્રધાન કવિતાઓ-હઝલો-ગીતો વગેરે lapchhap.gs@gmail.com પર ઈ-મેલ દ્વારા મોકલવા સર્જકોને આમંત્રણ છે...

લોગઈન

નવા વર્ષે હર્ષે,
નવા કો ઉત્કર્ષે, હૃદય, ચલ! માંગલ્યપથ આ,
નિમંત્રેત ચક્રો ત્યાં કર ગતિભર્યાં પ્રેમરથનાં.
નવી કો આશાઓ.
નવી આકાંક્ષાઓ પથ પર લળૂંબી મૃદુ રહી,
મચી રહેશે તારી અવનવલ શી ગોઠડી તહીં !

- ઉમાશંકર જોશી

નવું વર્ષ : હૃદયના રથને હાંકવાનો ઉત્સવ

અંતરનેટની કવિતા

અનિલ ચાવડા

કૅલેન્ડરનું પાનું ફાડવાથી જૂનું વર્ષ પૂરું થાય, જૂની જિંદગી નહીં. ઘડિયાળના કાંટા બારના આંકડે ભેગા થાય એટલે તારીખ બદલાય, તકદીર નહીં. વર્ષ બદલવાનું કામ સમય કરે, જીવન બદલવાનું કામ માણસે કરવું પડે. સમય તો વહેતી નદી છે. તેના પ્રવાહમાં બેસતા વર્ષ કે ઊઠતા વર્ષ વચ્ચે કોઈ પાળ નથી. આ બધું માણસે પોતાની આશાઓને આશરો આપવા માટે ઊભું કર્યું છે. નિષ્ફળતાઓના નિર્જન રણમાં પણ તે સંભાવનાનું સરોવર શોધી કાઢે છે. તેની આંખોમાં આંસુ હોય ત્યારે પણ આંખમાં સ્વપ્ન સલામત હોય છે.

ગુજરાતી સાહિત્યના સમર્થ સાહિત્યકાર ઉમાશંકર જોશીની આ નાનકડી કવિતા નવા વર્ષની એક ઊંડી અને ઉદાત્ત સમજણ લઈને આવે છે. માત્ર છ પંક્તિઓમાં કવિએ જીવનની યાત્રાનો નકશો મૂકી દીધો છે. અહીં નવા વર્ષની શુભેચ્છા નહીં, નવા જીવનનું નિમંત્રણ છે. ઉત્સવનો ઉન્માદ નહીં, ઉન્મેષ છે. માત્ર સુખની કામના નહીં, માંગલ્યની સાધના છે.

કવિ કોઈ બીજા માણસને નહીં, પોતાના હૃદયને સંબોધે છે. આ સંબોધન અત્યંત સૂચક છે. સમાજ સુધારવા નીકળેલો માણસ પોતાનો સ્વભાવ સુધારવાનું ભૂલી જતો હોય છે. બીજાના અંધકાર સામે દીવો લઈને ઊભો રહેનાર માણસ પોતાના અંતરમાં જમા થયેલું અંધારું જોવાનું ટાળે છે.

નવું વર્ષ એટલે ભૂતકાળને ભૂંસી નાખવાનો પ્રયત્ન નહીં, પરંતુ ભૂતકાળમાંથી શીખીને ભવિષ્ય તરફ આગળ વધવાની તૈયારી

ઉમાશંકર જોશી તેથી જ શરૂઆત હૃદયથી કરે છે. 'હૃદય, ચલ!' અહીં 'ચલ' શબ્દમાં આદેશ કરતાં વધારે આગ્રહ છે. એમાં ઉતાવળ નહીં, ઉત્સાહ છે. એમાં ધક્કો નહીં, ધીરજ છે. કવિ હૃદયને દોડવાનું નહીં, ચાલવાનું કહે છે. કારણ કે જીવનની યાત્રામાં ઝડપ કરતાં દિશાનું મહત્ત્વ વધારે છે. ખોટા પથ પર દોડનાર માણસ કરતાં સાચા રસ્તે ધીમે ચાલનાર વધુ દૂર પહોંચી શકે છે. અને આ પથ માત્ર સફળતાનો, સમૃદ્ધિનો, કે સુખનો નહીં, માંગલ્યનો પથ છે! સફળતા અને માંગલ્ય વચ્ચેનો ભેદ સમજવા જેવો છે. માણસ સફળ થઈને પણ નિષ્ઠુર હોઈ શકે. સમૃદ્ધ થઈને પણ સંકુચિત હોઈ શકે. પ્રખ્યાત થઈને પણ પ્રેમવિહોણો હોઈ શકે.

જીવનને રથ તરીકે કલ્પવાની પરંપરા ભારતીય ચિંતનમાં પહેલેથી છે. કઠોપનિષદમાં શરીરને રથ, આત્માને રથી, બુદ્ધિને સારથિ અને મનને લગામ તરીકે જોવામાં આવ્યું છે. ઉમાશંકર જોશીનો રથ પ્રેમનો છે. પ્રેમ અહીં માત્ર બે વ્યક્તિઓ વચ્ચે નથી. મનુષ્યમાત્ર પ્રત્યેની મૈત્રી છે, પ્રકૃતિ પ્રત્યેની પ્રીતિ છે, જીવન પ્રત્યેનો આદર છે. એવી સંવેદના છે, જે બીજાના સુખમાં પોતાનો ઉત્સવ અને બીજાના દુઃખમાં પોતાની જવાબદારી શોધે. પ્રેમ માત્ર લાગણી બનીને હૃદયમાં પડ્યો રહે તો તેનું સૌંદર્ય અધૂરું છે. પ્રેમને ગતિ જોઈએ. કર્મ જોઈએ. કરુણાનું કાર્યરૂપ જોઈએ. કોઈનું દુઃખ સાંભળવું એ સહાનુભૂતિ છે, પણ દુઃખમાં સાથ આપવો એ પ્રેમની ગતિ છે.

આશા અને આકાંક્ષા વચ્ચે સૂક્ષ્મ તફાવત છે. આશા કહે છે, કંઈક સારું થશે. આકાંક્ષા કહે છે, કંઈક સારું કરવું છે. આશા સંભાવનાનું બીજ છે, આકાંક્ષા એ બીજમાંથી ફૂટવા મથતો અંકુર છે. એક આપણને જીવવાની હિંમત આપે છે, બીજી આગળ વધવાની પ્રેરણા. આશાનું સ્થાન અદ્વિતીય છે. આશા કોઈ ખાતરી નથી. એ તો અનિશ્ચિતતાની ધરતીમાં વાવેલું વિશ્વાસનું બીજ છે. વરસાદ પડશે જ એવી આશા સાથે ખેડૂત વાવણી કરે છે.

કવિ જાણે કહે છે કે માંગલ્યના માર્ગે ચાલતાં નવી આશાઓ અને આકાંક્ષાઓ સાથે અવનવી ગોઠડી મંડાશે. જીવન માત્ર લક્ષ્ય સુધી પહોંચવાની યાત્રા નથી, માર્ગમાં મળતી સંભાવનાઓ સાથેનો સંવાદ પણ છે. જીવનમાં નવીનતા માત્ર પરિસ્થિતિ બદલવાથી આવતી નથી. દ્રષ્ટિ બદલવાથી પણ આવે છે. એક જ વૃક્ષ દરેક ઋતુમાં જુદી વાર્તા કહે છે. એ જ રીતે એક જ જીવનમાં અસંખ્ય નવાં જીવનની શક્યતા રહેલી છે.

નવું વર્ષ એટલે ભૂતકાળને ભૂંસી નાખવાનો પ્રયત્ન નહીં, પરંતુ ભૂતકાળમાંથી શીખીને ભવિષ્ય તરફ આગળ વધવાની તૈયારી. ગઈકાલે જેણે આપણને દુઃખ આપ્યું તેને માફ કરી શકીએ, અને આપણે જેને અન્યાય કર્યો તેની માફી માગી શકીએ, તો એ નવા વર્ષની સાચી ઉજવણી ગણાય. નવા વર્ષમાં ઘરના ટોડલે તોરણ બાંધતાં પહેલાં હૃદયમાં બાંધવાનું છે. દીવાલો રંગતા પહેલાં સંબંધોમાંથી રોષના ડાઘ ધોવાના છે. નવા કપડાં પહેરીતાં પહેલાં જૂના પૂર્વગ્રહો ઉતારવાના છે.

લોગઆઉટ

મંગળ પર પહોંચ્યા પણ એનો મતલબ શો?
માણસથી માણસ લગ તો પહોંચાયું નહીં!

- ભરત ભટ્ટ 'પવન'

- તમે ક્લોકવાઈઝમાં માનો કે એન્ટિકલોકવાઈઝમાં?
- અજય જોશી, નાસિક
- **હું તો મોબાઈલમાં ટાઈમ જોઉ છું.**
- મારું કોઈ સાંભળતું નથી શું કરું?
- નરેશભાઈ પરમાર, ભરૂચ
- **રાહ જુઓ, પ્રધાનમંત્રી બનવાના યોગ છે.**
- 'મેવા હી પરમોધર્મ' - એવી કોઈ કહેવત છે?
- હર્ષદ માધુ, વાવ
- **છે, પણ આમ જનતા માટે નથી.**

સ્કવેર કટ

અધીર અમદાવાદી

- પ્રશ્ન પૂછવાની બીમારી હોય ખરી ?
- અરવિંદ ચૌહાણ, મોદજ
- **જીવલેણ નથી, ચાલુ રાખો.**
- શોભાના ગાંઠીયા, આ બહેન ગાંઠીયા જ બનાવે છે કે જલેબી પણ ?
- નંદલાલ પુરોહિત, રાજુલાસીટી
- **તૂરસાર અને એકતા કપૂર બેઉ.**
- કાગડી કોયલના માળામાં ઈંડા મુકે તો શું થાય?
- મુકેશ ચંદારાણા, મીઠાપુર
- **'જેવા સાથે તેવા' કહેવત સાર્થક થાય.**
- ખાધા પછી કેમ ભૂખ લાગતી નથી?
- સુમિત્રાબેન ભુપેન્દ્રભાઈ સોની, મણીયારી
- **ત્રણ કલાક તેત્રીસ મિનિટ પછી લાગે. રાહ જુઓ.**
- મને આઈસ્ક્રીમ ખાવાનો શોખ છે, ઓછામાં ઓછા ૨૫-૩૦ કપ ખાઈ શકું છું તમારી ખવડાવવાની ઈચ્છા છે ખરી?
- ચિરાગકુમાર કે. પંચાલ, મધવાસ
- **એટલો બધો ખવડાવતા હાથ દુખી જાય. રામુકાકા રાખી લો.**
- પત્નીઓ કાંઈ બોલ્યા પહેલા 'એ સાંભળો છો' એવું કેમ કહેતી હોય?
- કાનજીભાઈ ઓ. વેણ, ધરણીધર(વાવ)
- **વાવાઝોડા પહેલા વોર્નિંગ આવે એમ.**
- 'ગઠબંધન' અને 'ઠગબંધન'માં તફાવત શું હોય?
- મોહિત મર્થક, રાજકોટ
- **હેતુફેર.**
- ઊંટના ક્યા અઢાર અંગ વાંકા તે જાણવું હોય તો?
- વિપુલાબેન મકવાણા, રાજકોટ
- **ઊંટનો ફૂલબોડી સીટી સ્કેન કરાવવો પડે.**
- વિદેશની ચેલછા સારી કે ખોટી?
- ધીરજ રબારી, રેર (પાટણ)
- **વિદેશની મેરી, મારિયા, સામંતા સાંભળ્યું છે, ચેલછા નામ જ નથી સાંભળ્યું.**
- સફળતાની સીડી ક્યાં મળે?
- શિવમ વિજયકુમાર યાજ્ઞિક, રાજકોટ
- **મ્યુઝિક સ્ટોરમાં.**
- પત્ની વારે વારે તપી કે ઉકળી ઉઠતી હોય તો શું કરવું?
- સુજિત દવે, અમદાવાદ
- **ગેસ કનેક્શન પાછું આપી દેવું.**
- લોકો જે ધોકો ખાય છે તે ધોકો સ્વાદમાં કેવો હોય? ખાટો, તૂરો, કે ગળ્યો?
- જ્યોતિષ પાઠક, વડોદરા
- **લીમડામાંથી બનેલ હોય તો કડવો. અન્યથા તૂરો.**
- એવો કયો સવાલ છે જેનો જવાબ તમારી પાસે ના હોય?
- ઓમ છૂંછા, સુરત
- **'ક્યાં છો?'**
- પ્રેમિકા અને પત્નીમાં સામ્ય શું?
- ચેતનકુમાર ત્રિવેદી, અમદાવાદ
- **બે આંખ, બે કાન, એક નાક, બે હાથ-પગ ....**
- આ બેબી બોય, બેબી ગર્લ લખે ત્યારે સમજાતું નથી કે ખરેખર શું આવ્યું?
- મધુકર માંકડ, રાજકોટ
- **જે આવ્યું તે, આપણે ક્યાં ડાયપર બદલવા જવાનું છે?**
- દિવાળીમાં ઘરવાળી કે કામવાળી, કોને વધારે મહત્વ આપવું જોઈએ?
- મહાસુખ દરજી, અમદાવાદ
- **કામવાળીની હાજરીમાં ઘરવાળીને. ખાસ.**

તમારા સવાલો આ ઈમેઈલ આઈડી પર મોકલી આપો squarecut@gujaratsamachar.com

મદઝરતો હાથી


વિન્ડો સીટ

ઉદયન ઠક્કર

વાત તો તાજેતરના સમાચારની કરવી છે, પણ તે પહેલાં એક વાર્તા. આ વાર્તા પંચતંત્રમાં (ઈ.પૂ. ૨૦૦-ઈ.સ. ૩૦૦) હતી, ત્યાંથી હિતોપદેશમાં (ઈ.સ.૮૦૦- ઈ.સ.૧૨૦૦) પણ લેવાઈ હતી.

ગામને સીમાડે ટિટોડીનું જોડું રહે. તેમણે ભોંય પર માળો બનાવ્યો હતો. અંદર હતાં ચાર ઈંડાં- તેમનું સમગ્ર ભવિષ્ય. એક બપોરે મદઝરતો હાથી ધસી આવ્યો. તે ભૂખ્યો નહોતો, બસ મદમસ્ત હતો, મરજી મુજબ ચાલતો હતો. તેના પગ તળે ઈંડાં ભાંગીને ભૂકો થઈ ગયા. તેણે નજર સુદ્ધાં ન નાખી. ટિટોડી બેઠી રોવા. તે સાંભળીને આવ્યો તેનો મિત્ર લક્કડખોદ. 'બેન, તું રુએ કાં? એનાથી શું વળે? દુઃખમાં ઊલટો વધારો થાય.' ટિટોડી કહે, 'હાથી મારાં ઈંડાને કચડીને ડોલતો ચાલ્યો ગયો. એને સજા મળવી જોઈએ.' લક્કડખોદે પોતાની મિત્ર મધમાખીની સલાહ લીધી, જેનું નામ હતું વીણારવ, કારણ કે એનો ગણગણાટ વીણા જેવો હતો. વીણારવનો મિત્ર એક દેડકો, નામે મેઘનાદ. ચારેય મિત્રોએ વ્યૂહ રચ્યો. મેઘનાદે સમજાવ્યું, ગાંડો હાથી કશાથી ન ગભરાય. કોઈ એનું શું બગાડી લેવાનું હતું? આપણે તેનું કદ તેની જ વિરુદ્ધમાં વાપરીએ.

વીણારવે હાથીના કાનમાં ગૂંજવું શરૂ કર્યું. તાનમાં આવેલો હાથી આંખો મીંચીને ડોલવા માંડ્યો. તક ઝડપીને લક્કડખોદે હાથીની બન્ને આંખો ટોચી નાખી. તરસ્યો હાથી પાણીની શોધમાં ચિંઘાડવા લાગ્યો. ત્યારે જ દેડકાએ પાણી વગરના, કાદવભરેલા ખાડામાંથી ડ્રાઉ ડ્રાઉ કર્યું. ચોક્કસ અહીં જ પાણી છે, વિચારતો અંધ થયેલો હાથી ધસીને ખાડામાં પડ્યો અને કાદવમાં ગરક થઈ ગયો. નાનાં પ્રાણીઓને કચડી નાખતા હાથીનો આવો અંત આવ્યો.



આ વાર્તા કેમ યાદ આવી? ટ્રમ્પની પાર્ટીની ભૂંડી હાર થઈ. સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેસેન્ટેટિવ્સ બન્ને પરની બહુમતિ તેણે ગુમાવી દીધી. અમેરિકી પ્રજા ગુસ્સામાં છે. ટ્રમ્પે ચૂંટણી પ્રચારમાં કહેલું કે તે અમેરિકાને લાંબા યુદ્ધોમાંથી મુક્ત કરશે. થયું વિપરીત. તેણે ઈરાન પર આક્રમણ કરી દીધું. ગલ્ફ ઓફ ઓમાન બંધ થઈ જવાથી તેલના ભાવ ૬૦ ડોલરથી વધીને ૧૦૫ ડોલર થઈ ગયા. દુનિયા આખી મોંઘવારીમાં સપડાઈ ગઈ. તેણે સત્તા ન હોવા છતાં ટેરિફના દર આડેધડ વધાર્યા. મોંઘવારી ઓર વધી. ગંમત એવી કે મોંઘવારી દૂર કરવાના મુદ્દા પર તે ચુંટાયો હતો. તેના મોઢે ગરણું નથી. પ્રમુખ પાસે ટેરિફ વધારવાની સત્તા નથી એવો ચુકાદો આપનાર સુપ્રીમ કોર્ટના બે ન્યાયમૂર્તિઓ વિશે તે બોલ્યો કે તેઓ તેમના કુટુંબને કલંકરૂપ છે અને પરદેશી સત્તાઓના હાથમાં રમી રહ્યા છે. (તે બન્નેની નિમણૂક ટ્રમ્પે પોતે કરી હતી.) 'ઈંડિયા ઈઝ અ હેલ હોલ.' (ભારત નરકની ખાણ છે) એવી અન્યની પોસ્ટ તેણે ફરી વહેતી મૂકી હતી.સત્તાનો દુરુપયોગ કરીને નાણાં કમાવાના તેની સામે આરોપો છે. શેર બજારના ચાલુ કલાકોમાં તે દર સાત મિનિટે એક સોદો કરે છે. આયાત કર (ટેરિફ) ઘટાડવાના એક દિવસ પહેલાં જ કરોડો રૂપિયાના શેર તેના ખાતામાં ખરીદાયા હતા. તેના દીકરા અને જમાઈ પાકિસ્તાન અને બીજા દેશોમાં મોટા ધંધાકીય સોદા કરે છે. યુએઈ (મધ્ય પૂર્વ એશિયા) સરકારની કંપનીએ ટ્રમ્પની કંપનીમાં રૂ. ચાર હજાર કરોડ રોક્યા, અને ટૂંક સમયમાં ટ્રમ્પે કાયદો બદલીને એડવાન્સ્ડ ચિપ યુએઈ ને વેચવાની મંજૂરી આપી દીધી. શાંતિનું નોબેલ પારિતોષિક તો મને જ મળવું જોઈએ, મેં આઠ યુદ્ધો અટકાવ્યાં માટે આઠ નોબેલ મળવા જોઈએ, એવું મહિનાઓ સુધી કહ્યા પછી ન મળ્યું ત્યારે ટ્રમ્પે કહ્યું, આ પારિતોષિક આપનાર નોર્વે દેશ નથી, ઉકરડો છે, હવે તે દેશના પ્રજાજનોએ અમેરિકા સ્થળાંતર કરીને આવવું નહિ.

વીણારવે હાથીના કાનમાં ગૂંજવું શરૂ કર્યું. તાનમાં આવેલો હાથી આંખો મીંચીને ડોલવા માંડ્યો. તક ઝડપીને લક્કડખોદે હાથીની બન્ને આંખો ટોચી નાખી

ટ્રમ્પનું ભાષણ સાંભળ્યા પછી ટોળાએ કેપિટોલ હિલ (અમેરિકન પાર્લામેન્ટ) પર આક્રમણ કર્યું જેમાં એક પોલીસ અફસર સહિત પાંચનાં મોત થયાં. પાર્લામેન્ટનું રક્ષણ કરનાર અન્ય ચાર પોલીસ અફસરોએ ત્યાર પછી આપઘાત કર્યા. પ્રમુખ તરીકે શપથવિધિ થયાના પહેલે જ દિવસે ટ્રમ્પે આ હુમલા સાથે સંકળાયેલી દોઢ હજાર વ્યક્તિઓને ક્લેમેન્સી (માફી) બક્ષી દીધી. પોતાની સામે કાયદાકીય કામ ચલાવનાર એફબીઆઈ ડાયરેક્ટર જેમ્સ કોની અને ન્યૂ યોર્

કાર્ટૂન કોર્નર - કાનજી



આપણે નામના-કામના માટે અંગત મંદિર બજાર વચ્ચે લાવી મૂકીએ છીએ

ધરતી ફરતે એક પગ સમુંદર ફરતે ફાલ,
હાથન પરબત તૌલતે તિનહું ખાય કાલ.
- કબીર દાસજી

અર્થાત, આ ધરતીનું એકચક્રી શાસન કરનારા કે મહાસાગરોને ફાળ ભરીને જીતનારા કે પહાડને ઊંચકી ને તોલનારા બધા આખરે તો મહાકાળનો કોળીઓ જ છે. સૌથી મોટી લોકશાહી મૃત્યુ છે - સૌના ભાગે સમાન આવે છે. અહીં વિશ્વનો અબજોપતી કે વિશ્વસંઘનો પ્રમુખ કે વિશ્વની સૌથી વધુ ફોલોઅર્સ-વ્યુઅર્સ ધરાવતી સેલેબ્રીટી પણ મૃત્યુ પામે. વિશ્વભરમાં ધમાલ મચાવનાર પણ શાંત થઈ જાય.

જીવનભર જગતભરમાં કેન્દ્રમાં પ્રસ્તુત બની રહેવા માટે માણસ ખુબ મથે છે. સૌ તેને નોંધે અને સ્વીકારે, સૌ તેને પૂછે અને ઓળખે, સૌમાં અર્થપૂર્ણ અને સંદર્ભ બની રહેવા માટે માણસ જાન પર આવી જાય છે. લોકો તેને જોઈ લે તે માટે સંવાદ, વિવાદ કે અપવાદ બનતો રહે છે. અથાક નાના-મોટા ગતકડાં કરતો રહે છે. આ માટે તેઓ યુક્તિઓ કરે છે; જરૂર વિના સવાલો પૂછે છે, પૂછ્યા વિના જવાબો આપે છે કે શાંત સરોવરમાં પત્થરો ફેંક્યા કરે છે. તેમનો વલયો પેદા કરવાની ખંજવાળ જતી નથી. આપણાં અહં-કેન્દ્રમાંથી ઈચ્છાઓ, આકાંક્ષાઓ, સ્વપ્નો, ક્ષુદ્રાકાંક્ષાઓ વગેરે ટપક્યા કરે છે.

લેન્ડસ્કેપ

સુભાષ ભટ્ટ

આ કેપીટલ 'આઈ' આપણો ટ્રેપ છે. તે આપણને ચૌદ દિશાઓમાં દોડાવ્યા કરે છે. જુઓ, એક દ્રષ્ટાંત; આપણે તળેટીમાં આવીએ છીએ- સવારે ચાર વાગે અને સંકલ્પ કરીએ છીએ કે નવ વાગ્યે શિખર પર પહોચવું છે. પછી તો આખું ચડાણ અહંની-ઓળખની દોડ બની જાય છે. પરિણામે પંખીના ગીતો, વૃક્ષોનું નર્તન અને કેડીનો સંવાદ ચૂકી જઈએ છીએ. આપણને બધું દોડમાં, હોડમાં, દાવ પર મૂકવાની આદત પડી ગઈ છે. તેથી સતત 'સ્વ'ને માંજીએ-મઠારીએ અને શો-પીસ બની જઈએ છીએ. તે માટે આપણી સર્જનાત્મક્તા અને શોખને પણ નામના કે કામનામાં ફેરવી નાખીએ છીએ અને વટાવ્યા કરીએ છીએ. જાણે કે અંગત મંદિર બજાર વચ્ચે લાવી મૂકીએ છીએ. જાણે આખું જીવન આનંદનો નહીં - અહંનો વિસ્તાર છે.

ચીનના તાઓવાદી સંત વિચારક ચ્યુંઆન્ગત્ઝુ (૩૬૯-૨૮૬ બી.સી.) એક વખત શિષ્યો સાથે ચાલતા જતા હતા ત્યારે તેમના પગમાં એક માનવ ખોપરી અથડાણી. તેમણે તે ઊંચકી લીધી અને તેને વંદન કરી ક્ષમા માગી- બધા હસી પડ્યા. તો ચ્યુંઆન્ગત્ઝુ કહે 'તમને ખબર નથી. આ એક સમ્રાટની ખોપરી છે. તે જીવતા હોત તો મને મૃત્યુદંડ આપત. તેના જીવનકાળ દરમ્યાન સૌ તેનાથી ડરતા, તેના ઈશારે નાચતા. તેમને કલ્પના પણ નહીં હોય કે તેની ખોપરી રઝળતી હશે, લોકોના ઠેબે આવશે. તે કાંઈ નહીં કરી શકે. કદાચ, મૃત્યુ એક ચિરંતન સત્ય છે. તેને સત્તા કે સંપત્તિ, અહં કે ઓળખ થકી ઉવેખી શકાય નહીં. એમ કહેવાય છે કે ચ્યુંઆન્ગત્ઝુએ તે અનામ ખોપરી જીવનભર તેના ખંડમાં એક સ્મરણ-પાઠ જેમ રાખી.

મરમી કવિ હરીશ મીનાશ્રુની એક પંક્તિ છે;

બધી સલ્તનત સમેટી પોઢ્યું કબરમાં કોઈ સબર કરીને
ન'તી ખબર કે ધજા ફરકશે તૃણોની આ તખ્તતાજ વચ્ચે.

ઝાકળઝંઝા

અનુસંધાન

હિંમત આપવી. બંનેની મિત્રતા હવે માત્ર ઔપચારિક નહોતી રહી; એ એક ઊંડા, અતૂટ વિશ્વાસમાં પરિવર્તિત થઈ ચૂકી હતી. આરાધ્યા કબીરની પ્રામાણિકતા, સંવેદનશીલતા અને પોતાના કામ પ્રત્યેની ધગશ પર ફિદા હતી, જ્યારે કબીર આરાધ્યાની સાદગી, તેના સંસ્કારો અને અન્યો પ્રત્યેના પ્રેમાળ સ્વભાવમાં પોતાનું સર્વસ્વ જોઈ રહ્યો હતો.

બે-ત્રણ મહિના વીતી ગયા. બેંગ્લોરમાં શિયાળાની ખુશનુમા સાંજ હતી. કબીર આરાધ્યાને લઈને એક સુંદર રૂફટોપ રેસ્ટોરન્ટમાં ગયો હતો. આખું શહેર નીચે રોશનીથી ઝળહળી રહ્યું હતું. કોફીના કપ ટેબલ પર આવ્યા પછી કબીરે અચાનક આરાધ્યાનો હાથ પોતાના હાથમાં લીધો. આરાધ્યા ચમકી, પણ એણે હાથ પાછો ન ખેંચ્યો.

'આરાધ્યા...' કબીરનો અવાજ લાગણીથી પ્રૂજતો હતો. 'તે દિવસે દિવાળીની રાતે જ્યારે આપણી ટ્રેન લેટ હતી, ત્યારે મને બહુ ગુસ્સો આવતો હતો કે મારો સમય બગડી રહ્યો છે. પણ આજે મને સમજાય છે કે એ ટ્રેન મોડી નહોતી પડી, પણ ફુદરતે મારો સારો સમય શરૂ કર્યો હતો. તું માત્ર બેંગ્લોરથી સુરત સુધીની મારી મુસાફર નહોતી, આરાધ્યા... તું મારા જીવનની હમસફર બને તેવી વ્યક્તિ છે.'

કબીરે પોતાના ખિસ્સામાંથી એક નાનકડી રીંગ કાઢી અને આરાધ્યાની આંખોમાં સીધું જોઈને કહ્યું, 'શું તું આ આખી જિંદગીની સફરમાં મારી કાયમી હમસફર બનીશ?'

'કબીર, એ રાતે હું માત્ર મારા ઘરે પહોંચવા નીકળી હતી. મને ક્યાં ખબર હતી કે મને રસ્તામાં જ મારું મનનું રજવાડું મળી જશે! હા, કબીર... હા!' - આરાધ્યાએ હળવા સ્મિત અને સજળ આંખે કહ્યું.

કેમ છે, દોસ્ત

અનુસંધાન

આપણી પડતી માટે તમારે મને ટોણાં નથી મારવા ?'

ત્યારે વિચારભંગ થતાં ઉત્તરાદેવી સફાળા જાગૃત થઈ ગયાં અને કહ્યું : 'મારે હવે તમારી સામે કોઈ દલીલ નથી કરવી. મારા દીકરાને હું મારા દાગીના વેચીને આગળ ભણાવીશ પણ એને હું તમારી જેમ કારકુની તો નહીં જ કરવા દઉં.'

અંબર એમ.બી.એ. થઈને મોભાદાર નોકરીના સપનાં જોતો હતો. પરંતુ કર્મયોગીજીનું ઘસાયેલું તન અને ભાગેલું મન એમને સાથ નહોતું આપતું એટલે તેઓ અંબરને જલ્દી નોકરી સ્વીકારવાની સલાહ આપતા હતા જેનો ઉત્તરાદેવીએ જોરદાર વિરોધ કર્યો હતો.

ઉત્તરાદેવીની જીદ આગળ ઝુક્યા સિવાય કર્મયોગીજી પાસે કોઈ વિકલ્પ નહોતો. એટલે એમણે કારકુન તરીકેનું વૈતરું ચાલુ રાખ્યું. ઉત્તરાદેવીએ પોતાના દાગીના વેચી અંબરને એમબીએ થવાનો રસ્તો મોકળો કરી આપ્યો. કર્મયોગીજી બસભાડું બચાવવા માટે ત્રણ કિલોમીટર ચાલીને પેઢીએ જતા હતા અને પરત ઘરે આવતા હતા. પણ અંબરને ઉત્તરાદેવીએ મોટરબાઇક લઈ આપ્યું હતું. અંબર વટભેર મિત્રો સાથે મોટરબાઈક પરથી પસાર થતો ત્યારે એની નજર ધીમે ધીમે ચાલીને પેઢીએ જતા પિતા પર પડતી, પણ પોતાના પપ્પા સાવ ઓર્ડીનરી છે, એવો મિત્રોને ખ્યાલ ન આવે એ માટે તેમને લિફ્ટ આપવાનું ટાળતો હતો. ઉત્તરાદેવી પણ 'કાલે સવારે' અંબર મોટો ઓફિસર બનીને મસમોટો પગાર મમ્મીના હાથમાં મૂકશે એવા સપનામાં તેઓ રાચતાં હતાં. એટલે અંબરને ખોટો ખર્ચ કરતાં રોકતા નહોતા.

અંબરે એમબીએ પૂરું કર્યું. અને તે પણ ફર્સ્ટ ડિવીઝન મેળવીને. ઉત્તરાદેવીના આનંદની કોઈ સીમા નહોતી. એમણે કહ્યું : 'બેટા, આજ સુધી તને આંખની કીકીની જેમ જતનથી જાળવ્યો છે. હવે તારો વારો. સરસ મોટી કંપનીમાં મોટી પોસ્ટ પર જોડાઈ જા. આપણે આનંદથી રહીશું. તારા પપ્પાજીથી પણ હવે કામ થતું નથી. એમને હવે આરામ આપીશું. થોડા સમય પછી કોઈ સારી છોકરી જોઈ તારા લગ્ન કરાવી દઈશ એટલે મારી જવાબદારી પૂરી.'

અને અંબરે તરત જ કહ્યું : 'મમ્મી, મધ્યાહનનો સમય જુદો હોય છે અને સંધ્યાકાળનો સમય પણ જુદો હોય છે. મધ્યાહન પોતાની રીતે તપે એવી છૂટ હોવી જોઈએ. સમય બદલાઈ ગયો છે. અને મમ્મી, એની સાથે જીવન પ્રત્યેની દ્રષ્ટિ પણ બદલાઈ ગઈ છે. તું તારા જેવી ડાહીડમરી સુશીલ, શાણી પુત્રવધૂના સપના જોતી હોઉં તો મહેરબાની કરીને બંધ કરી દેજે. પપ્પાએ વૈતરું કર્યું અને તેં ઘર-ગૃહસ્થીમાં વાળ ધોળા કર્યા, પણ જીવનમાં તમને શું મળ્યું ? કેવળ ઢસરડા. હું અને મારી ભાવિ પત્ની લાગણીના પ્રવાહમાં તણાઈને જિંદગી વેડફવા માંગતા નથી. એટલે મારા લગ્નનો નિર્ણય હું જ લઈશ. તારી વાસી સલાહ મને પધરાવવા માટે મારી સાથે રહેવાનો વિચાર કરતી હોય તો, રહેવા દેજે. તું અને પપ્પા અહીં જ રહો. મારી જિંદગી મને મારી રીતે જીવવા દો. મારી ગર્લફ્રેન્ડ ગર્વિતાના પપ્પાની ફેક્ટરી, જે મુંબઈમાં આવેલી છે ત્યાં મેનેજરની પોસ્ટ માટે મને સ્ટેન્ડીંગ ઓફર આવેલી છે. એટલે હું મુંબઈ જવાનો છું.'

કર્મયોગીજી બધું ચૂપચાપ સાંભળતા હતાં અને ઉત્તરાદેવીના સપનાનો મહેલ એક પળમાં જમીનદોસ્ત થઈ ગયો હતો. તેમનો પુત્ર અંબર સામે એક શબ્દ બોલવાની હિંમત નહોતી. તેઓ કર્મયોગીજીને ખભે માથું ઢાળીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા હતા.

એટલામાં અંબરના મિત્રની કાર આવી પહોંચી હતી. અંબરે કહ્યું : 'મમ્મી મારે એરપોર્ટ પર પહોંચવાનો સમય થવા આવ્યો છે. મારી બેગ તો રાત્રે જ મેં તૈયાર કરી દીધી હતી. હું જમીશ નહીં. વિમાનમાં મને ખાણું પીરસાશે. ઘરની રસોઈ ખાઈને તો હું કંટાળી ગયો છું. ગુડબાય મમ્મી' કહી અંબર કારમાં ગોઠવાઈ ગયો હતો. આશીર્વાદ આપવા તત્પર ઉત્તરાદેવીના અને કર્મયોગીજીના હાથ ઊંચા જ રહી ગયા.

અંબરના ગયા પછી કર્મયોગીજીએ મનોબળ મજબૂત કરી નોકરી ચાલુ રાખી હતી. ગયા પછી એક મહિને અંબરનો ફોન આવ્યો હતો : 'મમ્મી, તમે કરકસરથી કેટલા ખર્ચમાં મહિનો પૂરો કરી શકો, એનું બજેટ મોકલો એટલે તેટલી રકમ હું પપ્પાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી દઉં. હાલ પૂરતા પાંચસો રૂપિયા ટ્રાન્સફર કર્યા છે.'

અને ઉત્તરાદેવી પાસેથી ફોન છીનવી લઈને કર્મયોગીજીએ અંબરને કહ્યું : 'અંબર, અમને તારી દયા પણ ખપતી નથી. દાન પણ ખપતું નથી. અને મરણ પછી શૈયાદાન પણ ખપશે નહીં, તારી વૈભવી જિંદગી તને મુબારક.'

અને ઉત્તરાદેવી પોતાના પતિના પગમાં પડીને છુટ્ટા મોઢે રડી પડ્યા હતા. ત્યારે કર્મયોગીજી બોલ્યા : 'ઉત્તરા ઊઠો, જોયું ને ! મરણોત્તર જીવનનાં નરકો કરતાં ય ભયાનક નરકો તો અહીં ધરતી પર સર્જાતા હોય છે.'

વારંવાર ન્યુમોનિયા

અનુસંધાન

મોટાં બાળકોમાં : વારંવાર શરદી, ઉધરસ અને કફ થવો, વારંવાર ન્યુમોનિયા થવો.

લાંબા સમય સુધી ઉધરસ મટે નહીં,પૂરતો ખોરાક લેવા છતાં વજન ન વધવું.

વારંવાર પેટમાં તકલીફ થવી, મળ ચીકણો અને તેલ જેવો હોવો.

આ રોગમાં સ્વાદુપિંડ (Pancreas) પણ અસરગ્રસ્ત થઈ શકે છે. તેના કારણે ખોરાકનું પાચન બરાબર થતું નથી અને બાળકને જરૂરી પોષણ મળતું નથી. કેટલાક દર્દીઓમાં આ રોગનાં લક્ષણો હળવાં હોય છે. પુખ્ત વયે પણ તેનું નિદાન થઈ શકે છે. આવા દર્દીઓમાં શરીરમાં પાણી અને મીઠાની ઊણપ, ચામડી પર વધુ ખારાશ અને પુરુષોમાં વંધ્યત્વ જેવી તકલીફો જોવા મળી શકે છે.

ભારતમાં થયેલા અભ્યાસમાં શું જાણવા મળ્યું?

ભારતમાં Cystic Fibrosisનું પ્રમાણ કેટલું છે અને વારંવાર ન્યુમોનિયા થતા બાળકોમાં કેટલાં બાળકો આ રોગથી પીડાય છે તે અંગે હજુ પૂરતા અને સ્પષ્ટ આંકડા ઉપલબ્ધ નથી. પરંતુ વર્ષ ૨૦૨૬માં થયેલા એક મલ્ટિસેન્ટર અભ્યાસમાં ૮૧૧ બાળકોની તપાસ કરવામાં આવી હતી. તેમાંથી ૩૧૩ બાળકોમાં Cystic Fibrosis હોવાનું જાણવા મળ્યું. આ બાળકોમાં જોવા મળેલી કેટલીક મહત્ત્વની તકલીફોમાં આશરે ૯૦ ટકા બાળકોમાં બ્રોન્કાઇટિસ (શ્વાસનળીઓમાં સોજો), ૩૬.૮ ટકામાં Pseudomonas નામના બેક્ટેરિયાનો ચેપ અને ૧૬ ટકામાં આંતરડાં સંબંધિત તકલીફો નોંધાઈ હતી.

આ અભ્યાસમાં CFTR જનીનની તપાસ કરતાં આશરે ૩૦થી ૩૫ ટકા બાળકોમાં D508 (△508) નામનો ફેરફાર જોવા મળ્યો હતો, જ્યારે અન્ય બાળકોમાં આ જનીનના જુદા જુદા ભાગોમાં ખામીઓ જોવા મળી હતી.આ તારણો દર્શાવે છે કે વારંવાર શ્વાસના ચેપથી પીડાતાં બાળકોમાં આ આનુવંશિક રોગની તપાસનું કેટલું મહત્ત્વ છે.

શું આ રોગની સારવાર શક્ય છે?

હા. આજના આધુનિક જનીનવિજ્ઞાન અને તબીબી વિજ્ઞાનને કારણે Cystic Fibrosisના દર્દીઓ માટે સારવારના નવા રસ્તા ઉપલબ્ધ થયા છે. Ivacaftor અને Lumacaftor જેવી દવાઓ CFTR જનીનની ચોક્કસ પ્રકારની ખામીઓ ધરાવતા દર્દીઓમાં ઉપયોગી થઈ શકે છે. જોકે કઈ દવા આપવી તે દર્દીના જનીનમાં થયેલા ફેરફાર, ઉંમર અને અન્ય તબીબી પરિસ્થિતિઓ પર આધાર રાખે છે.આ ઉપરાંત યોગ્ય પોષણ, વધુ પ્રોટીન અને કેલરીવાળો ખોરાક, જરૂરિયાત મુજબ મીઠાની ઊણપ પૂરી કરવી, પાચન માટે જરૂરી એન્ઝાઇમ્સ અને ફેફસાંમાં જમા થયેલા કફને દૂર કરવાની સારવાર પણ મહત્ત્વની છે. વહેલું નિદાન થાય તો યોગ્ય સારવાર દ્વારા બાળકના જીવનની ગુણવત્તા સુધારી શકાય છે અને ગંભીર ગૂંચવણોનું જોખમ ઘટાડી શકાય છે.

માતા-પિતાએ ક્યારે સાવચેત થવું જોઈએ?

જો બાળકને વારંવાર ન્યુમોનિયા થતો હોય, ઉધરસ અને કફ લાંબા સમય સુધી રહેતા હોય, વારંવાર એન્ટિબાયોટિક દવાઓ લેવાની જરૂર પડતી હોય અને પૂરતો ખોરાક લેવા છતાં વજન ન વધતું હોય તો Cystic Fibrosisની શક્યતા અંગે ડૉક્ટરની સલાહ લેવી જોઈએ. આવા સંજોગોમાં Sweat Chloride Test અને CFTR Gene Testing જેવી તપાસ દ્વારા રોગનું નિદાન કરવામાં મદદ મળી શકે છે. યાદ રાખો, દરેક બાળકને વારંવાર ન્યુમોનિયા થાય એટલે તેને Cystic Fibrosis જ હોય એવું નથી. પરંતુ આવા બાળકોમાં આ રોગની શક્યતા તપાસવી ખૂબ જરૂરી છે.

આપણે સામાન્ય રીતે ન્યુમોનિયાની સારવાર કરીએ છીએ, પરંતુ તેની પાછળ રહેલું મૂળ કારણ શોધવાનું ભૂલી જઈએ છીએ. જો સમયસર જનીનવિજ્ઞાનની મદદથી રોગનું નિદાન કરવામાં આવે તો અનેક બાળકોને યોગ્ય સારવાર આપી તેમનું જીવન બચાવી શકાય છે.

રોગને ઓળખવા માટે માત્ર લક્ષણો જ નહીં, ક્યારેક આપણા DNAને સમજવું પણ એટલું જ જરૂરી છે.

Sports ફન્ડા

અનુસંધાન

વિવાદિત નિર્ણયો છતાં સત્તાધીશોની માનીતી બની રહેલી ક્રિસ્ટીનો વાળ પણ કોઈ વાંકો કરી શક્યું નથી. ઉલ્ટાનું તેને આ બધા માટે ઈનામ આપવામાં આવતું હોય તેમ સપ્ટેમ્બર-૨૦૨૪માં તેને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના પ્રમુખ બનવાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી. તેમને થોમસ બાચનું સમર્થન છે, તે બાબત તો જગજાહેર છે. આઈઓએના પ્રમુખ બનવાની રેસમાં ક્રિસ્ટીની સાથે બ્રિટનના મલ્ટીપલ ઓલિમ્પિક ચેમ્પિયન સબાસ્તીયન કોઈ અને જુઆન એન્ટોનિયો સમારાંચે જુનિયર જેવા ધુરંધરો સામેલ હતા. જુઆન એન્ટોનિયો સમારાંચે જુનિયર એ સ્પેનિશ સ્પોર્ટ્સની બહુરાષ્ટ્રીય સ્પર્ધાના સંચાલન માટે નિષ્ણાત મનાય છે. જોકે આ બધા ધુરંધરોને હરાવીને ક્રિસ્ટીએ ચૂંટણી જીતી લીધી. બ્રિટિશ મીડિયાએ દાવો કર્યો હતો કે, થોમસ બાચે ખુદ ક્રિસ્ટીને આઈઓએના પ્રમુખ તરીકે ચૂંટી કાઢવા માટે પ્રચાર કર્યો હતો. બાચ આ બાબતને નકારતાં રહ્યા છે.

ક્રિસ્ટીએ સત્તા સંભાળ્યા બાદ ઓલિમ્પિકની યજમાનીની અત્યાર સુધીની પરંપરાગત પ્રક્રિયાને જ બદલી નાંખી છે. આઈઓસીના પ્રમુખ બન્યા બાદ તેમના વ્યક્તિગત ખર્ચ અંગે સવાલો ઉઠ્યા છે. આ ઉપરાંત ફિફા વર્લ્ડ કપ દરમિયાન પ્રમુખ ઈન્ફાટિનોની સામે નૈતિક મૂલ્યોને નેવે મૂકવા બદલ તપાસ કરાવવાની માગ યુરોપીયન સભ્યોએ ઉઠાવી હતી. જોકે આખા મામલા પર ઠંડુ પાણી રેડતા ક્રિસ્ટીની અધ્યક્ષતાવાળા આઈઓસીએ કહ્યું હતુ કે, આ મામલો અમારા અધિકાર ક્ષેત્રનો નથી. ભારતની ૨૦૩૬ના ઓલિમ્પિકની યજમાનીની દાવેદારી પણ કોવેન્ટ્રીના હાથમાં છે.

સિનેમા એક્સપ્રેસ

અનુસંધાન

કરવાનું બંધ કરો. (બીજા શબ્દોમાં કહીએ તો, રણવીરને બૅન કરી દો!) જોકે આ નિર્દેશ પછી પાછો ખેંચી લેવામાં આવ્યો હતો.

એવીય અફવા હતી કે રણવીર યશરાજની 'ધૂમ-ફોર'માં મુખ્ય વિલન બનશે. આ વાત પણ સાકાર ન થઈ. રણવીરે સંજય લીલા ભણસાલી સાથે 'રામલીલા', 'બાજીરાવ મસ્તાની' અને 'પદ્માવત' જેવી સુપરહિટ ફિલ્મો આપી છે, પણ ભણસાલીસાહેબે પોતાની આગામી ફિલ્મ 'લવ એન્ડ વોર'માં કોને લીધા? રણબીર કપૂર અને વિકી કૌશલને.

બીજી બાજુ, 'ધૂરંધર'ની સુપર સક્સેસથી બોલિવુડનો એક વર્ગ બળી બળીને બેઠા થઈ ગયો હતો. પોતાની પીઆર મશીનરીનો ઉપયોગ કરીને તેમણે એવી વાત ફેલાવવા માંડી હતી કે 'ધુરંધર'ની સફળતાનો જશ માત્ર અને માત્ર રિરેક્ટર આદિત્ય ધરને મળે છે. આ ફિલ્મમાં રણવીરને બદલે બીજો કોઈ પણ હીરો હોત તો પણ ફિલ્મ આટલી જ સફળ જ થઈ હોત. ગંદું પોલિટિક્સ, પીઠ પાછળ ઘા કરવાની વૃત્તિ અને પીઆરની મેલી રમતો જોયા પછી રણવીરે નક્કી કર્યું: ઈનફ ઈઝ ઈનફ. મારે હવે કોઈના પર આધારિત રહેવું નથી. મારી કરીઅરની દિશા હું જ નક્કી કરીશ. એના માટે હું કોઈ પ્રોડક્શન હાઉસ કે બેનરની દયા પર નિર્ભર નહીં રહું!

'ધૂરંધર' માટે સામટી ફી લેવાને બદલે રણવીરે પ્રોફિટમાં ભાગ રાખ્યો હતો. પરિણામે એના બેન્ક અકાઉન્ટમાં પુષ્કળ નાણું આવી પડ્યું છે. એણે પોતાનું જૂનું સપનું ફરી જીવતું કર્યું. એણે પોતાનું પ્રોડક્શન હાઉસ ખોલ્યું ને એને એકદમ ફિલ્મી નામ આપ્યું, 'મા કસમ'. બોલિવુડમાં પોતાના પૈસે ફિલ્મ બનાવવી એ બેધારી તલવાર જેવું છે. ફિલ્મ સફળ થાય તો રાજા બની જાઓ, પણ જો તમે ફિલ્મ ફ્લોપ થાય તો કરીઅર પાંચ વર્ષ પાછળ ધકેલાઈ જાય. આ તમામ જોખમના લેખાજોખાં કર્યા પછી રણવીરે જે ફિલ્મ પ્રોડ્યુસ કરવાનો નિર્ણય લીધો તેનું ટાઈટલ છે, 'પ્રલય'. આ એક ઝોમ્બી મૂવી છે. દુનિયાનો વિનાશ થઈ ચૂક્યો છે. ઝોમ્બીઓએ ઉત્પાત મચાવ્યો છે. જે કંઈ ને જે કોઈ બચી ગયા છે તેમને આ ઝોમ્બીઓથી બચાવવાના છે. અહેવાલ પ્રમાણે, આ ફિલ્મ માટે મુંબઈમાં અત્યાર સુધીનો સૌથી મોટો અને મોંઘો સેટ ઊભો કરવામાં આવ્યો છે, જે દુનિયાના વિનાશ પછીની સ્થિતિને જીવંત કરશે. આ ઉપરાંત, ફિલ્મનો મોટો હિસ્સો ઓસ્ટ્રેલિયાના ખુલ્લા વિસ્તારો અને જંગલોમાં પણ શૂટ થવાનો છે. ડિરેક્ટર પ્રિયદર્શનની દીકરી કલ્યાણી પ્રિયદર્શન 'પ્રલય'માં રણવીરની હિરોઈન બનીને બોલિવુડમાં ડેબ્યુ કરશે.

'પ્રલય'નું અંદાજિત બજેટ ૩૦૦થી ૩૫૦ કરોડ રૂપિયા છે. એમાં પ્રિન્ટ, પબ્લિસિટી ને એ બધો ખર્ચ ઉમેરો. આ હિસાબે, ફિલ્મે માત્ર ખર્ચ સરભર કરવો હોય તો પણ ભારતમાં કમસે કમ ૭૦૦થી ૮૦૦ કરોડ રૂપિયાનો બિઝનેસ કરવો પડે. મતલબ કે નોર્થ ઉપરાંત સાઉથ ઈન્ડિયામાં પણ ફિલ્મ ચાલવી જોઈએ. ટૂંકમાં, જોખમ મોટું છે. વધારે ચિંતા થાય એવી વાત એ છે કે આપણે ત્યાં ઝોમ્બી ફિલ્મી જૉનરને ખાસ સ્વીકૃતિ મળી નથી. 'ગો ગોવા ગોન' લોકોને ગમી હતી, પણ એ એક હલકીફૂલકી કોમેડી ફિલ્મ ચાલી હતી. હોલિવુડમાં ઝોમ્બીની ફિલ્મો અને વેબ સિરીઝ લખ્ખૂટ કમાણી કરે છે. એનું કારણ એ છે કે પશ્ચિમનું ઓડિયન્સ ઝોમ્બીની વિભાવના સાથે કનેક્ટ થઈ શકે છે. એક થિયરી એવી છે કે પશ્ચિમમાં ઝોમ્બી અને સાયન્સ ફિક્શનને એકબીજાથી થોડા નિકટના પ્રકારો માનવામાં આવે છે. ઝોમ્બીની ફિલ્મોની વાર્તામાં વાઇરસનો ફેલાવો, પ્રયોગશાળામાં થતા પ્રયોગ કે જનીનો (જીન્સ)માં ફેરફાર જેવા મુદ્દા વણી લેવામાં આવ્યા હોય છે. પશ્ચિમમાં ટકનોલોજી અને રોગચાળા જેવા વિષયો ઓડિયન્સમાં ખોફ પેદા કરી શકે છે, જ્યારે આપણે ત્યાં પ્રેક્ષકોને ડરાવવા હોય તો ભૂત-પ્રેત અને આત્માઓને બોલાવવા પડે! 'પ્રલય'માં, નેચરલી, વીએફએક્સનો પણ ભરપૂર ઉપયોગ થશે. આ વીએફએક્સની ક્વોલિટી જો અફલાતૂન નહીં હોય તો આપણું ઓડિયન્સ સોશિયલ મિડીયા પર હો-હા કરી મૂકશે. 'રામાયણ'ના ટીઝરમાં સીજીઆઈની થોડી ભૂલ રહી ગઈ હતી તો પણ આપણા પ્રેક્ષકોએ કેવો કાગારોળ મચાવી દીધો હતો, યાદ છેને?

'પ્રલય' ઉપરાંત રણવીર સિંહ બીજી કઈ ફિલ્મોમાં દેખાવાનો છે? આદિત્ય ધરની આગામી પિરીયડ ફિલ્મ 'ચંદ્રગુપ્ત મૌર્ય'માં. કદાચ. અહીં 'કદાચ' શબ્દ પર ખાસ ધ્યાન આપવું. હજુ સુધી ઓફિશિયલ અનાઉન્સમેન્ટ થઈ નથી. એમ તો આજકાલ રાવણ તરીકે સૌની વાહ-વાહ ઝીલી રહેલો સાઉથ ઈન્ડિયન સુપરસ્ટાર યશ પણ 'ચંદ્રગુપ્ત મૌર્ય'માં હશે તેવું સંભળાય છે. ધારો કે આ વાત પણ સાચી હોય તોય, રણવીર અને યશમાંથી કોણ ચંદ્રગુપ્ત મૌર્ય બનશે ને કોણ ચાણક્ય બનશે તે આપણે જાણતા નથી. જો બધું સમુસૂતરું પાર પડ્યું તો 'પ્રલય' ૨૦૨૭માં રિલીઝ થશે અને 'ચંદ્રગુપ્ત મૌર્ય' ૨૦૨૮માં.

ફિલ્મો તો જાણે બરાબર છે, પણ રણવીરનો પેલો જૂનો ને જાણીતો એવો તોફાની, નટખટ, અદકપાંસળી, અતરંગી અને એનર્જીના ભંડાર સમો અવતાર ક્યારે રી-લોન્ચ થશે? રણવીરનાં નખરાં તમે પણ મિસ કરો છો, ખરું? સાચું બોલજો!

શો સ્ટોપર

'રામાયણ-ટુ' તો 'રામાયણ-વન' કરતાંય વધારે મોટી હિટ થશે અને બોક્સઓફિસ પર તહેલકો મચાવી દેશે. - રામગોપાલ વર્મા

સ્પેક્ટ્રોમીટર

અનુસંધાન

(૫) ધર્મશીલ : નીતિ, ન્યાય, સદાચારના માર્ગે ચાલનાર. (૬) વ્યક્તક્રોધ પ્રસાદ : યોગ્ય સમયે દંડ (ક્રોધ) અને યોગ્ય સમયે પુરસ્કાર (પ્રસાદ/કૃપા) આપનાર. બધા શબ્દો પર વિચાર કરો તો હજુ વધુ સમજણ આવશે. બાકી આટલું પણ ઈલેકશન હોય ત્યારે ઉમેદવારોને માપવા જેવું ધારધોરણ છે ને રામભક્તિમાં લીન ભારતવર્ષમાં !

■ ■ ■

આ પહેલા વાલ્મીકિ રામાયણના અયોધ્યા કાંડનો ૧૦૦મો સર્ગ આવે છે, જે 'કચ્ચિત્ સર્ગ' તરીકે ઓળખાય છે. આ સર્ગમાં રામ પાદૂકા રાખી રાજ કરનારા ભરતને 'કચ્ચિત્...' યાને 'શું તું આમ કરે છે ને?' એવા પ્રશ્નો પૂછીને આદર્શ રાજ્યવ્યવસ્થા અને રાજનીતિના ૭૦થી વધુ સૂત્રો સમજાવે છે. આપણે હાઈલાઈટ્સ પૂરતા પરિવારની ફરજો બાદ કરીને બાકીના પર નજર નાખીએ. રામ કહે છે કે...

'હે રાજવી ભરત, જે કાર્યમાં ઓછો ખર્ચ કે ઓછી મહેનત લાગતી હોય પરંતુ તેનું પરિણામ ઘણું મોટું અને કલ્યાણકારી હોય, તેવા કાર્યનો ત્વરિત નિર્ણય કરીને તું તેને તરત જ શરૂ કરી દે છે ને? તેમાં વિલંબ તો નથી કરતો ને? શું તેં તારા જેવા જ શૂરવીર(નિર્ભય), શાસ્ત્રોના જ્ઞાતા(વિદ્વાન), જિતેન્દ્રિય (ઈન્દ્રિયો/કામનાઓ પર કાબૂ રાખનાર), ઉચ્ચ કુળના (સંસ્કારી) અને મનની વાત સમજી જનારા ચતુર લોકોને તારા મંત્રી બનાવ્યા છે? રાજાઓના વિજયનું મૂળ 'ગુપ્ત મંત્રણા' (બીજાને ખબર ના પડે એવી ખાનગી રણનીતિ) હોય છે. જાણકાર અને વિશ્વાસુ મંત્રીઓ દ્વારા જે યોજનાને ગુપ્ત રાખવામાં આવે છે, તે જ સફળ થાય છે. શું તું હજાર મૂર્ખ લોકોને રાખવાને બદલે એક જ બુદ્ધિમાન અને વિદ્વાન વ્યક્તિને રાખવાનું પસંદ કરે છે? કારણ કે મુશ્કેલીના સમયમાં માત્ર એક જ બુદ્ધિમાન રાજ્યનું મોટું કલ્યાણ કરી શકે છે.

શું તું તારી સેનાને સમયસર યોગ્ય ભોજન (રાશન) અને વેતન (પગાર) આપી દે છે ને? તેમાં કોઈ વિલંબ તો નથી કરતો ને? જો કરેલા કામના સમયસર પગાર ન મળે તો લોકો રાજા પ્રત્યે રોષે ભરાય છે અને તે મોટો અનર્થ સર્જે છે. શું તું વૃદ્ધો (સિનીયર સિટીઝન કેર), બાળકો(ચાઈલ્ડકેર) અને શ્રેષ્ઠ વૈદ્યો (હેલ્થકેર) નું દાન, મન અને મધુર વાણી- આ ત્રણેય દ્વારા સન્માન અને પાલનપોષણ કરે છે ને? શું તારા રાજ્યના ખેડૂતો માત્ર વરસાદના પાણી (દેવમાતૃક) પર જ નિર્ભર નથી ને? તારા રાજ્યમાં મોટા તળાવો અને જળાશયો હંમેશા પાણીથી ભરેલા રહે છે ને? (જળસંચય અને સિંચાઈ ય

૫૦ વર્ષનાં વિરામ બાદ ચંદ્રનું આમંત્રણ

ઈતિહાસના પાનાં ફેરવીએ તો, જુલાઈ ૧૯૬૯માં એપોલો ૧૧ યાન સાથે, માનવીએ સૌપ્રથમવાર ચંદ્રની ધરતી પર પોતાના વિજયી પગલાં પાડ્યા હતા. ત્યારબાદ ડિસેમ્બર ૧૯૭૨માં એપોલો ૧૭ની વિદાય પછી, આજદિન સુધી કોઈ પણ માનવીએ ચંદ્ર પર સીધા પગ મૂક્યા નથી. ખ્યાતનામ વિજ્ઞાન પત્રકાર એન્ડ્રુ ચાયકિન પોતાના પ્રખ્યાત પુસ્તક "A Man on the Moon" માં એપોલો યુગના, એ સુવર્ણ દિવસોનું વિગતવાર વર્ણન કરે છે. નાસા દ્વારા ૧૯૬૦થી, અત્યાર સુધીમાં કુલ ૩૭૦થી વધુ પ્રતિભાશાળી લોકોને, અવકાશયાત્રી ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. છેલ્લી ભરતી ૨૦૨૪માં સંપન્ન થઈ હતી. જેમાં ૮,૦૦૦થી વધુ તેજસ્વી અરજદારોમાંથી, માત્ર ૧૦ ઉમેદવારોની જ અંતિમ પસંદગી થઈ શકી હતી. આ આંકડા સ્પષ્ટ સાક્ષી પૂરે છે કે 'આ સફર કેટલી કઠિન છે, જ્યાં દર ૮,૦૦ અરજદારોમાંથી માંડ એક જ ઉમેદવાર, આ કઠોર ચાળણીમાંથી પસાર થઈ શકે છે. વર્તમાન સમયમાં ચાલી રહેલો મહત્ત્વાકાંક્ષી આર્ટેમિસ કાર્યક્રમ, એક નવા અને વૈજ્ઞાનિક આયામ સાથે આગળ ધપાવી રહ્યો છે. જેને સરળ શબ્દોમાં સમજવા માટે પર્વતારોહણનું સુંદર દ્રષ્ટાંત ટાંકી શકાય. જેવી રીતે કોઈ પણ ઊંચા પર્વતના શિખર સર કરતા પહેલાં, પદયાત્રીઓએ તળેટીથી લઈને ઉપર સુધી એક પછી એક સુરક્ષિત બેઝ કેમ્પ સ્થાપવા પડે છે. બિલકુલ તે જ પ્રકારે આર્ટેમિસ, અભિયાન પણ તબક્કાવાર, વૈજ્ઞાનિક શિસ્ત સાથે આગળ વધી રહ્યું છે.


વર્ષ ૨૦૨૨માં આર્ટેમિસ-૧ની માનવરહિત ઉડાન દ્વારા શક્તિશાળી એસએલએસ રોકેટ અને ઓરિયન યાનની સફળ ચકાસણી કરવામાં આવી હતી. આ શૃંખલાને આગળ વધારતા એપ્રિલ ૨૦૨૬માં આર્ટેમિસ-૨એ, ચંદ્રની અત્યંત નજીકથી પસાર થતી પોતાની માનવસહિત ઐતિહાસિક ઉડાનને સફળતાપૂર્વક પાર પાડી છે. આર્ટેમિસ-૩ આગામી ૨૦૨૭માં, પૃથ્વીની નિમ્ન કક્ષામાં વ્યાપારી ધોરણે લૅન્ડરોની સઘન ચકાસણી કરશે. જ્યારે માનવજાતનું ચંદ્ર પર પુનરાગમન અને પ્રથમ ઐતિહાસિક અવતરણ ૨૦૨૮ માટે નિર્ધારિત આર્ટેમિસ-૪ મિશન દ્વારા સંપન્ન થશે.

તળેટીથી શિખર સુધી : ચંદ્રના પગથિયે મંગળનું સ્વપ્ન

ફ્યુચર સાયન્સ

કે.આર.ચૌધરી

માનવજાતના ઈતિહાસમાં, આકાશ તરફની નજર હંમેશાં એક અદ્રશ્ય આકર્ષણ અને રહસ્યમય જિજ્ઞાસાનું કેન્દ્ર રહી છે. કારણ કે બાળપણની એ ભોળી આંખો, જ્યારે અનંત તારાઓથી સજ્જ રાત્રિના ગગનને તાકતી, ત્યારે દરેકના હૃદયમાં એક અકથ્ય રોમાંચ જાગતો. આ સુંદર ચાંદામામા પર ક્યારેય પહોંચી શકાશે કે નહીં? પરંતુ હવે વિજ્ઞાન અને આધુનિક ટેકનોલોજીની અભૂતપૂર્વ છલાંગને કારણે, આ વૈશ્વિક સ્વપ્ન અતિ લાયકાત ધરાવતા, કેટલાક વિશેષ અને પસંદગી પામેલા સાહસીઓ માટે, એક વાસ્તવિક વ્યવસાયિક અવસર બનીને ઉભરી રહ્યું છે. વિશ્વની સૌથી અગ્રણી અને પ્રતિષ્ઠિત અમેરિકી અવકાશ સંસ્થા 'નાસા', હવે વર્તમાન સમયમાં નવા અને તેજસ્વી, અવકાશયાત્રીઓની ભરતી માટે, સત્તાવાર પ્રક્રિયા આરંભ કરી ચૂકી છે. જેમાં સફળ ઉમેદવારો માટે આકર્ષક વાર્ષિક વેતન, આશરે ૧૬૪,૩૯૫ ડૉલર જેટલું જાહેર કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક ભરતી માટે અરજી કરવાની અંતિમ તારીખ ૩ ડિસેમ્બર, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. જે ભવિષ્યના રોમાંચક અભિયાનોના દ્વાર ખોલી રહી છે. માનવજાતે સૌપ્રથમવાર ચંદ્ર પર પગ મૂક્યા અને એપોલો કાર્યક્રમ પૂરો થયાને, અડધી સદીથી પણ વધુ સમય વીતી ચૂક્યો છે. ત્યારે સમસ્ત માનવજાત ફરી એકવાર, અનંત અવકાશમાં પગ માંડવા માટે સજ્જ થઈ રહી છે.







અવકાશની સૌથી અઘરી નોકરી

નાસા દ્વારા નિર્ધારિત કરવામાં આવેલી શરતો, એક અગ્નિપરીક્ષા સમાન છે. સૌથી પહેલી અને અનિવાર્ય શરત, અમેરિકી નાગરિકતા સાથે વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ કે ગણિત એટલે કે એસટીઈએમ વિષયમાં માન્ય માસ્ટર્સ ડિગ્રી. તેના વિકલ્પરૂપે સંબંધિત વિષયમાં ડૉક્ટરેટના બે વર્ષનો સંશોધન અનુભવ, અધિકૃત તબીબી ડિગ્રી અથવા અત્યાધુનિક ટેસ્ટ પાઇલટ સ્કૂલનું પ્રમાણપત્ર પણ માન્ય. ઉમેદવારે ત્રણ વર્ષનો, સઘન અને સંબંધિત વ્યવસાયિક અનુભવ મેળવેલો હોવો ફરજિયાત છે. કારણ કે અંતરિક્ષની અસીમ ઊંડાઈમાં, જ્યારે કોઈ કટોકટી સર્જાય ત્યારે, પૃથ્વી પરથી તાત્કાલિક મદદ પહોંચી શકતી નથી. તેથી આ જટિલ સમસ્યાઓ, અવકાશયાત્રીએ જાતે જ ઉકેલવાની રહે છે.

અરજી કરનાર પાઇલટ્સ માટે ત્રણ સ્પષ્ટ માર્ગો નિર્ધારિત કરવામાં આવ્યા છે : જેમાં હાઈ-પર્ફોર્મન્સ જેટ વિમાનોમાં ઓછામાં ઓછા ૭૫૦ કલાક પાઇલટ-ઇન-કમાન્ડનો અનુભવત અન્ય ફિક્સ્ડ-વિંગ વિમાનોમાં કુલ ૧,૫૦૦ કલાકનો ફ્લાઇંગ અનુભવ, જેમાંથી ઓછામાં ઓછા ૭૫૦ કલાક કમાન્ડ તરીકેના હોવા જોઈએ. અથવા તો હેલિકોપ્ટરમાં કુલ ૧,૦૦૦ કલાકનો અનુભવ, જેમાં ૩૦૦ કલાક કમાન્ડના હોવા અનિવાર્ય છે. જોકે માત્ર પાઇલટ્સ જ નહીં પરંતુ, ઉચ્ચ કોટિના વૈજ્ઞાનિકો, વિઝનરી ઇજનેરો અને નિષ્ણાત તબીબો પણ, આ પદ માટે સત્તાવાર રીતે અરજી કરવા પાત્ર ઠરે છે.

પૃથ્વી પર જે કામ સામાન્ય રીતે ખૂબ જ સરળતાથી થઈ જતું હોય છે. તે જ કામ ચંદ્રની અસ્થિર સપાટી પર ભારેખમ સ્પેસસૂટ પહેરીને કરવું અત્યંત મુશ્કેલ બની જાય છે. સરખામણી કરવી હોય તો, આ કાર્ય જાડા બૉક્સિંગ ગ્લોવ્ઝ પહેરીને સોયમાં દોરી પરોવવાનાં નિરર્થક પ્રયાસ જેવું છે. આ કારણે નાસા, પસંદગી પામેલા ઉમેદવારોને આશરે બે વર્ષ સુધીની અત્યંત કઠિન તાલીમ આપે છે. જેમાં યાનની જટિલ પ્રણાલીઓનું સંચાલન, અતિશય પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં અસ્તિત્વ ટકાવી રાખવાની કળાઓ, અદ્યતન રોબોટિક્સનું જ્ઞાન અને ગંભીર કટોકટીનો સામનો કરવાના વ્યવહારુ પાઠ શીખવવામાં આવે છે.

બૉક્સિંગ ગ્લોવ્ઝ પહેરીને, સોયમાં દોરો પરોવનારા

નાસાનાં આર્ટેમિસ અભિયાનની ધુરી મુખ્યત્વે બે પ્રભાવશાળી વ્યક્તિત્વોના હાથમાં છે. જેમાંથી પ્રથમ અગ્રણી ચહેરા તરીકે, નાસાના વર્તમાન વડા જેરેડ આઇઝેકમૅનનું નામ સુવર્ણાક્ષરે અંકિત થાય છે. સપ્ટેમ્બર ૨૦૨૧માં, તેમણે ઐતિહાસિક ઇન્સ્પિરેશન-૪ મિશનનું, કમાન્ડ સફળતાપૂર્વક સંભાળ્યું હતું. જે પૃથ્વીની ભ્રમણકક્ષામાં જનાર, ઇતિહાસનું સૌથી પહેલું સંપૂર્ણ નાગરિકોનું મિશન હતું. ત્યારબાદ સપ્ટેમ્બર ૨૦૨૪ના પોલારિસ ડૉન મિશન દરમિયાન, તેમણે માનવ ઇતિહાસની પહેલી વ્યાવસાયિક સ્પેસવૉક કરીને નવો કીર્તિમાન સ્થાપ્યો હતો. જ્યાં તેમનું યાન પૃથ્વીથી આશરે ૯૦૦ માઇલ જેટલા દૂરના અંતરે પહોંચ્યું હતું. જે એપોલો ૧૭ પછીનું, આજદિન સુધીનું સર્વોચ્ચ અંતર છે. નાસાના સર્વોચ્ચ વડા તરીકે તેમની નિમણૂકનો પ્રવાસ પણ ભારે નાટકીય રહ્યો છે. જેમાં મે ૨૦૨૫માં તેમનું નામાંકન પાછું ખેંચાયા બાદ, નવેમ્બરમાં પુનઃ પ્રસ્તુત થયું હતું. ૧૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ યુએસ સેનેટે ૬૭-૩૦ના મતે, તેમને નાસાના સર્વોચ્ચ વડા તરીકે મંજૂરી આપી હતી. અમેરિકી નૌકાદળના અનુભવી કૅપ્ટન અને કુશળ ટેસ્ટ પાઇલટ,બીજા આધારસ્તંભ મુખ્ય અવકાશયાત્રી સ્કોટ ટિંગલ છે. જેઓ વર્તમાન પસંદગી બોર્ડના અધ્યક્ષ તરીકેની જવાબદારી નિભાવી રહ્યા છે. વર્ષ ૨૦૦૯માં આશરે ૩,૫૬૬ જેટલા સ્પર્ધકોમાંથી, પસંદ થયેલા માત્ર નવ પ્રતિભાશાળી લોકોમાંના એક હતા. તેઓએ ૫૨ વર્ષની પરિપક્વ વયે પોતાની પહેલી અવકાશ ઉડાન ભરી હતી. ડિસેમ્બર ૨૦૧૭થી જૂન ૨૦૧૮ સુધીના લાંબા સમયગાળા દરમિયાન, તેઓ સતત ૧૬૮ દિવસ સુધી અંતરિક્ષ મથક પર રહ્યા હતા. ૭ કલાક તથા ૨૪ મિનિટની એક અત્યંત જોખમી સ્પેસવૉક દરમિયાન, આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ મથકના રોબોટિક હાથ, કેનેડર્મ-૨નો મહત્વપૂર્ણ ભાગ સફળતાપૂર્વક બદલ્યો હતો. નવેમ્બર ૨૦૨૫થી, તેઓ મુખ્ય અવકાશયાત્રીનું ગૌરવવંતુ પદ સંભાળી રહ્યા છે. તેમના સાથીદારો તથા જૂનિયરો તેમને પ્રેમથી 'મેકર' હુલામણા નામથી સંબોધે છે. હવે તેઓ માનવજાતનો નવો ઇતિહાસ રચી રહ્યા છે.

ચંદ્રના પગથિયે મંગળનું સ્વપ્ન

વૈજ્ઞાનિકોની યોજના અનુસાર પ્રસ્તાવિત મૂન બેઝ તબક્કાવાર રીતે નિર્માણ પામશે : જેમાં સૌપ્રથમ પ્રાથમિક રોબોટિક સંશોધનો હાથ ધરવામાં આવશે. ત્યારબાદ વીજળીની કાયમી વ્યવસ્થા, અત્યાધુનિક સંદેશાવ્યવહાર નેટવર્ક અને માલવહનની સુવિધાઓ વિકસાવવામાં આવશે. અંતે ચંદ્ર ઉપર વિશાળ કાયમી ચોકી સ્થાપિત કરવામાં આવશે. આ સમગ્ર પ્રક્રિયામાં ચંદ્રનો દક્ષિણ ધ્રુવ સૌથી વધુ વ્યૂહાત્મક અને મહત્વપૂર્ણ ક્ષેત્ર સાબિત થયો છે. કારણ કે ત્યાં આવેલા કાયમી છાયાવાળા વિશાળ ખાડાઓમાં, અબજો ટન પાણીનો બરફ જમા થયેલો હોવાની પ્રબળ સંભાવનાઓ રહેલી છે. ભારતીય ચંદ્રયાન-૩એ વર્ષ ૨૦૨૩માં, આ જ દક્ષિણ ધ્રુવ ક્ષેત્રની નજીક સફળ ઉતરાણ કરીને ઇતિહાસ રચ્યો હતો.

જો આ બરફને વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા સહેલાઈથી કાઢીને શુદ્ધ કરી શકાય તો, તે માત્ર ભવિષ્યના અવકાશયાત્રીઓ માટે પીવાનું પાણી પૂરું પાડશે. અને રૉકેટ ઈંધણના આવશ્યક ઘટકો હાઇડ્રોજન અને ઓક્સિજન પૂરા પાડી શકશે. પ્રખ્યાત વિજ્ઞાન લેખક રૉબર્ટ ઝુબ્રિન પોતાના પ્રભાવશાળી પુસ્તક "The Case for Mars" માં, હંમેશાં સ્પેસ મિશન દરમિયાન સ્થાનિક અવકાશી સંસાધનોના મહત્તમ ઉપયોગ પર ભાર મૂકે છે. જે આ ભવિષ્યની યોજનાનો મુખ્ય આધાર છે.

ચંદ્ર આગામી સમયમાં, મંગળ ગ્રહ પર જવા માટેની, આપણી સૌથી પહેલી અને મહત્વપૂર્ણ પ્રયોગશાળા સમાન છે. જ્યાં જીવનરક્ષક પ્રણાલીઓ, વિકિરણ સામે રક્ષણ આપતા કવચ અને સ્વતંત્ર વીજ પુરવઠાની આકરી કસોટી કરવામાં આવશે. મંગળ ગ્રહ પરની લાંબી સફર દરમિયાન, જો કટોકટી સર્જાય તો, પૃથ્વી પરથી તાત્કાલિક મદદ મેળવવી અસંભવ બને છે. આવાં સંજોગોમાં, ચંદ્રના અભિયાનો દરમિયાન પ્રાપ્ત થયેલો, અમૂલ્ય અનુભવ માનવજાત માટે તારણહાર સાબિત થશે. અંતે આપણને એવા સવાલો થાય કે 'શું અનંત બ્રહ્માંડના આ રહસ્યો ઉકેલવા એ, પૃથ્વીની સામાન્ય દૈનિક સમસ્યાઓ કરતાં વધુ મહત્વના છે? શું માનવજાત પોતાના સાહસની આગવી મર્યાદાઓ તોડીને, તારાઓની દુનિયામાં પોતાની નવી ઓળખ પ્રસ્થાપિત કરી શકશે કે નહીં?

મજૂરોનાં આંસુ લૂછતી સમૃદ્ધિ

આજકાલ

પ્રીતિ શાહ

નાગપુરની આર્કિટેક્ટ સમૃદ્ધિ ચપલે સાઇટ પર કામ કરતા શ્રમિકોની ચિંતા કરે છે. એક દિવસ એ કેટલાક વર્કર્સને નાગપુરના એક બગીચામાં લઈ ગઈ અને ત્યાં યોગ કરાવ્યા. એણે જોયું કે યોગ કરવાથી તેઓ હળવાશ અનુભવતા હતા. તે એવા મજૂરોને મળી કે જે પોતાનો દિવસ મળનારી આવક, પરિવાર અને નોકરીની અનિશ્ચિતતાની ચિંતામાં જ વીતાવતા હતા, પરંતુ આવા લોકોના હિત વિશે વિચારનારા ઓછા હોય છે એવું સમૃદ્ધિને લાગ્યું. સેમ્સ ડ્રાફ્ટિંગ બોર્ડની સ્થાપક સમૃદ્ધિના અનેક પ્રોજેક્ટ ચાલતા હોય છે, પરંતુ બાંધકામ સાઇટ પર કામ કરનારા વર્કર્સ માટે તેણે લેવલર્સ ફાઉન્ડેશનની સ્થાપના કરી છે. સમૃદ્ધિએ આ લોકોને ઊંચાઈ પર કામ કરતા જોયા પહેલાં તો એને થયું કે એનાં જોખમો વિશે વાત કરીને તેમને સમજાવી શકાશે. એણે સેફ્ટી કીટ વિશે સમજાવ્યું કે આ પહેરવાની શા માટે જરૂર છે, પરંતુ ઘણા લોકો તે પહેરવા માટે તૈયાર નહોતા. તે એટલું જ કહેતા કે, 'તમે સેફ્ટી કિટ આપો અને અમે કામ પર ચાલ્યા જઈશું.' તેને માટેની કોઈ જાગૃતિ નહોતી.



સમૃદ્ધિ આર્કિટેક્ટની સાથે એક એજ્યુકેટર અને સોશિયલી રિસ્પોન્સીવ ડિઝાઇનની પુરસ્કર્તા છે. લેવલર્સ ફાઉન્ડેશન દ્વારા તે આર્કિટેક્ટ, ડૉક્ટર અને એક્ટિવિસ્ટ સાથે મળીને બાંધકામની જગ્યાએ કે ગાર્ડનમાં કામ કરનાર લોકોની જિંદગી અને તેની પરિસ્થિતિ પર કામ કરે છે. સલામતીને તે સમગ્ર પરિપ્રેક્ષ્યમાં જુએ છે. તે કહે છે કે હેલ્મેટ વ્યક્તિના માથામાં ઈજા ન પહોંચે તે માટે મદદ કરે છે, પરંતુ સાઇટ પર ટોઇલેટ હોતું નથી. ગ્લૉવ્ઝ કમરનું દર્દ ઓછું નહીં કરી શકે કે સલામતી માટે કરવામાં આવેલાં સૂચનો આવક કે ઘરની ચિંતાને દૂર નથી કરી શકતા. આ બધી ચિંતાઓને સાંભળવાથી અને તેનો ઉપાય કરવાથી તેમને સલામતી મળે છે.

ભારતના શહેરોને સુંદર બનાવવાવાળા લોકોની સુરક્ષા, સ્વાસ્થ્ય અને ઇજ્જત એટલા જ મહત્ત્વના છે, જેટલા અન્યના!

બાંધકામ સાઇટ પર કામ કરનાર કલાકો સુધી સામાન ઉપાડે છે, એક જગ્યાએથી બીજી જગ્યાએ તેને લઈ જાય છે, વાંકા વળે છે અને પગથિયાં ચડે છે. આને કારણે મસ્ક્યુલોસ્કેલેટલ ડિસઑર્ડર થાય છે. વતન અને કુટુંબથી દૂર રહેતા આ મજૂરોમાં નર્વસનેસ, ઊંઘની સમસ્યા, થાક લાગવો, યોગ્ય રીતે વિચારી ન શકે - આવી અનેક સમસ્યાઓ જોવા મળે છે. ઘણાને સતત આત્મહત્યાના વિચારો આવે છે. તેમણે એક જગ્યાએ મજૂરોનું સ્ક્રીનિંગ કર્યું, તો તેમાં એંશી ટકા મજૂરોમાં ડિપ્રેશન જોવા મળ્યું. એમાંય પુરુષો વધારે ડિપ્રેશનમાં જોવા મળ્યા. આર્થિક સમસ્યા, અનિશ્ચિતતા, માઇગ્રેશન, મુશ્કેલ પરિસ્થિતિમાં રહેવાનું, શારીરિક દર્દ જેવી પરિસ્થિતિમાં તેને પૂછવામાં આવે કે તેની પાસે હેલ્મેટ અને ગ્લોવ્ઝ છે કે નહીં, પરંતુ તેની સાથે સાથે એ પણ પૂછવું જોઈએ કે તે માનસિક રીતે સ્વસ્થ છે કે નહીં. સ્ત્રીઓ માટે યોગ્ય ટોઇલેટ છે કે નહીં તેની ચિંતા નથી કરતા. પીરિયડના સ્વાસ્થ્ય અંગે મહિલામાં કોઈ જાગૃતિ નહોતી. તેઓ સાડી પહેરીને કામ કરે છે તેમાં કેટલું જોખમ છે તેની વાત કરી, પરંતુ સમૃદ્ધિને એક વાતનો અહેસાસ થયો કે એમને એમ કહો કે તે ખોટું કરી રહ્યા છે કે આ બરાબર નથી તો તે તરત નહીં સ્વીકારે, પરંતુ તેમની વાત પર પહેલાં વિશ્વાસ મૂકીને સમજવું પડશે કે આ લોકો આમ કેમ કરે છે.

એક વખત મહિલાઓએ એના પર ભરોસો મૂક્યો પછી તે કહેવા લાગી કે સમૃદ્ધિ તેની ઝૂંપડપટ્ટીમાં જઈને અન્ય મહિલાઓ સાથે વાત કરે. માઇગ્રેટ વર્કર અનિશ્ચિતતા સાથે જીવતા હોય છે. યુનિયન લેબર મિનિસ્ટ્રી અંતર્ગત જૂન, ૨૦૨૪ સુધી ૫.૭ કરોડ વર્કર્સ રજિસ્ટર્ડ થયેલા છે, પરંતુ એમને સરકારી હાઉસિંગ સ્કીમની માહિતી આપીને તેમને સમજાવવું પડે છે કે તેને માટે તેની પાત્રતા છે કે નહીં, તેને માટે કયા દસ્તાવેજ જોઈશે અને કેવી રીતે રજિસ્ટર કરશે. લેવલર્સ ફાઉન્ડેશન 'યુવા' જેવા સંગઠનો સાથે મળીને વેલ્ફેર સ્કીમ, હાઉસિંગ પ્રોગ્રામ અને જમીનના અધિકારો અંગે જાગૃતિ ફેલાવવાનું કામ કરે છે. મજૂરોના બાળકો માટે શિશુગૃહ બનાવવાનું પણ સમૃદ્ધિ વિચારી રહી છે, કારણ કે જેના માતા-પિતા બાંધકામની જગ્યાએ કામ કરી રહ્યા છે તેમના નાના બાળકોને રાખવાની સમસ્યા બહુ મોટી હોય છે.

એક સિત્તેર વર્ષના વર્કર સાથે વાત કરતા તેને જાણવા મળ્યું કે એનો મિત્ર ઊંચી ઈમારત પરથી પડી ગયો હતો. એને માથામાં વાગ્યું હતું. આવી ઘટનાઓ બન્યા કરે છે. લાંબા સમયથી આવા જોખમી કામ સાથે જીવવાથી એક બેપરવાહી આવી જાય છે. તે લોકો એમ જ માને છે કે અકસ્માત એ જીવનનો જ એક ભાગ છે. એમને એવું નથી લાગતું કે તેમની જિંદગી પણ મૂલ્યવાન છે જેને બચાવવી જોઈએ. તેને કારણે સેફ્ટી કીટ પહેરવા વારંવાર સમજાવવા પડે છે. સમૃદ્ધિ ચપલે નેશનલ એસોસિયેશન ઑફ સ્ટુડન્ટ્સ ઑફ આર્કિટેક્ચર અર્થાત્ નાસાની પ્રથમ મહિલા પ્રમુખ રહી ચૂકી છે. નવી મુંબઈમાં પાબ્લો આર્ટ કાફે લોંજ, મધ્યપ્રદેશમાં લા સેલ્વા પેન્ચ રીસોર્ટ, કન્સ્ટ્રક્શન વર્કર માટે પ્રોજેક્ટ સલામતી જેવાં કામો અને આર્કિટેક્ચર માટે તેને ઍવૉર્ડ મળેલા છે. એક ઊંચી, સુંદર બિલ્ડિંગ વિકાસ પામતા શહેરને સ્વપ્નાંઓ દેખાડી શકે છે, પરંતુ તેની પાછળ કેટલા મજૂરોનો પરિશ્રમ અને તેમના જીવનની સમસ્યાઓ જોડાયેલી છે ! ભારતના શહેરોને સુંદર બનાવવાવાળા લોકોની સુરક્ષા, સ્વાસ્થ્ય અને ઇજ્જત એટલા જ મહત્ત્વના છે, જેટલા અન્યના!

કેળાંના બિસ્કિટની કામયાબી

આજમાં ગઈકાલ

ભગીરથ બ્રહ્મભટ્ટ

મહારાષ્ટ્રના યાવલ તાલુકાના ખેડૂત પરિવારમાં અશોક પ્રભાકર ગાડેનો જન્મ થયો. અશોકે જલગાંવમાં કાયદાનો અભ્યાસ કર્યો અને એલ.એલ.બી.ની ડિગ્રી મેળવી. આશરે પાંચ વર્ષ સુધી આ ક્ષેત્રે કામ કર્યું અને સફળતા પણ મળી, પરંતુ ૧૯૯૦માં તેમના પિતા પ્રભાકર ગાડેનું અવસાન થયું. તેમના પરિવારમાં છેલ્લી ઘણી પેઢીથી તેઓ કેળાંની ખેતી કરતા હતા. પિતાનું અવસાન થતાં આ જવાબદારી અશોક પર આવી પડી. તેમની પાસે સાડા બાર એકર ખેતીની જમીન હતી. તેમનો રસ તો તેમની વકીલાતની પ્રેક્ટિસ કરવામાં હતો, પરંતુ જો તે પ્રેક્ટિસ ચાલુ રાખે તો ખેતી પર ધ્યાન કોણ આપે? તેથી ઇચ્છા ન હોવા છતાં કાયદાની પ્રેક્ટિસ છોડવી પડી.

અશોક ગાડે કહે છે કે કેળાંના બિસ્કિટ બનાવતા આવડતા નહોતા, પરંતુ તેને માટે તેમણે કેળાંના બિસ્કિટ બનાવવાના અનેક પ્રયોગો કર્યા

મહારાષ્ટ્રનું જલગાંવ કપાસ અને કેળાંનું મોટું વેપારી મથક છે. ભારતના બનાના સિટી તરીકે જાણીતા જલગાંવમાં ચોત્રીસ લાખ ટન કેળાંનું ઉત્પાદન થાય છે. જે મહારાષ્ટ્રના કેળાંના ઉત્પાદનના સિત્તેર ટકા અને ભારતના કેળાંના ઉત્પાદનના અગિયાર ટકા છે. આમ છતાં કેળાંની ખેતી મોટાભાગના ખેડૂતો માટે ફાયદાકારક નથી. અશોક ગાડે કહે છે કે જ્યારે જ્યારે તેઓ કેળાં વેચતા, ત્યારે હંમેશા નુકસાન જ થતું. તેઓ વિચારતા કે કેળાંની ખેતીમાં નફો કેમ થતો નથી. તેમના કહેવા પ્રમાણે એક વાર તેનું વાવેતર કર્યા પછી વર્ષે તેના ફાલને કાપી શકાય છે અને આ સમય અઠ્ઠાવીસ દિવસનો હોય છે. કેળાંનું એક ઝાડ જેના પર આશરે પંદર કિલોનો ગુચ્છો થાય તે ઉગાડવાનો ખર્ચ આશરે દોઢસો રૂપિયા આવે છે. તેની સામે સો કિલો કેળાંમાંથી માત્ર એક હજાર રૂપિયા મળે છે.



ઓછા ભાવે વેચવાનું કારણ એ છે કે તેને લાંબા સમય માટે રાખી શકાતા નથી. કારણ કે એક વખત જો તે પાકવા લાગે તો એનાથી પણ ઓછા ભાવે વેચવા પડે. ઘણી વખત ખેડૂતે મહેનતથી ઉગાડેલ પાકને ખેતરમાં જ પડ્યો રહેતો કે સડતો જોવા મળે છે. તેથી અશોક ગાડેએ ૨૦૧૦માં સંકલ્પ એન્ટરપ્રાઇઝની સ્થાપના કરી અને કેળાંની ચીપ્સ, જામ, પાપડ જેવાં ઉત્પાદનો બનાવીને બજારમાં મૂક્યા. જોકે તેમાં પણ જોઈએ તેવી સફળતા મળી નહીં. અશોક ગાડેની પત્ની કુસુમ ગાડેએ કેળાંના બિસ્કિટ બનાવવાનું સૂચન કર્યું. આ દંપતીએ મહેનત કરીને કેળાંના બિસ્કિટ બનાવ્યા. સેન્ટ્રલ ગવર્નમેન્ટમાં પેટન્ટ માટે અરજી કરી અને તેમને તેની પેટન્ટ મળી.

બોંતેર વર્ષના અશોક ગાડે કહે છે કે કેળાંના બિસ્કિટ બનાવતા આવડતા નહોતા, પરંતુ તેને માટે તેમણે કેળાંના બિસ્કિટ બનાવવાના અનેક પ્રયોગો કર્યા. તરત તો સફળતા મળવી મુશ્કેલ હતી, પરંતુ પ્રયોગ કરતાં કરતાં સફળતા મળી. તેઓ કેળાંના બિસ્કિટ બનાવવા માટે કેળાં, ખાંડ અને ઘીનો ઉપયોગ કરે છે. પહેલાં તો તેઓ સ્થાનિક બજારમાં આ બિસ્કિટ વેચતા હતા, પરંતુ કેન્દ્ર સરકાર પાસેથી પેટન્ટ મળ્યા પછી તેઓ હવે અન્ય રાજ્યોમાં પણ તેનું વેચાણ કરે છે. કેળાંના બિસ્કિટ બનાવવામાં જે પ્રયોગો કર્યા, શ્રમ કર્યો અને પછી સારા બજારમાં વેચવાલાયક બિસ્કિટ બન્યા, તેથી તેઓ પોતાના આ ઉત્પાદનને પેટન્ટ મેળવીને સુરક્ષિત રાખવા માગતા હતા. તેઓ માને છે કે આ તેમની બૌદ્ધિક સંપદા છે.

જથ્થાબંધ અને છૂટક વેપારીઓને આ બિસ્કિટ ચારસોથી પાંચસો રૂપિયે કિલો વેચે છે. તેઓ અઠવાડિયામાં બસોથી સાડા ત્રણસો કિલો બિસ્કિટ વેચે છે. વેચાણ માટે તેઓ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે છે, તો ખાદ્યપદાર્થોના પ્રદર્શનમાં પણ ભાગ લે છે. કેળાંના બિસ્કિટથી તેમની આવક ચાર ગણી વધી ગઈ છે અને વર્ષે પચાસ લાખ રૂપિયાની કમાણી કરે છે. તેમના બિસ્કિટ માત્ર મહારાષ્ટ્રમાં જ નહીં, પરંતુ પશ્ચિમ બંગાળ, ઓડિશા, કર્ણાટક અને દિલ્હીમાં પણ વેચાય છે. તેઓ માને છે કે આ પેટન્ટને કારણે અન્ય દેશોમાં પણ તેનું વેચાણ વધારવામાં મદદ મળશે. આ બિસ્કિટનો નિયમિત વપરાશ કરનાર ગ્રાહકોનું કહેવું છે કે બજારમાં મળનારા બિસ્કિટમાં મેંદો વાપરવામાં આવે છે જે સ્વાસ્થ્ય માટે હાનિકારક હોય છે.

જ્યારે આ બિસ્કિટ ખાતી વખતે એવો કોઈ ભય રહેતો નથી. કેળાંના બિસ્કિટ સ્વાસ્થ્યપ્રદ બિસ્કિટનો ઉત્તમ વિકલ્પ છે, કારણ કે કેળાંમાં કેલ્શિયમ ઉપરાંત અનેક પોષકતત્ત્વો હોય છે અને તેને ઘી અને ખાંડથી જ બનાવવામાં આવે છે. તેથી બાળકોને આપવામાં ચિંતા રહેતી નથી. તેનો સ્વાદ પણ સારો છે, તેથી બાળકો હોંશેહોંશે ખાય છે. કેળાંના અન્ય ઉત્પાદનોની પણ માગ વધતી રહી છે, તેથી તેને પૂરી કરવા ગામના અન્ય પચાસ ખેડૂતો જે કેળાંની ખેતી કરે છે, તેની સાથે મળીને અશોક ગાડે કામ કરે છે. તેમને એ વાતનો આનંદ છે કે અન્ય ખેડૂતોને પણ આનો લાભ મળી રહ્યો છે. ૨૦૧૦માં એક હજાર સ્ક્વેર ફૂટ જગ્યામાં તેમનું મેન્યુફેક્ચરીંગ યુનિટ શરૂ કર્યું હતું. આજે ઈન્દોર અને કોલ્હાપુરમાં બીજા યુનિટ શરૂ કરવામાં ત્રીસથી ચાળીસ લાખનું મૂડીરોકાણ કર્યું છે, પરંતુ હવે આ બોતેર વર્ષના અશોક ગાડેને કોઈ ચિંતા નથી. હવે તેઓ કાચા કેળાં વેચતા નથી. પોતાના આટલા વર્ષના અનુભવે તેઓ માને છે કે ખેતીને એક વ્યવસાય તરીકે અપનાવીએ તો નુકસાનને નફામાં પરિવર્તિત કરી શકાય છે.

ઝેરને પગ નહિ, પાંખો ફૂટી છે

જે કંઈ એક જ પ્રકારનાં થોડાં હોય છે ? શંકર ભગવાને જે પી દેખાડ્યું એ પણ ઝેર, મીરાંબાઈએ ગટગટાવ્યું એ પણ ઝેર.

तक्षकस्य विषम दन्ते,
मक्षिका च मस्तके
वृश्चिकस्य विषम पुच्छे सर्वांगे
दुर्जनस्य ततः

(સાપનું ઝેર તેના દાંતમાં, માખીનું ઝેર તેના માથામાં વીંછીનું ઝેર તેની પૂંછડીમાં અને દુર્જનનું ઝેર તેના આખા શરીરમાં વ્યાપી ગયેલું હોય છે.) આ સુભાષિત પણ જેટલું લાક્ષણિક અર્થમાં સાચું છે એટલું અભિધેયાર્થમાં પણ સાચું છે, ઝેરને પગ નહિ, પાંખો ફૂટી છે, એ જોઈએ. આમ તો માણસ સંસારમાં ડગલે ને પગલે ઝેરના ઘૂંટડા પીએ છે, અને આજનો માણસ જે કંઈ આરોગે છે એ બધામાં થોડું થોડું ઝેરજ હોય છે. પૃથ્વી ઉપરનું અમૃત સમાન મનાતું દૂધ પણ સિન્થેટિક બની જતાં મનુષ્યના આરોગ્ય માટે ખતરારૂપ બની રહ્યું છે. દૂધમાંથી બનતા પનીર, માખણ માવો અને ઘી બધામાં જ માનવીની દુર્વૃત્તિનો પગપેસારો થઇ જવાને કારણે તે પદાર્થોએ તેમની અસલિયતને ગુમાવી દીધી છે. દુષિત પાણી બોટલોમાં પેક થઈ શુદ્ધ રૂપે વેચાય છે તેની ખાતરી ? પામ

મેનેજમેન્ટ અને વ્યૂહાત્મક મેનેજમેન્ટનો તફાવત

કોમર્સ અને મેનેજમેન્ટનો અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીને મૂંઝવતો એક પ્રશ્ન એ છે કે કોઈપણ સંસ્થાના રોજ-બરોજના મેનેજમેન્ટ અને વ્યૂહાત્મક (સ્ટ્રેટેજીક) મેનેજમેન્ટ વચ્ચે શું તફાવત છે? અત્યારે મેનેજમેન્ટ ક્ષેત્રમાં કામ કરતા અનેક વ્હાઈટ કોલર મેનેજરો પણ



મેનેજમેન્ટ

ધવલ મહેતા

ઘણીવાર આનો સ્પષ્ટ ઉત્તર આપી શકતા નથી. સ્ટ્રેટેજીક મેનેજમેન્ટનો વિચાર છેલ્લા પચાસ વર્ષથી જ શોધાયો છે જેણે મેનેજમેન્ટ ચિંતનમાં મોટા ફેરફારો કર્યા છે. પરંપરાગત મેનેજમેન્ટની દ્રષ્ટિએ મેનેજમેન્ટના મુખ્યત્વે ચાર કામો (ફન્કશન્સ) છે. (૧) આયોજન કરવું. (૨) વ્યવસ્થાતંત્રનું માળખું ગોઠવવું. (૩) મેનેજરોએ તેમની નીચે કામ કરતા લોકોને નેતૃત્વ પૂરૂ પાડવું. (૪) સંસ્થાના ઉદ્દેશો કે હેતુઓ સફળ થયા છે કે નહીં તે માટે ફીડબેક મેળવવો અને સંસ્થાના ઉદ્દેશો કે સંસ્થાના અનેક ખાતાઓમાં જે ક્ષતિઓ કે ઊણપો રહી ગઈ તેને સુધારવાના પગલા લેવા.

અંગ્રેજીમાં આને પ્લાનીંગ ઓર્ગેનાઈઝીંગ ડાયરેક્ટિંગ અને કન્ટ્રોલીંગ કહે છે. આ કામો ધારીએ એટલા સરળ નથી સંસ્થાનું મુખ્ય કામ આયોજનનું છે એટલે સંસ્થા માટે ટૂંકા ગાળાનું (માસીક, ત્રિમાસિક કે વાર્ષિક) આયોજન કરવું, મધ્યમગાળાનું આયોજન કરવું (આવતા ત્રણ કે પાંચ વર્ષ માટે) કે લાંબા ગાળાનું આયોજન કરવું જે પાંચ વર્ષથી ઘણા વધારે સમયનું હોઈ શકે છે. ધારોકે ગુજરાતમાં કોઈ નવી યુનિવર્સિટી શરૂ થઈ હોય તો તે લાંબાગાળે એમ વિચારી શકે કે આવતા વીસ વર્ષમાં આપણે ગુજરાતની સર્વશ્રેષ્ઠ યુનિવર્સિટી બનવું. કોઈ રેફરીજેરેટર્સ કે એરકન્ડીશનરર્સ કે ઈલેકટ્રીક પંખાઓ બનાવતી કંપની હોય તો તે લાંબાગાળાનું આયોજન જાહેર કરે કે આવતાં વીસ વર્ષમાં આપણી કંપનીએ રેફરીજરેટર, એરકન્ડીશન અને ઈલેકટ્રીક પંખાનું ૪૦ ટકા બજાર કબજે કરશે. પરંપરાગત મેનેજમેન્ટનું બીજું અગત્યનું કામ વ્યવસ્થાતંત્રનું માળખું ગોઠવવાનું છે. આ માળખું બ્યુરોક્રેટીક (ટૂંકમાં ઉપર નીચે સ્પષ્ટ વહેંચણી) હોઈ શકે કે ડેમોક્રેટીક હોઈ શકે કે મેટ્રીક્ષ પ્રકારનું પણ હોઈ શકે. મેનેજમેન્ટનું ત્રીજું કામ મેનેજમેન્ટની નીચે કામ કરતા લોકોને નેતૃત્વ પૂરૂ પાડવાનું છે. નેતૃત્વ પૂરૂ પાડવા માટે મેનેજરે તેમની નીચેના કર્મચારીઓને

મેનેજમેન્ટમાં કંપનીના શરૂઆતના આયોજનથી માંડીને મિશન-વિઝન નક્કી કરવાનું અતિ મૂલ્યવાન બની જાય છે. તેનાથી કંપનીને ભવિષ્યની દિશા મળે છે

પ્રોત્સાહન (મોટીવેશન) પૂરૂ પાડવું પડે. મેનેજરે તેઓની નીચે કામ કરનારાઓ સામે એવી રીતે કોમ્યુનિકેશન કરવું પડે જેથી કર્મચારીઓ સેલ્ફ મોટીવેટેડ બની જાય. પરંપરાગત મેનેજમેન્ટનું છેલ્લું કામ કન્ટ્રોલિંગનું છે. અહીં કન્ટ્રોલીંગ એટલે કર્મચારીઓ પર અંકુશ કે તેમને ડરાવવાનું ધમકાવવાનું તેવો અર્થ નથી પરંતુ કન્ટ્રોલિંગ એટલે કામ માટેના જે ધારાધોરણો અને પરીણામો મેનેજરે નક્કી કર્યા છે તે પ્રમાણે કામ થયું છે કે નહીં એમ ના થયું હોય તો મેનેજરે સુધારાત્મક પગલા લેવા પડે છે. કેટલાંક મેનેજમેન્ટ થીંકર્સ મેનેજરોના કોઓર્ડીનેશન એટલે કે સંકલનના કામને પણ એક જુદું કામ ગણે છે તો તેને અને વ્યવસ્થાતંત્રની રચનામાં સમાવેશ કરે છે. મનેજરો બનવાની સંસ્થામાં ભાષણ આપે કે સલાહ આપે તો પોતાની સંસ્થાનું સારી રીતે રીપ્રેઝન્ટેશન કરવાનું પણ તેની ફરજ બની જાય છે.

સ્ટ્રેટેજીક મેનેજમેન્ટ : પરંપરાગત મેનેજમેન્ટ વ્યૂહાત્મક મેનેજમેન્ટ પરંપરાગત મેનેજમેન્ટના વિચારોને સ્વીકારે છે પરંતુ સ્ટ્રેટેજીક મેનેજમેન્ટ સંસ્થાને નવી દીશા આપે છે.

સ્ટ્રેટેજીક મેનેજમેન્ટ : વ્યૂહાત્મક સંચાલનનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે પોતાના હરીફોથી કેવી રીતે આગળ નીકળી જવું તેમજ પોતાના ધ્યેયો કેવી રીતે સિદ્ધ કરવા. સ્ટ્રેટેજીક મેનેજમેન્ટનું સૌથી અગત્યનું લક્ષણ એ છે કે દરેક કંપનીએ કે સંસ્થાએ નક્કી કરવાનું છે કે તેનું મીશન શું છે અને વીઝન શું છે. મીશન અને વીઝન વિના દરેક સંસ્થા એક ચીલાચાલુ હૃદયહીન સંસ્થા ગણાય. પૂરતા બજાર સંશોધન વિના કંપની શઢ વિનાના વહાણ જેવી બની જાય જે પાણીના પ્રવાહમાં આગળ પાછળ ચાલે કે હાલકડોલક થઈ જાય. કોઈ દવા કંપની એમ કહે કે અમે દવાના ધંધામાં સૌથી વધુ નફો કરવા માગીએ છીએ તો તે કંપની સ્વકેન્દ્રી માની શકાય પરંતુ જો તે એવું મીશન નક્કી કરે કે અમે અમારી દવાઓ દ્વારા માનવઆયુષ્યને લંબાવવા માંગીએ છીએ અને પીડારહિત કરવા માગીએ છીએ તો તેને કંપનીનું મીશન કહી શકાય. મીશનમાં નફાની વાત આવતી નથી મીશન સફળ થાય ત્યારે કંપની નફો કરે છે પરંતુ આ નફો કંપનીના ઉદાત્ત મીશનનું પરિણામ છે. વીઝન એટલે કે વીસથી પચાસ વર્ષના લાંબાગાળામાં કંપની ક્યાં હશે તેની ધારણા કે અપેક્ષા હોય છે. દા.ત. હેન્રી ફોર્ડનું મીશન એ હતું કે એવી કાર બનાવશે જેને અમેરિકાનો ગરીબ વર્ગ પણ ખરીદી શકશે. મીશન એટલે કંપની ક્યા મૂળભૂત હેતુ માટે સ્થપાય છે. તેની સ્પષ્ટ સમજણ અને વીઝન એટલે તે ભવિષ્યમાં કેટલી મોટી કે મહત્ત્વની હશે તેની ધારણા.

વીઝન અને મીશનની ગંભીરતાપૂર્વક રચના કર્યા બાદ દરેક કંપનીએ પોતાનું સ્વોટ એનાલીસીસ ખૂબ જ ગંભીરતાથી કરવું પડે. સ્વોટ શબ્દ અંગ્રેજીના એસઙબલ્યુઓ અને ટી પરથી બન્યો છે. અહીં સ્વોટ એટલે કંપનીની સ્ટ્રેજીસ (તાકાત) વીકનેસીસ (નબળાઈઓ), ઓર્પોચ્યુનીટીઝ એટલે તકો અને થ્રેટસ એટલે કંપની માટે કયા ભયો છે જેનો તેણે મુકાબલો કરવો પડશે.

કંપનીએ નિર્મળતાથી પૃથક્કરણ કર્યા પછી જ તેની વ્યૂહરચવાનું નિર્માણ કરવાનું છે. કંપનીની સ્ટ્રેન્થસ અને નબળાઈઓ તેની આંતરિક બાબત છે જ્યારે તકો અને ભયો અથવા પડકારો કંપનીની બહાર હોય છે.

હવેની દરેક મોટી કંપની પોતાની વ્યૂહરચનાનું ઘડતર ઉપર જણાવ્યા પ્રમાણેના ક્રમથી શરૂ કરે છે વળી કંપની હવે શેરહોલ્ડર્સ કે માલીકોના નફા માટે જ ચાલતી નથી દરેક કંપનીના સ્ટેકહોલ્ડર્સ એટલે કે હિતધારકો હોય છે. કંપનીના હિતધારકોમાં તેના શેરહોલ્ડર્સ, વર્કર્સ અને મેનેજર્સ ગ્રાહકો, સરકાર અને વાતાવરણીય પરિબળો હોય છે. દરેક કંપનીએ તેના શેરહોલ્ડર્સ, ગ્રાહકો સરકાર, વર્કર્સ અને મેનેજર્સ તથા વાતાવરણીય પરિબળો વચ્ચે સંકલન (કોઓર્ડિનેશન) સાધવાનું છે. દરેક કંપની માત્ર નફા માટે જ હોય છે તે કન્સપ્ટને હવેના જમાનામાં વિદાય આપવામાં આવી છે. અત્યારે પરંપરાગત કંપનીઓને સ્ટ્રેટેજીક મેનેજમેન્ટ ધરાવતી કંપનીઓ પરાસ્ત કરી રહી છે. જૂની અને મોટી મસ કંપનીઓ પણ સ્ટ્રેટેજીક મેનેજમેન્ટ અવગણે કે તેને ધ્યાનમાં ના લે તો કાળક્રમે નબળી પડી જાય છે કે બંધ થઈ જાય છે. સ્ટ્રેટેજીક મેનેજમેન્ટનો વિચાર હજી સરકારી તંત્રોમાં દાખલ થયાના અત્યારના સરકારી તંત્રો બ્યુરોક્રેસીના નિયમો પર ચાલે છે. સરકારના બ્યુરોક્રેટીક મેનેજમેન્ટમાં કેટલો બધો ભ્રષ્ટાચાર ચાલે છે તેનાથી આપણે સૌ પરિચિત છીએ.

‘ઊગતા સૂરજને પૂજો’ પ્રેકટીકલ ઉત્તરાદેવી

‘અરે, તમને તો ટેવ પડી છે રોદણાં રડવાની. જવાન દીકરાનાં સપનાંને રોળી નાખવાનો વિચાર કરતાં તમને શરમ નથી આવતી ? મા-બાપ તો પેટે પાટા બાંધીને, અડધાં ભૂખ્યાં-તરસ્યાં રહીને ય સંતાનોને ભણાવતાં હોય છે. તમે કારકુનીમાં જિંદગી કાઢી, મારે મારા અંબરને કારકુની નથી કરાવવી સમજ્યાં? મારા દરદાગીના વેચીને ય હું અંબરને ભણાવીને મોટો ઓફિસર બનાવીશ. એને નાસીપાસ ન કરતા.’ મીઠા છણકા સાથે પતિ કર્મયોગીને ઉત્તરાદેવીએ કહ્યું હતું.

કેમ છે, દોસ્ત

ડૉ. ચન્દ્રકાન્ત મહેતા

કર્મયોગીજી સીત્તેરમા વર્ષે ઠાઠથી ચાલતી પોતાની પત્ની ઉત્તરાદેવીને જોઈ રહ્યા... એમણે ઉત્તરાદેવીને વળતો જવાબ આપતાં કહ્યું હતું : ‘ઉત્તરા, તમે અંબરને ખોટો ચઢાવી ના મારશો. એ બહુ ઊંચા સપના ન જુએ અને યાદ રાખે કે એ એક સામાન્ય કારકુનનો દીકરો છે. પહેલાં શહેરમાં મિલોનો વટ હતો. કાપડના સોદા થતા. નાના શેઠિયાઓ પણ મિલના સેલ્સમેનને સગા બાપ જેટલું માન આપતા હતા. કેવો ભવ્ય જમાનો હતો એ !

પણ અફસોસ, મિલો બંધ પડી અને કારીગરો જ નહીં મારા જેવા સેલ્સમેન પણ રસ્તે રઝળતા થઈ ગયા. પેટનો ખાડો પૂરવા ખાતર મારે ખાનગી પેઢીમાં કારકુનની નોકરી સ્વીકારવી પડી. શેઠના છેલબટાઉ છોકરા પેઢી પર આવે એટલે મારે ઊભા થઈ જવાનું, એવો આગ્રહ રાખે. ઉત્તરા, ટોચ પરથી ગબડી તળેટીમાં પડવાની વેદના મેં વેઠી, એના તો તમે સાક્ષી છો. એટલે જ કહું છું કે અંબરને બહુ મોટા સપનાં ના દેખાડશો. એ ગ્રેજ્યુએટ થયો એટલે હવે એણે નાની-મોટી નોકરી સ્વીકારી લેવી જોઈએ. મને પંચોતેર તો થયા, પૃથ્વી પર શ્વાસ લેવાની મારી ઉલટી ગણતરી હવે શરૂ થવાની ઘડીયો ગણાય છે.’ કર્મયોગીજીએ રૂંધાતા સ્વરમાં કહ્યું.

‘હા, મને યાદ છે અંબરના પપ્પા. મિલમાં સેલ્સમેન તરીકે તમારો વટ જોઈને તો મારા પિતાજીએ તમને મારા માટે પસંદ કર્યા હતા. મેટ્રિક પાસ પણ અંગ્રેજી અને ગુજરાતી ભાષા પરનું પ્રભુત્વ અને નિર્ણય લેવાની તમારી કોઠાસૂઝ જબરી હતી. મારા પિતાજી તમારા વખાણ કરતાં થાકતા નહોતા. એમણે કહ્યું હતું કર્મયોગીજી મિલના સેલ્સમેન છે તો મારી દીકરી ઉત્તરા પણ કાંઈ કમ નથી, રૂપ અને ગુણ બન્ને કુદરતે તેને છુટા હાથે આપ્યા છે. એટલે સોનામાં સુગંધ ભળશે. અને આખરે તો હું મારા પિતાજીની ખોટની દીકરી હતી, તમને બધું યાદ છે ને કર્મયોગીજી...?’

‘હા હા, ઉત્તરા હવે આગળ ન બોલતા. મને બધું જ યાદ છે. અને એ તો તમે પણ નહીં ભૂલ્યા હોવ, કે મેં



લગ્ન પાછળ ખોટો ખર્ચ કરવાની તમારા પિતાજીને ના પાડી હતી અને લગ્નની પવિત્ર વેદીને મારે દહેજના ભ્રષ્ટ પડછાયાથી અભડાવવી નથી એવું પણ મેં કહ્યું હતું.’

‘હા, અંબરના પપ્પા, મને બધું જ યાદ છે. મારા પિતાજી તો ધનવાન

‘પપ્પાએ આખી જિંદગી વૈતરું કર્યું તેં ઘર-ગૃહસ્થીમાં વાળ ધોળા કર્યા તમને શું મળ્યું? હું અને મારી ભાવિ પત્ની લાગણીમાં તણાઈને જિંદગી વેડફવા માગતા નથી’

હતા. છતાં તમે દહેજ લેવાની ના પાડી એટલે તમારા જેવા ખુમારીવાળા જવાનની મર્દાનગી જોઈને મારા પિતાજી રીઝી ગયા હતા અને એક મહિનામાં જ આપણા લગ્ન પતાવી દીધા હતા. અને હું શ્રીમતી ઉત્તરા કર્મયોગીજી બનીને તમારે ઘેર આવી હતી.’ વાત કરતાં કરતાં ઉત્તરાદેવી ભૂતકાળમાં સરી પડ્યા....

ઉત્તરાદેવી સ્વભાવે પ્રેકટીકલ હતા અને કર્મયોગીજીનો સ્વભાવ પરોપકારી હતાં. બીજા માટે ઘસાઈ છૂટવાની કર્મયોગીજીની આદત ઉત્તરાદેવીને જરાપણ પસંદ નહોતી. પણ કર્મયોગીજીને મન સંપૂર્ણ સમર્પણ એ જ જીવનમંત્ર.

ઉત્તરાદેવીના છણકા છાકોટા ખાતા પણ પોતાના નિર્ણયમાં અડગ રહેતા. ઉત્તરાદેવીએ જ્યારે એક રૂપાળા પુત્રને જન્મ આપ્યો પછી કર્મયોગીજીના આનંદનો કોઈ પાર નહોતો. ઉત્તરાદેવી પણ પુત્ર અંબરના ઉછેરમાં વ્યસ્ત બની ગયા હતા અને કર્મયોગીજીના જીવન વ્યવહારમાં એમણે નામે ટ્રાન્સફર કરી પોતાના ખિસ્સા ભરતા હતા. એટલે એક દિવસ હિંમત કરી કર્મયોગીજીએ નાના શેઠને ધંધા પ્રત્યે વધુ ધ્યાન આપવા વિનંતી કરી. બસ ! નાના શેઠનું મગજ ફટક્યું. કર્મયોગીજીને.... ‘ઈડિયટનો ઈલકાબ આપી ‘ગેટ આઉટ’ કહી બહાર નીકળી જવાનું ફરમાન કર્યું. કર્મયોગીજી સમસમી ઊઠ્યા પણ આ બાબતમાં પત્ની ઉત્તરાદેવીની સલાહ લેવાનું તેમણે ઉચિત માન્યું અને ઘેર પહોંચ્યા બાદ ઉત્તરાદેવીને આપવીતી કહી સંભળાવી ત્યારે ઉત્તરાદેવીએ પોતાનો દખલ કરવાનું છોડી દીધું હતું.

ઉત્તરાદેવીના લગ્ન થયા બાદ પૂરાં દસ વર્ષ મિલ ધમધમતી રહી પણ એકાએક મોટા શેઠે વહીવટમાંથી નિવૃત્તિ લીધી હતી અને એમના બે દીકરાઓએ મીલનો વહીવટ સંભાળ્યો હતો. તેઓ મનસ્વી રીતે વર્તતા હતા. મિલના પૈસા પોતાના

‘પ્રેકટીકલ’ દ્રષ્ટિકોણ વ્યક્ત કરતાં કહ્યું : ‘આથમી ચૂકેલાની ભક્તિ ભૂલી જાઓ, અને ઊગતા સૂરજને પૂજો નવી પેઢીને જૂના મનથી ન મૂલવાય. જવાની પાસે બધું જ છે પણ કાન નથી હોતા, એટલે ‘સલાહ’ શબ્દકોશ બહારની ચીજ હોય છે. એમને માત્ર વખાણ અને ખુશામત ગમે છે. નોકરી કરવી હોય તો આ કળા હવે તમારે હસ્તગત કરવી જ પડશે.’

ઉત્તરાદેવીના શબ્દો પૂરા થાય તે પહેલા જ ગુરખાએ એક બંધ કવર કર્મયોગીજીના હાથમાં મૂક્યું અને કાલ સાંજ સુધીમાં મિલનું કવાર્ટર ખાલી કરી ઘરભેગા થઈ જવાનો નાના શેઠનો મૌખિક આદેશ અપમાનજનક શબ્દોમાં કહી સંભળાવ્યો હતો અને કર્મયોગીજીની ત્રીસ વર્ષની વફાદારીપૂર્ણ સેવાનો મૃત્યુઘંટ વાગી ગયો.

પુત્ર અંબર હજી નાનો હતો. એને ભણાવી-ગણાવીને તૈયાર કરવાની જવાબદારી અદા કરવાની બાકી હતી. નવી નોકરીની શોધમાં કાપડ દલાલો અને અન્ય મિલોના પગથિયાં કર્મયોગીજી ઘસતાં રહ્યા, પણ મિલના નાના શેઠને માઠુ લાગવા ના ડરથી બધે જ ઠેકાણેથી મોળો પ્રતિસાદ મળ્યો હતો.

અને અંતે એક ખાનગી પેઢીમાં એક કારકુન તરીકે તેમને કામ મળ્યું. નામ કારકુનનું પણ કેશિયર અને એકાઉન્ટન્ટની બધી જ જવાબદારી કર્મયોગીજીના શીરે.... કર્મયોગીજી એ માન-સન્માન અને જાહોજલાલીના દિવસો માણ્યા હતા... એ દિવસો વહી ગયા. અને હવે તેઓ જીવન યાત્રાનો આનંદ ખોઈ બેઠા હતા.

સમય વહેતો ગયો. કર્મયોગીજીની આંખે મોતીયો આવ્યો. ઢીંચણ પર વાયુના પ્રકોપથી પારાવાર પીડા થતી હતી... ઉત્તરાદેવી પણ આર્થિક ભીંસના કારણે તેમનાથી નારાજ રહેતાં હતાં...

ઉત્તરાદેવી બોલતાં બોલતા એકાએક વિચાર તંદ્રામાં સરી પડ્યા હતાં તેનો ખ્યાલ કર્મયોગીજીને આવી ગયો હતો. એમણે ઉત્તરાદેવીનો ખભો હલાવીને પૂછ્યું : ‘ઉત્તરા શું થયું કેમ શાંતિથી બેઠા છો ?

અનુસંધાન પાનાનં ૦૬ પર

ધનુષબાણ : ૮૦ હજાર વર્ષ પહેલાં શોધાયેલું કાંતિકારી હથિયાર

૨૦૨૫માં ભારતમાં રામાયણનું શૂટિંગ ચાલતું હતું ત્યારે ભારતથી લગભગ ત્રણ હજાર કિલોમીટર દૂર ઉઝબેકિસ્તાનમાં સંશોધકો ખોદકામ કરી રહ્યા હતા. સંશોધન દરમિયાન તેમને અગાઉ ક્યારેય નહોતી મળી એવી એક વસ્તુ હાથ લાગી. સંશોધકોને ૮૦ હજાર વર્ષ પહેલાંનું ધનુષબાણ મળ્યું. ઉઝબેકિસ્તાનના તાશ્કંદથી સોએક કિલોમીટર દૂર ઓબી રખમટ ગ્રોટો નામની એક આર્ક્યિલોજિકલ સાઈટ આવેલી છે. છેક ૧૯૬૨થી એ સાઈટ પર સંશોધનો થઈ રહ્યાં છે. સતત નવી નવી શોધખોળ થતી રહે છે. ૨૦૨૫માં એવી જ શોધમાં ફોસિલ સ્વરૂપે વાંસના તીર-કામઠાં મળી આવ્યા.

સાઈન-ઈન

હર્ષ મેસવાણિયા

૮૦ હજાર વર્ષ પહેલાં પૃથ્વીના પટ પર આજના યુરોપ અને એશિયાના વિસ્તારોમાં આદિમાનવો રહેતા હતા તેને નિએન્ડરથલ કહેવાય છે. સંશોધકોએ શોધી કાઢેલાં ધનુષબાણ આ આદિમાનવો વાપરતાં હતા. આ શોધ મહત્ત્વની એટલે હતી કે તે અત્યાર સુધીમાં મળેલા સૌથી જૂનાંમાં જૂના ધનુષબાણ છે. ૮૦ હજાર વર્ષ જૂના ધનુષબાણ મળ્યાં પછી ઈતિહાસકારોએ ધનુષબાણ અંગેની ધારણા બદલવી પડી.

પૃથ્વી પર ૮૦ હજાર વર્ષ પહેલાંના કાળખંડને પાષાણ-યુગ કહેવાય છે. લગભગ ૩૩-૩૪ લાખ વર્ષ પહેલાં શરૂ થયેલો આ કાળ ૮૦ હજાર વર્ષ અગાઉ મિડલમાં પહોંચી ગયો હતો. તે સમયના માનવીઓ શિકાર કરવા માટે કે આંતરિક લડાઈઓમાં જે ગણ્યાં-ગાંઠ્યાં હથિયારો વાપરતા હતા એમાં એક



દક્ષિણ આફ્રિકાની ગુફામાં 71000 વર્ષ જૂનું ગુફા ચિત્ર



ચીનમાં 2800 વર્ષ જૂનું ધનુષબાણ સચવાયું છે

ધનુષબાણ પણ હતું. આદિમાનવોએ લાકડામાંથી ભાલો બનાવ્યો હતો. અથવા એમ કહો કે લાંબી લાકડીનો એ હથિયારના રૂપમાં ઉપયોગ કરતા હતા જેને પછીથી ધાર નીકળી તો એ ભાલો બની ગયો. એ કાળમાં લાકડા અને પથ્થરની છરી જેવા તીક્ષ્ણ વેપન્સ બન્યાં હતા.

ભાલો ને છરી બનાવનારા આદિમાનવોના વંશજોએ જ પછીના કાળમાં દૂર સુધી નિશાન સાધી શકાય એવું હથિયાર ધનુષબાણના રૂપમાં બનાવ્યું હતું. ગુફાઓમાં રહેતો માનવી એ કાળે ધનુષબાણ અથવા તો કહો કે તીર-કામઠાંનો ઉપયોગ મોસ્ટલી શિકાર કરવા કરતો હશે. એ કાળે માનવોએ નરમ વાંસને વાળીને એના પર મજબૂત ડાળખીઓ કે વેલાઓ બાંધીને પણછ બનાવી હશે. આગળથી ધાર કાઢીને બનાવેલા લાકડાંના તીરથી ધાર્યું નિશાન સાધવાની મથામણ કરી હશે.

■ ■ ■

ભારતીય ઉપખંડમાંથી બ્રોન્ઝ એજના સમયગાળાના ધનુષબાણ મળી આવ્યાં છે. ભારતમાં વૈદિકકાળના સાહિત્યમાં ધનુષબાણનો ઉલ્લેખ છે એ દુનિયામાં લેખિત રીતે મળતો સૌથી જૂનો ઉલ્લેખ છે. સિંધુખીણની પ્રાચીન સંસ્કૃતિના અવશેષોમાંથી પણ ધનુષબાણની હયાતી મળી છે. જેને ઐતિહાસિક રીતે બ્રોન્ઝ એજ એટલે કે કાંસ્ય યુગ કહેવાય છે તેની શરૂઆત સાડા પાંચ હજાર વર્ષ પહેલાં થઈ હતી. ભારતના સંદર્ભમાં સાંયોગિક પુરાવાના આધારે આ યુગ મહાભારતકાળ પહેલાંનો સમય કહેવાય છે. ભગવાન શ્રીરામનો સમયગાળો સંશોધકો સાડા પાંચથી સાત હજાર વર્ષ પહેલાંનો ગણે છે એ રીતે કદાચ ભારતના સંદર્ભમાં રામાયણકાળ પણ હોઈ શકે. તો એ કાળના ધનુષબાણ ભારતીય ઉપખંડમાં ઘણાં સ્થળોએથી મળ્યા છે. અથવા તો ગુફાચિત્રોમાં ધનુષબાણની હાજરી જોવા મળી છે.

મધ્યપ્રદેશમાં આવેલી ભીમબેટકાની ગુફાઓમાં ૧૦ હજાર વર્ષ પહેલાં ધનુષબાણની હાજરી મળી છે. શ્રીલંકામાં ફા-હેન લાના નામની ગુફાઓ છે, ત્યાંથી જે પુરાવા મળે છે એ પ્રમાણે તો ૪૮ હજાર વર્ષ પહેલાં શિકારમાં તીર-કામઠાંનો ઉપયોગ થતો હતો.

રણબીર કપૂરે રામાયણની ઈવેન્ટમાં પહેરેલા બંધ ગળાના કોટમાં ધનુષબાણનો સિમ્બોલ પણ ભારે વાયરલ થયો હતો. રામાયણની રીલિઝ બાદ સેંકડો ફેન્સ ડીપીમાં ધનુષ્ય અને બાણનો સિમ્બોલ સેટ કરી રહ્યા છે...



ધનુષબાણ વાંસ કે એવા લાકડામાંથી બનતા હતા એટલે ૧૦ હજાર વર્ષ સુધી સલામત રહે તેવી શક્યતા નથી, છતાં ફોસિલમાં ફેરવાયેલા કે કોઈ રીતે પથ્થરોની નીચે કુદરતી રીતે એરટાઈટ પેક થઈ ગયેલા ધનુષ અને બાણના જુદા જુદા સ્થળોએથી નમૂના મળી આવે છે.

દુનિયાનું જૂનામાં જૂનું અખંડ ધનુષ્ય ૯ હજાર વર્ષ જૂનું છે. ડેનમાર્કમાંથી થોડા દાયકા પહેલાં સંશોધકોને તે હાથ લાગ્યું હતું. ઈજિપ્ત અને મેસોપોટેમિયા એટલે આજના ઈરાન આસપાસના વિસ્તારમાં ત્રણ હજાર વર્ષ પહેલાં કદમાં નાના પણ શક્તિશાળી ધનુષ બનતા હતા. તેનો યુદ્ધમાં ખૂબ ઉપયોગ થતો હતો. તેને આધુનિક ધનુષનું પૂર્વજ કહેવાય છે.

એશિયા અને યુરોપમાં ધનુષની

બ્લોકબસ્ટર રામાયણ ફિલ્મના મેકિંગની વાતો ટ્રેન્ડિંગ બની છે. એમાં રામ બનેલા રણબીરે ધનુષબાણની તાલીમ કેવી રીતે લીધી એ કન્ટેન્ટ વાયરલ છે, ત્યારે જાણો ધનુષબાણ વિશે ઈન્ટરેસ્ટિંગ વાતો...

બનાવટની પદ્ધતિમાં થોડો ફરક રહેતો હતો. ૧૦ સદી પછીના જે ધનુષો યુરોપમાંથી મળ્યા છે તે છ ફૂટ લાંબાં હતાં. એશિયામાં જે ધનુષો બનતા તેના છેડાં આગળની તરફ વળેલાં રહેતા અને તેની સાઈઝ ચાર ફૂટથી વધારે ન હતી.

૧૭મી સદી બાદ, દારૂગોળો અને બંદૂકની શોધ પછી ધનુષબાણનો ઉપયોગ સાવ ઘટી ગયો. સદીઓ સુધી આદિવાસી કબીલાઓ તીર-કામઠાંનો ઉપયોગ કરતા રહ્યા. એ સિવાય યુદ્ધોમાંથી ધનુષ-બાણની સદંતર બાદબાકી થઈ ગઈ.

■ ■ ■

વેલ, પ્રાચીન સમયમાં જ્યારે આદિમાનવે ધનુષબાણની શોધ કરી હશે ત્યારે શસ્ત્રોમાં એ સૌથી પડકારજનક, ક્રાંતિકારી અને આધુનિક શોધ બની હશે. ધનુષબાણની બનાવટમાં ખાસ પ્રકારની આવડત અને સાયન્સની જરૂર પડતી હતી. આગળની કમાન જો સંતુલિત ન હોય તો ધાર્યું નિશાન પાર પડે નહીં. એ જ રીતે પણછ કે પ્રત્યંચા કે દોરી વ્યવસ્થિત બાંધેલી ન હોય તો બાણને ગતિ મળતી નથી. આટલું થઈ જાય તો પણ ભાલાની સરખામણીએ નિશાન સાધવાનું આસાન રહેતું નથી.

ધનુર્ધારીએ શરીરનું સંતુલન જાળવવું જરૂરી છે. તેના માથાની દિશા, ટટ્ટાર થયેલા શરીરનું ડાબા-જમણાં બંને પગ પર વહેંચાયેલું વજન, ધનુષને પકડવા માટે કાંડાની મજબૂત પક્કડ અને એટલી જ ચપળતાથી અંગુઠા-આંગળીની વચ્ચે પકડેલા બાણને પ્રત્યંચામાંથી યોગ્ય સમયે છોડવાની કળા જ ધનુર્ધરને અજેય યોદ્ધો બનાવે છે.

આજે દુનિયાભરમાં તીરંદાજી સ્પર્ધાઓ યોજાય છે. પાષાણ-યુગમાં શિકારના સાધનથી શરૂ કરીને ભીષણ યુદ્ધોમાં વિનાશક હથિયાર બનેલા ધનુષે પછી ઓલિમ્પિક્સમાં રમત તરીકે સ્થાન મેળવીને હજુય ૮૦ વર્ષથી હયાતી જાળવી રાખી છે. ભારતના તીરંદાજો ગ્લોબલ સ્પોર્ટ્સ ઈવેન્ટમાં મેડલ્સ મેળવીને ભારતીય ધનુર્ધરોના ભવ્ય ઈતિહાસને એ રીતે આગળ વધારી રહ્યા છે. ■

ધનુષ-બાણ : પ્રાચીન ભારતના યોદ્ધાઓનું પ્રિય હથિયાર

ભારતની પૌરાણિક યુદ્ધ કથાઓમાં યોદ્ધાઓનું પ્રિય હથિયાર કયુ હતું?

ધનુષ-બાણ.

ભગવાન રામથી લઈને ભગવાન શિવ, શ્રીપરશુરામ, શ્રીકૃષ્ણ, લક્ષ્મણ, દશરથ, ભીષ્મ, દ્રોણાચાર્ય, કર્ણ, અર્જુન, અભિમન્યુ, અશ્વત્થામા, એકલવ્ય, બર્બરિક.. આ યાદીમાં સેંકડો યોદ્ધા ઉમરી શકાય. આ યોદ્ધાઓનું મુખ્ય હથિયાર ધનુષ-બાણ હતું. હથિયારોના નામ રાખવાની પરંપરા કદાચ દુનિયામાં ક્યાંયથી શરૂ થઈ હોય તો એ ભૂખંડ ભારત હશે. શિવધનુષ પિનાક નામથી જાણીતું છે, જેને સીતાજીના સ્વયંવરમાં ભગવાન રામે તોડ્યું હતું. ભગવાન વિષ્ણુના ધનુષનું નામ હતું સારંગ.



કથા તો એવી પણ છે કે કણ્વઋષિએ સેંકડો વર્ષ તપ કર્યું ત્યારે તેમના ઉધઈના રાફડાની માટીથી લિપ્ત શરીર પર વાંસનું ઝાડ ઉગી નીકળ્યું હતું. દેવોના શિલ્પી વિશ્વકર્માએ એમાંથી બે ધનુષ-બાણ બનાવ્યા. એક પિનાક - જે ભગવાન શિવને આપ્યું. બીજું, સારંગ - જે ભગવાન વિષ્ણુને આપ્યું. ભગવાન શિવ પિનાક ધનુષને ધારણ કરતા હોવાથી પિનાકપાણિ નામથી ઓળખાયા. એટલે કે જેમના હાથમાં પિનાક નામનું ધનુષ શોભે છે તે. ભગવાન વિષ્ણુનું નામ આ જ કારણથી સારંગપાણિ છે. શ્રીકૃષ્ણ પણ વિષ્ણુનો પૂર્ણ અવતાર હોવાથી સારંગ ધનુષ ધારણ કરતા હતા. ભગવાન રામના ધનુષનું નામ હતું કોદંડ. જેનો અર્થ જ વાંસમાંથી બનેલું ધનુષ એવો થાય છે. એટલે જ ભગવાન રામનું એક નામ કોદંડધારી કે કોદંડપાણિ પણ છે.

અર્જુનના ધનુષનું નામ ગાંડિવ હતું તો કર્ણને પરશુરામે શંકર ભગવાનનું વિજય નામનું ધનુષ ભેટમાં આપ્યું હતું એટલે તે એ ધનુષથી અર્જુન સામે લડ્યો હતો. રામાયણ અને મહાભારતમાં તો ધનુષ-બાણ જ મુખ્ય હથિયાર છે. રાવણનો વધ ધનુષ-બાણથી થયો હતો. ભીષ્મ મહિનાઓ સુધી બાણસૈયા પર સૂતા રહ્યા હતા. કર્ણનો વધ ધનુષ-બાણથી થયો હતો. અભિમન્યુ કૌરવોના ધનુષ-બાણથી ઘાયલ થઈને હણાયો હતો. દ્રોણાચાર્યે બાણના પ્રહારથી પ્રાણ છોડ્યા હતા. મહાભારતમાં દુર્યોધન-ભીમની છેલ્લી લડાઈને બાદ કરીએ તો ધનુષ-બાણ જ છેક સુધી મુખ્

ગુજરાત સમાચાર
રવિપૂર્તિ


રવિવાર
૨૨-૧૧-૨૦૨૬

www.gujaratsamachar.com

feedback : gsreaders@gmail.com

ટેકનોવર્લ્ડ

તમે ફોનના તમારા ઉપયોગ તરફ પૂરતા સભાન છો?



નવા વર્ષમાં સ્વાસ્થ્ય-સમૃદ્ધિ પર ધ્યાન

નવા વર્ષના પ્રારંભે, ખાસ કરીને લાભ પાંચમ કે સાતમે કામકાજનો ફરી શુભારંભ કરતી વખતે આપણા સૌનું ધ્યાન સમૃદ્ધિ પર હોય છે! હોવું જ જોઈએ, પરંતુ સ્વાસ્થ્યના ભોગે સમૃદ્ધિ મેળવવાને બદલે, સ્વાસ્થ્યની સમૃદ્ધિ તરફ ધ્યાન આપીએ તો સુખ-સમૃદ્ધિ આપોઆપ આવે.

નવા સમયમાં એવું કરવાનો સૌથી સહેલો ઉપાય આપણા ફોનના ઉપયોગ પર અંકુશ મૂકવાનો છે. અંકુશ એટલે ફોનને સાવ બાજુએ જ મૂકવો એવું નહીં, પણ ફોન હાથમાં લીધા પછી આપણે એમાં શું કરીએ છીએ એ તપાસવું.

ઉપરાંત, આપણે કઈ એપમાં વધુમાં વધુ સમય ગાળીએ છીએ કે વેડફીએ છીએ એ તપાસ્યા પછી એ તરફ થોડા સજાગ થવું. આટલું કરી શકીએ તો આપણે આપોઆપ ફોનના બહેતર ઉપયોગ તરફ વળી શકીએ.

આઇફોન અને એન્ડ્રોઇડ બંનેમાં આવી ડિજિટલ અવેરનેસ અને વેલબીઇંગ કેળવવા માટેનાં કેટલાંક ટૂલ્સ કે ફીચર્સ છે. એન્ડ્રોઇડમાં 'પોઝ પોઇન્ટ' નામે એક નવી સગવડ પણ આવી રહી છે. અત્યારે લાઇફ અને બિઝનેસ રિસેટ કરવાનો ઉત્સાહ હોય ત્યારે આ બધું જાણવા-સમજવા જેવું છે!

હવે આપણે સૌ દિવસ-રાત પોતાના ફોનમાં અને એમાં વિવિધ એપ્સમાં ખૂંપેલા રહીએ છીએ - આજુબાજુનું બધું જ ભૂલીને.

આવા ડિજિટલ વ્યસનની દેખીતી આડઅસરો છે. ફોનના વધુ પડતા ઉપયોગથી શારીરિક-માનસિક બંને પ્રકારનાં નુકસાન છે.

આપણું મન મક્કમ હોય તો એવી સ્થિતિ આવે જ નહીં, જો આવે, તો મદદ કરી શકે તેવાં કેટલાંક ફીચર્સ જાણી લેવાં જોઈએ.

ડિજિટલ વેલબીઇંગનાં વિવિધ ફીચર્સ અને ફાયદા

આપણા સૌનો સ્માર્ટફોનનો ઉપયોગ વધુ પડતો વધ્યો એ પછી એપલ, ગૂગલ જેવી કંપની (જેણે આપણને આ લત લગાડી!) લોકોની ડિજિટલ સુખાકારી પ્રત્યે થોડી સભાન બની છે. આ કંપનીઓ પોતપોતાની ફોનની ઓપરેટિંગ સિસ્ટમમાં લાંબા સમયથી આપણો સ્માર્ટફોનનો ઉપયોગ સ્વાસ્થ્ય માટે હાનિકારક ન બને એવાં એવાં ફીચર આપવા લાગી છે.

એપલમાં 'સ્ક્રીન ટાઇમ' નામે એક ફીચર છે, જેની મદદથી આપણે પોતાના આઇફોન, આઇપેડ અને મેકમાં કેટલો સમય વીતાવીએ છીએ તે તપાસી શકીએ છીએ. આ સાથે તે વિવિધ રીતે આપણા વપરાશમાં અંકુશમાં રાખવાના રસ્તા પણ આપે છે.

એન્ડ્રોઇડમાં ગૂગલ અને અન્ય કંપની આ બધાં ફીચર 'ડિજિટલ વેલબીઇંગ' નામે આપે છે.

'સ્ક્રીન ટાઇમ' કે 'ડિજિટલ વેલબિઇંગ' હેઠળનાં ફીચર્સ આપણને મુખ્યત્વે બે વાતો જાણવામાં અને તેના આધારે જરૂરી પગલાં લેવામાં ઉપયોગી થાય છે.

આપણો ફોનનો વપરાશ

આપણી ડિજિટલ સુખાકારી કેવીક છે એ સમયવા માટે સૌથી પહેલાં તો આપણે પોતે ફોનનો કેટલો ઉપયોગ કરીએ છીએ એ તપાસવું પડે. બની શકે કે આખા દિવસમાં તમે ઇન્સ્ટાગ્રામ કે યુટ્યૂબ કે પછી કોઈ એક ચોક્કસ ગેમ એપમાં સતત પરોવાયેલા રહેતા હો. તમને એ ચોક્કસ એપનું વ્યસન જ થઈ ગયું હોય, તમે એ સમજતા પણ હો, છતાં, ફોન હાથમાંથી છૂટતો ન હોય અને ફોનમાં ઘણો ખરો સમય એ એક-બે એપ જ ચોરી લેતી હોય!

'ડિજિટલ વેલબિઇંગ'ની મદદથી આપણે નીચેની બાબતો તપાસી શકીએ છીએ.

- આપણે દિવસમાં કેટલા કલાક અને મિનિટ સ્માર્ટફોનમાં પરોવાયેલા રહ્યા તે જોઈ શકીએ છીએ.
- યુટ્યૂબ, ઇન્સ્ટાગ્રામ, ફેસબુક તથા વિવિધ ગેમ્સમાં દિવસમાં કેટલો સમય ગાળ્યો એ પણ જાણી શકાય.
- આખા દિવસ દરમિયાન આપણે કેટલીવાર ફોન હાથમાં લઈને અનલોક કર્યો એ પણ જાણી શકાય.
- એ જ રીતે દિવસ દરમિયાન આપણને ફોનમાંની એપ્સથી કેટલાં નોટિફિકેશન્સ મળ્યા અને કઈ એપે આપણાં પર સૌથી વધુ નોટિફિકેશન મોકલ્યા એ પણ જાણી શકાય.

ફોનના વપરાશ પર અંકુશ

ઉપર જેની વાતો કરી તે આપણો સ્માર્ટફોનનો કેટલો ભારે ઉપયોગ છે તે જાણવાની વાત થઈ. 'ડિજિટલ વેલબિઇંગ' ફીચર્સ હેઠળ આ ઉપયોગ અંકુશમાં લેવાની કે ઘટાડવાની સગવડો પણ મળે છે.



એપ ટાઇમરઃ આ સુવિધા મળે છે જેનો લાભ લઈને આપણે નિશ્ચિત એપ આખા દિવસમાં વધુમાં વધુ કેટલો સમય ઉપયોગ કરી શકીએ તેની લિમિટ સેટ કરી શકીએ છીએ. આપણે સેટ કરેલી લિમિટ પૂરી થયા પછી દિવસ દરમિયાન એ એપ ઓપન કરી શકાતી નથી.




ફોકસ મોડઃ આવું બીજું એક ફીચર 'ફોકસ' મોડનું છે. તેમાં આપણે પોતાના મૂળ કામને બદલે સોશિયલ મીડિયા જેવી એપ્સમાં વધુ સમય વેડફાતો હોય તો જરૂર પૂરતા સમય સુધી એવી એપ ફોનમાં ઓપન જ ન થાય એવું સેટિંગ કરી શકીએ છીએ.

આપણા ઓફિસ કે અભ્યાસના સમય દરમિયાન આ 'ફોકસ' મોડ ઓન રહે એવું સેટિંગ કરી શકાય.




બેડ ટાઇમ મોડઃ હવે મોટા ભાગના લોકોને રાતના સમયે ઊંઘતા પહેલાં પણ લાંબો સમય મોબાઇલમાં કશું ને કશું સ્ક્રોલ કરતા રહેવાની આદત પડી ગઈ છે. 'ડિજિટલ વેલબિઇંગ' ફીચરમાં આપણે રાત્રે નિશ્ચિત સમયથી સવારના નિશ્ચિત સમય સુધી 'બેડ ટાઇમ' ઓન કરી શકીએ.


એ સમય દરમિયાન ફોનમાં 'ડુ નોટ ડિસ્ટર્બ' મોડ ઓન થાય, જેમાં આપણા પર આવતા એલર્ટ્સ બંધ થાય છે.તથા ઇનકમિંગ કોલ્સની રિંગ વાગવાને બદલે તે વોઇસ મેલમાં ટ્રાન્સફર થાય છે. જોકે ઇમરજન્સીમાં આ ફીચર અવરોધરૂપ ન બને તે માટે કોઈ વ્યક્તિ ૧૫ મિનિટમાં ફરી આપણને કોલ કરે તો તેની રિંગ વાગે એવી સગવડ હોય છે.



દિવસમાં કેટલો સમય આપણે ફોનમાં પરોવાયેલા રહ્યા તે સહેલાઈથી જોઈ શકાય.



કયા પ્રકારની એપ્સમાં આપણે કેટલો સમય વીતાવ્યો એ પણ જોઈ શકાય.



વાહન ચલાવતાં કે ચાલતી વખતે આપણે ફોનનો કેટલો ઉપયોગ કરીએ છીએ એ પણ જાણી શકાય.

અત્યારે બધાં ટૂલ આદત પડ્યા પછીનાં છે, 'પોઝ પોઇન્ટ' એવી આદત પડે તે પહેલાં મદદ કરે છે

'ડિજિટલ વેલબીઇંગ'માં હવે આવી રહ્યું છે 'પોઝ પોઇન્ટ'

આપણા સ્માર્ટફોનમાં 'ડિજિટલ વેલબિઇંગ'નાં ઉપર જણાવેલાં બધાં ફીચર લાંબા સમયથી છે. આ ફીચરનો લાભ મોટા ભાગના એન્ડ્રોઇડ તથા એપલના આઇફોનમાં મળી શકે છે. એ ઉપરાંત ગૂગલે કેટલાક સમયથી 'પોઝ પોઇન્ટ' નામે એક ફીચરનો લાભ આપવાનું પણ શરૂ કર્યું છે. અલબત્ત અત્યાર સુધી આ ફીચરનો લાભ ગૂગલના માત્ર 'પિક્સેલ-૧૧' ફોનમાં મળતું હતું, હવે તે અન્ય એન્ડ્રોઇડમાં પણ મળવા લાગે તેવી શક્યતા છે.

'પોઝ પોઇન્ટ' ફોનમાં આપણું 'ડૂમસ્ક્રોલિંગ' ઘટાડવાનો એક પ્રયાસ છે.

તમે પણ આવું ડૂમસ્ક્રોલિંગ કરતા હશો - રોજેરોજ! આપણે ફોનમાં ઇન્સ્ટાગ્રામ, યુટ્યૂબ, ફેસબુક, વોટ્સએપ, કોઈ ફેવરિટ ગેમ વગેરે એક વાર ઓપન કરીએ પછી તેનાથી સહેલાઈથી બહાર નીકળી શકતા નથી. આપણે 'બે ઘડી ફ્રેશ થવા માટે બ્રેક' લેવાનું વિચારીને એ એપ ઓપન કરી હોય પરંતુ પછી તેમાં કલાકો વેડફી નાખીએ.

ગૂગલનું 'પોઝ પોઇન્ટ' ફીચર આ આદતમાંથી છૂટકારો મેળવવામાં મદદ કરે છે. આ ફીચર હેઠળ આપણે નિશ્ચિત એપ ઉમેરી દઈએ એ પછી જ્યારે પણ એ એપ ઓપન કરીએ ત્યારે એ એપ સદંતર બ્લોક કરવાને બદલે 'પોઝ પોઇન્ટ' ફીચર હેઠળ આપણને હળવો ઇશારો કરવામાં આવે છે અને કહેવામાં આવે છે કે ''તમે આ એપ ઓપન કરો તે પહેલાં ઊંડો શ્વાસ લો અને આજના દિવસમાં તમે શું શું કરવા ધાર્યું છે એ વિચારી લો.''


સમજદારને ઇશારો કાફી એમ આટલું સૂચન મળ્યા પછી જો આપણા મગજમાં ઝબકારો થાય તો આપણે સ્ક્રીન પર દેખાતા 'ડોન્ટ ઓપન' બટન પર ક્લિક કરીને પોતાના મૂળ કામમાં આગળ વધી શકીએ.

નામ મુજબ આ 'પોઝ પોઇન્ટ' ફીચર આપણો સમય વેડફાય તેવી એપમાં ખાબકતાં પહેલાં, ૧૦ સેકન્ડનો બ્રેક આપે છે. એ બ્રેક દરમિયાન આપણે કાં તો ફક્ત ઊંડા શ્વાસ લઈ શકીએ અથવા એ એપમાં વધુ પડતો સમય વેડફાય નહીં એ માટે ટાઇમર સેટ કરી શકીએ.

વાત ફક્ત આપણી માનસિકતા બદલવાની છે. ઉપરાંત આ ફીચર એવા લોકોને જ કામનું છે જેઓ પોતાના મન પર ઠીક ઠીક કાબુ ધરાવે છે, ફક્ત ક્યારેક ક્યારેક ફેવરિટ એપ્સમાં લપસી પડે છે!

મજા એ છે કે આપણે એક વાર મન મક્કમ કરીને 'પોઝ પોઇન્ટ' ફીચરનો ઉપયોગ શરૂ કરીએ એ પછી તેને ડિસેબલ કરવું સહેલું નથી. એમ કરવા માટે આપણે ફોનને ધરાર રિસ્ટાર્ટ કરવો પડે! ઇરાદો એ જ છે કે આપણે વિવિધ એપ્સમાં સમય વેડફતા અટકીએ.

અચ્છા, હવે મૂળ વાત જાણી લઈએ. આગળ વાત કરી તેમ 'પોઝ પોઇન્ટ' ફીચર અત્યાર સુધી ગૂગલના સૌથી મોંઘા 'પિક્સેલ ૧૧' ફોનમાં જ ઉપલબ્ધ હતું. હવે તે અન્ય પિક્સેલ ફોન તથા અન્ય એન્ડ્રોઇડ ડિવાઇસમાં પણ આવી રહ્યું છે. તમે પોતાનું 'ડૂમસ્ક્રોલિંગ' ઘટાડવા ઇચ્છતા હો તો 'પોઝ પોઇન્ટ' તરફ નજર દોડાવવા જેવી છે. તમારા ફોનમાં 'પોઝ પોઇન્ટ' ફીચર ન આવે તો પણ કમ સે કમ ડિજિટલ વેઇબીઇંગનાં ફીચર્સનો ઉપયોગ શરૂ કરશો તો લાભમાં રહેશો!




એન્ડ્રોઇડનો જૂનો ફોન બદલવાનું કામ હવે હજી વધુ સહેલું બનશે

નવા એન્ડ્રોઇડ ફોનમાં એપ્સમાં નવેસરથી લોગ ઇન કરવું પડશે નહીં

આપણે પોતાના કાયમી એન્ડ્રોઇડ સ્માર્ટફોનનો ઉપયોગ કરતા હોઇએ તે ફોનનો ઉપયોગ બંધ કરીને નવા ફોનનો ઉપયોગ શરૂ કરીએ ત્યારે બધું નવેસરથી સેટઅપ કરવાની હવે ઝંઝટ રહી નથી. એન્ડ્રોઇડમાં આપણને પોતાના ગૂગલ એકાઉન્ટમાં ફોનનાં બધાં સેટિંગ્સનો બેકઅપ લેવાની સગવડ મળે છે (જોકે એ યાદ રાખવા જેવું છે કે આ બેકઅપ હવે આપણા ગૂગલ એકાઉન્ટની સ્ટોરેજમાં ગણતરીમાં લેવાય છે!). આપણે આવો બેકઅપ લેવાનું ફીચર ઓન રાખ્યું હોય તો ફોન બદલીએ ત્યારે નવા ફોનમાં જૂના ફોનના ગૂગલ એકાઉન્ટથી લોગ ઇન થઈએ એ સાથે જૂના ફોનમાંનું બધું જ નવા ફોનમાં આપોઆપ સેટઅપ થઈ જાય. આપણા વોલપેપરથી માંડીને જૂના ફોનમાં ઇન્સ્ટોલ કરેલી બધી એપ પણ નવા ફોનમાં આવી જાય.

અલબત્ત આ પછી પણ કેટલીક ઝંઝટ બાકી રહેતી હતી. જેમ કે જૂના ફોનમાં આપણે જે કોઈ એપ્સમાં લોગ ઇન થયા હોઈએ એ બધી જ એપમાં નવા ફોનમાં વારાફરતી લોગ ઇન થવું પડે. કોઈ એપનો પાસવર્ડ આપણે ભૂલી ગયા હોઈએ તો તેને રિસેટ કરવાની મોટી ઝંઝટ ઊભી રહે.



આવતા વર્ષથી આવી કોઈ ઝંઝટ પણ રહેશે નહીં. હમણાં ઓગસ્ટ ૨૦૨૬માં ગૂગલે 'ઝીરો સેટઅપ સાઇન ઇન' નામે એક નવા ફીચરની જાહેરાત કરી હતી. આ ફીચર આમ તો એન્ડ્રોઇડ એપ્સના ડેવલપરને લાગુ પડે છે. તેમને કેટલાંક પગલાં લેવાના રહેશે. સરેરાશ યૂઝર્સ તરીકે આપણે કંઈ કરવાનું રહેતું નથી. આપણને ફક્ત તેનો ફાયદો મળશે!

આ નવા ફીચરને કારણે એપ્રિલ ૨૦૨૭થી પ્લે સ્ટોરમાંની જે કોઈ એપ્સમાં સાઇન ઇન કરવાની સગવડ હોય તે બધીના ડેવલપર માટે 'ઝીરો ટેપ સાઇન ઇન' પદ્ધતિ આપવાનું ફરજિયાત થઈ જશે.

આ કારણે આપણે જૂના ફોનમાં જે કોઈ એપ્સ - જેમ કે બેંકિંગ એપ્સ, સ્ટ્રીમિંગ એપ્સ કે અન્ય કોઈ એપમાં લોગ ઇન થયા હોઈએ અને જેમાંથી લોગ આઉટ થયા ન હોઈએ તેવી બધી એપની સાઇનઇન સ્થિતિ નવા ફોનમાં પણ ટ્રાન્સફર થઈ જશે.

આનો અર્થ એ કે આપણે ફોન બદલીશું ત્યારે જૂના ફોનમાંની બધી એપ્સ નવા ફોનમાં આવી જશે તથા નવા ફોનમાં એ બધી એપ્સમાં આપણે નવેસરથી સાઇન ઇન પણ કરવું પડશે નહીં!

આપણે કોઈ એપ માટે કોઈ બટન ટેપ કરવાની જરૂર રહેશે નહીં કે યૂઝર નેમ અને પાસવર્ડ પણ આપવાની જરૂર રહેશે નહીં. આવતા વર્ષ એટલે કે ૨૦૨૭થી પ્લે સ્ટોરમાંની લગભગ બધી જ એપ આ રીતે કામ કરતી થઈ જાય એવી શક્યતા છે.

એક ખાસ પહેલ, આપને માટે!



ટેક્નોક્વિઝમાં ભાગ લો, નોલેજ સાથે ઇનામ મેળવો!

પ્રશ્ન-૧. એન્ડ્રોઇડની 'ડિજિટલ વેલબીઇંગ' જેવી એપલની સર્વિસનું નામ શું છે? (૧) સ્ક્રીન સેવર (૨) ટાઇવ સેવર (૩) સ્ક્રીન ટાઇમ

પ્રશ્ન-૨. હજી હમણાં સુધી ગૂગલનું 'પોઝ પોઇન્ટ' ફીચર ક્યા ફોનની સીરિઝમાં જ ઉપલબ્ધ હતું?
(૧) પિક્સેલ ૧૧ (૨) સેમસંગ ગેલેક્સી (૩) મોટોરોલા એજ

પ્રશ્ન-૩. 'મિશલીન સ્ટાર રેટિંગ સિસ્ટમ'ની શરૂઆત ક્યા દેશથી થઈ? (૧) ઓસ્ટ્રેલિયા (૨) ફ્રાન્સ (૩) જાપાન

જવાબો મોકલવા આ ક્યૂઆર કોડ સ્કેન કરો

તા. ૦૮-૧૧-૨૦૨૬ ક્વિઝના વિજેતાઓ

કનુ રામ, પુષ્પસિંહ મોહનસિંહ રાઠોડ, ભાવેશ દરજી

તા. ૦૮-૧૧-૨૦૨૬ ક્વિઝના જવાબો

પ્રશ્ન-૧. ઝોહો કોર્પોરેશનનું ગ્લોબલ હેડક્વાર્ટર ભારતના ક્યા શહેરમાં આવેલું છે? - ચેન્નઈ

પ્રશ્ન-૨. અમેરિકાની સિસ્કો સિસ્ટમ્સના હાલના પ્રેસિડેન્ટ કોણ છે? - જીતુ પટેલ

પ્રશ્ન-૩. એપલના શોરૂમમાં રિટર્ન થતા આઇફોનના 'સીલબંધ' પેકને સ્કેન કરવા ઉપયોગ કરાતી ટેક્નોલોજી ક્યા નામે ઓળખાય છે? - પ્રેસ્ટો

વિજેતાઓને અભિનંદન! આપનાં ઇનામ માત્ર રૂબરૂ અથવા કોઈ પ્રતિનિધિ દ્વારા ૧૫ દિવસમાં આ સરનામેથી મેળવી લેશોઃ શ્રેયાર્થ યુનિવર્સિટી, એમ. જે. લાઇબ્રેરી પાસે, આશ્રમ રોડ, અમદાવાદ (સવારના ૧૦થી સાંજના ૬) ૯૩૧૩૯૨૬૧૦૨/૪, info@shreyarthuni.ac.in, વેબસાઇટઃ shreyarthuni.ac.in.

ક્યૂઆર કોડ સ્કેન કરવા માટે સ્માર્ટફોનમાં ગૂગલ સર્ચ એપમાં 'લેન્સ' ઓપન કરી તેનાથી કોડ સ્કેન કરો. આઇફોન તથા અમુક એન્ડ્રોઇડ ફોનમાં ડાઇરેક્ટ કેમેરા ઓપન કરી સ્કેન કરી શકાશે (તમારા ફોનમાં આ સગવડ તપાસવા માટે કેમેરા એપનાં સેટિંગ્સ તપાસી જુઓ). એ ઉપરાંત, ફોનમાં ક્રોમ બ્રાઉઝરમાં 'શેર' બટન ક્લિક કરતાં ક્યૂઆર કોડ સ્કેન કરવાનો વિકલ્પ મળશે. પેટીએમ જેવી અમુક પેમેન્ટ એપમાંથી પણ આ ક્યૂઆર કોડ સ્કેન કરી શકાશે.

ટેકન્યૂઝ | ટેકજગતના ખબરઅંતર...

મેપ્સ એપમાં હવે પોપ્યુલર ફૂડ ટ્રેન્ડ્સ પણ જાણી શકાશે

ટીવી પર તમે 'માસ્ટર શેફ' પ્રોગ્રામ જોવાના શોખીન હશો તો હવે તમે પણ 'મિશિલિન સ્ટાર' શેફથી પરિચિત હશો. ઇન્ડિયન સેલિબ્રિટી શેફમાં વિકાસ ખન્ના મિશિલન સ્ટાર મેળવનાર સૌથી જાણીતા શેફ છે. વાસ્તવમાં આ 'મિશિલન' એ ફ્રાન્સની એક જાણીતી ટાયર કંપની છે! આ કંપની દુનિયાના પચાસેક જેટલા દેશોની રેસ્ટોરાંને તેના ફૂડની ક્વોલિટીને આધારે 'મિશિલિન સ્ટાર'નો એવોર્ડ એનાયત કરે છે. ફૂડ ઇન્ડસ્ટ્રીમાં 'મિશિલન સ્ટાર'ને નોબેલ પ્રાઇઝ જેવાં માન સન્માન આપવામાં આવે છે.

'ટાયર કંપનીને ફૂડ ઇન્ડસ્ટ્રી સાથે શી લેવા દેવા?' એવો સવાલ થયો હોય તો એનો જવાબ પણ જાણવા જેવો છે. મિશિલિન ટાયર કંપનીની શરૂઆત કરનારા બે ભાઇઓને છેક ૧૯મી સદીની શરૂઆતમાં તેમની કંપનીના ટાયરનું વેચાણ વધારવા માટે એક આઇડિયા સૂઝ્યો. તેમણે ફ્રાન્સમાં કારમાં ટ્રાવેલ કરતા લોકોને ઉપયોગી થાય તેવી ફ્રી ગાઇડ પબ્લિશ કરવાનું શરૂ કર્યું. તેમાં ફ્રાન્સના રોડ મેપ ઉપરાંત ટાયર કેવી રીતે બદલવા તેનું માર્ગદર્શન, પેટ્રોલ પંપ તથા રસ્તા પરની હોટેલ્સનાં એડ્રેસ જેવી માહિતી આપવામાં આવી. આઇડિયા એ હતો કે લોકો વધુ ને વધુ કાર ટ્રાવેલ કરે અને કારનાં ટાયર ઘસી નાખે! આ ટ્રાવેલ ગાઇડ પોપ્યુલર થવા લાગી અને બીજા વિશ્વ યુદ્ધ પછી તેને ફ્રી રાખવાને બદલે તેનું વેચાણ શરૂ કરવામાં આવ્યું.

મિશલિન કંપનીની ટ્રાવેલ ગાઇડમાં રેસ્ટોરન્ટ સેકશનનો ઉપયોગ વધતો જોઇને કંપનીએ રેસ્ટોરાંનું ખાનગી રીતે ઇન્સ્પેકશન કરીને તેમની ક્વોલિટી અનુસાર સ્ટાર આપવાની શરૂઆત કરી. ધીમે ધીમે વાત સિંગલમાંથી થ્રી સ્ટાર સુધી પહોંચી. એક સાથે ત્રણ મિશલિન સ્ટાર મેળવાનારી રેસ્ટોરાંનો સમગ્ર વિશ્વમાં દબદબો થાય. રેસ્ટોરાં તેની ક્વોલિટી જાળવે નહીં તો તે પોતાનો મિશલિન સ્ટાર ગુમાવે પણ ખરી.

હવે આપણે આ મિશલિન સ્ટારની પારાયણ કેમ માંડી છે તેની વાત કરીએ. આપણા સૌની જાણીતી અને માનીતી ગૂગલ મેપ પણ હવે કંઇક અંશે 'મિશલિન ગાઇડ' બનવાની તૈયારીમાં છે. વાત ગૂગલની છે એટલે તેમાં રેસ્ટોરાંની ક્વોલિટી ચેક કરવાનું કામ વ્યક્તિગત ઇન્સ્પેક્ટર્સને બદલે મારા તમારા જેવા યૂઝરને સોંપવામાં આવ્યું છે.

અત્યારે ગૂગલ મેપ્સમાં વિશ્વના ૧૦ શહેરોમાં સૌથી પોપ્યુલર રેસ્ટોરાં અને સૌથી ટ્રેન્ડી ફૂડ ટ્રેન્ડ્સનું લિસ્ટ તૈયાર કરીને પબ્લિશ કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૨૬ માટેના આવા લિસ્ટમાં ન્યૂયોર્કમાં ઢોસા પોપ્યુલર હોવાનો પણ ઉલ્લેખ છે!

તમે જાણતા જ હશો કે ગૂગલ મેપમાં આપણે વિવિધ રેસ્ટોરાં માટે રીવ્યૂ અને રેટિંગ આપી શકીએ છીએ. ગૂગલે વિવિધ રેસ્ટોરાં માટે આવા યૂઝર જનરેટેડ રીવ્યૂ અને રેટિંગને આધારે ટોપ રેસ્ટોરાં અને ફૂડ ડિશિઝનું લિસ્ટ તૈયાર કરવાનું શરૂ કર્યું છે. આપણા દેશની ફૂડ એપ્સમાં પણ આવાં લિસ્ટ જોવા મળે છે.

આપનાં સૂચનો, સવાલો મોકલો આ સરનામા પર :
technoworld.gs@gmail.com

લેખન-સંકલન : હિમાંશુ કીકાણી

વાલ્મીકિ રામાયણમાં રામે ભરતને અને શૂર્પણખાએ રાવણને કહેલું આજે પણ સાચું એવું અદ્‌ભુત રાજનીતિશાસ્ત્ર!

સ્પેક્ટ્રોમીટર

જય વસાવડા

'રામો વિગ્રહવાન્ ધર્મઃ'

વાલ્મીકિ રામાયણના અરણ્યકાંડનો આ વિખ્યાત શ્લોક છે જેમાં મામા મારીચ ભાણેજ રાવણને રામના વખાણ કરતા આ શ્લોક કહે છે. આખા શ્લોકનો ભાવાનુવાદ કરવો હોય તો આવો થાય 'રામ સાક્ષાત્ ધર્મનું સ્વરૂપ છે. એ પરમ સજ્જન અને સત્યનિષ્ઠ પરાક્રમી છે. જેમ દેવતાઓના રાજા ઇન્દ્ર છે, તેમ રામ બધા લોકોના (મનુષ્યોમાં શ્રેષ્ઠ) રાજા છે.'

રામરાજ્ય તો ગાંધીજીના સમયથી ભારતની ફેન્ટેસી છે. આજે તો ચોમેર આરામરાજ્ય છે આપણા દેશમાં પણ રામરાજ્ય હવે તો કલ્પના કે કવિતામાં પણ કોઈ ચર્ચાતું નથી. રામરાજ્ય કેવું હોય એનું મનોહર વર્ણન મહર્ષિ વાલ્મીકિ અને ગોસ્વામી તુલસીદાસજીએ કર્યું છે. એ અલગ વિષય થઈ ગયો. પણ આજકાલ સરખું વાંચ્યા વગર જ એક બ્લોકબસ્ટર અને બેસ્ટ એવી નવી રામાયણ ફિલ્મને માત્ર ઉતારી પાડવા જેને હવનમાં હાડકા નાખતા 'વિષવમનાસુરો' યાદ કરે છે, એ વાલ્મીકિ રામાયણની જ કસોટી કરીએ તો એમનું અજ્ઞાન અનાવૃત થઈ જાય ! જેમકે, ઈજાગ્રસ્ત શૂર્પણખા રામ, લક્ષ્મણ, સીતાના સમાચાર સીધા રાવણને નથી આપતી. એ તો ખરદૂષણની ૧૪,૦૦૦ની સેનાનો રામ કચ્ચરઘાણ કાઢે છે એમાંથી બચેલો જનસ્થાન (આજના નાસિક પાસેનો વનવિસ્તાર, જ્યાં મહાકાવ્યના વર્ણન મુજબ શૂર્પણખા રહેતી હતી)નો એક રાક્ષસ અકંપન રાવણને આપે છે.

અને પછી રામનું પરાક્રમ લાઈવ અનુભવીને આવેલો અકંપન જ રાવણને રામના પ્રચંડ યુદ્ધકૌશલ અને મહાપ્રભાવી વ્યક્તિત્વનું લાંબુ વર્ણન કરીને કહે છે : 'દશગ્રીવ! તમે કે સમગ્ર રાક્ષસ સેના યુદ્ધમાં રામને જીતી શકવા અસમર્થ છો. તેની પત્નીનું નામ સીતા છે, જે સંસારની સર્વશ્રેષ્ઠ, સુંદર કમરવાળી અને સ્ત્રીઓમાં રત્ન સમાન છે. એકબીજા માટે સીતારામને અનન્ય આકર્ષણ છે. તમે એની પત્નીનું હરણ કરી લો. સીતાના વિયોગમાં પ્રેમી રામ આપમેળે જ પોતાના પ્રાણ ત્યાગી દેશે.' બરાબર નોંધજો, અહીં સલાહ સીતાને રાવણની પત્ની બનાવવા માટે ઉપાડી જવાની વાત નથી. સ્ટ્રેટેજીક સલાહ છે કે સીતા રામ એકમેકની એવી જુગલજોડી છે કે રામ આમ તો સામી છાતીએ યુદ્ધમાં હારે એમ નથી તો એમને માનસિક રીતે નબળા પાડવા એમની પ્રાણપ્રિયા પત્નીનું અપહરણ કરવું ! પછી કપાયેલા નાક-કાનને કારણે કુરૂપ દેખાતી, લોહીથી લથપથ તે રાક્ષસી શૂર્પણખા મોટા અવાજે રડતી-કકળતી રાવણ પાસે પહોંચે છે. પણ બાદમાં એ રાવણને ભરી સભામાં જે સંભળાવે છે એમાં મહર્ષિ વાલ્મીકિએ ચાણક્યથી યુગો પહેલા રાજનીતિનો અદ્‌ભુત બોધ ગૂંથી લીધો છે ! વાંચો અરણ્યકાંડના એ સર્ગ ૩૪નો શૂર્પણખા વાણીનો સાર :

'તું કામનાઓ અને વિષયભોગોમાં પ્રમત્ત થઈને સ્વચ્છંદી અને નિરંકુશ બની ગયો છે. રાજ્ય પર આવી પડેલા આ ભયંકર સંકટને, જે તારે જાણવું જોઈએ, તે તું જાણી શક્યો નથી. હે રાવણ! તું કામભોગોમાં મદમસ્ત, સ્વચ્છંદી અને નિરંકુશ બની ગયો છે. જે રાજા વિલાસોમાં આસક્ત, મનમાની કરનાર અને ઇન્દ્રિયોને વશમાં રાખતો નથી, તેને લોકો નદીના કાદવથી દૂર ભાગતા હાથીની જેમ ત્યજી દે છે. જે રાજા પોતાના રાજ્યની રક્ષા કરતો નથી, તે સમુદ્રમાં ડૂબેલા પર્વતની જેમ ક્યારેય શોભતો નથી. તે દેવો, ગંધર્વો અને દાનવો સાથે વેર બાંધ્યું છે, છતાં તું (બેદરકાર રહીને) ચંચળ અને આસપાસ શું ચાલે છે એની સાચી માહિતી વગરનો છે; તો તું લાંબો સમય રાજા કેવી રીતે રહી શકીશ? તારો સ્વભાવ બાળક જેવો બુદ્ધિહીન છે. જે રાજાના ગુપ્તચર (કેવળ જાસૂસી નહિ પણ ખુશામતખોરોને બદલે સાચી ઈન્ફોર્મેશન સીસ્ટમ), ખજાનો અને નીતિ એના પોતાના વશમાં નથી, તે સામાન્ય માણસ જેવો જ છે.

રાજાઓ ગુપ્તચરોની સત્ય વિગતો દ્વારા દૂરની ઘટનાઓ જોઈ શકે છે, તેથી જ તેમને 'દીર્ઘચક્ષુ' કહેવામાં આવે છે. તારા મંત્રીઓ મૂર્ખ છે અને તું તને સાચું કહી શકતા સાથીઓ વિનાનો છો, એટલે જ તને ખબર નથી કે જનસ્થાનમાં તારા સ્વજનો માર્યા ગયા છે. એકલા રામે ભયંકર ૧૪,૦૦૦ રાક્ષસો, ખર અને દૂષણનો સંહાર કરી નાખ્યો છે. રામે ઋષિઓને અભયદાન આપ્યું છે અને દંડકારણ્યને સુરક્ષિત કરી દીધું છે, છતાં તને તારા જ રાજ્યમાં આવેલા



રામે અણહકનું કોઈનું કશું, અરે લંકા પણ છીનવી ના લીધી. સર્વસમાવેશક બનીને અંગત સુખ છોડીને બીજાઓનું માન રાખ્યું. રાવણે અંગત સુખ માટે બીજાઓનું અપમાન કર્યું

લોભી થઈ જાય એને પ્રજા સ્મશાનની અગ્નિની જેમ તિરસ્કૃત માને છે. જે રાજા યોગ્ય સમયે પોતાના કર્તવ્યોનું પાલન કરતો નથી, તે પોતાના રાજ્ય અને કાર્યો સહિત નષ્ટ થઈ જાય છે.

જે રાજા કુશળ ગુપ્તચરો રાખતો નથી, પ્રજાને દેખાતો (અને એમની વાત સાંભળતો) નથી અને પોતાને આ ભયની જાણ નથી!

ભાઈ મારા રાવણ, કઠોર, કંજૂસ, અભિમાની અને કપટી રાજા પર સંકટ આવે ત્યારે કોઈ તેની મદદે આવતું નથી. અતિ અભિમાની અને ક્રોધી રાજાને સંકટ સમયે પોતાના સ્વજનો પણ લાગ જોઈને મારી નાખે છે. જે રાજા ભયથી સાવધ રહેતો નથી, તે ઝડપથી રાજ્ય ગુમાવી તણખલા સમાન તુચ્છ બની જાય છે. સૂકા લાકડા કે માટીના ઢેફાં પણ કામમાં આવે છે, પરંતુ પદભ્રષ્ટ થયેલો રાજા વપરાયેલા વસ્ત્ર કે કરમાયેલી માળાની જેમ નિરર્થક બની જાય છે.

પણ સફળ રાજા ઇન્દ્રિયોને જીતનારો (વિજિતેન્દ્રિય) હોવો જોઈએ. તે આંખો બંધ કરીને સૂતો હોય ત્યારે પણ તેના નીતિરૂપીનેત્રો (નયચક્ષુ) હંમેશા જાગતા રહેવા જોઈએ, એવો રાજા જ લાંબા સમય સુધી રાજ્ય કરે છે. હે દુર્બુદ્ધિ રાવણ! તારામાં આમાંથી એક પણ ગુણ નથી. તું દેશ અને કાળને ઓળખતો નથી, તેથી તારું રાજ્ય જલ્દી જ નષ્ટ થઈ જશે.'

ક્યા બાત ! વાલ્મીકિની ઉપમાઓનો અલંકારિક વૈભવ તો જુઓ પોલિટીકલ મેનેજમેન્ટના પાઠની સાથે ! અને આગળ કથાસાર વાંચો. શૂર્પણખાએ પોતાના દોષો ગણાવ્યા બાદ, ધન અને બળના અભિમાનમાં ચૂર રાવણ પહેલા વિચાર કરતો રહ્યો. પછી એણે ક્રોધિત થઈને બહેન શૂર્પણખાને વર્ણન પૂછ્યું રામનું. શૂર્પણખાનું રામનું સાચું વર્ણન પણ સ્તુતિ જેવું છે : 'દશરથપુત્ર રામ લાંબા હાથવાળા, વિશાળ નેત્રોવાળા, વલ્કલ અને મૃગચર્મ ધારણ કરનારા તથા કામદેવ સમાન સુંદર છે. તેઓ ઇન્દ્રધનુષ જેવું સુવર્ણમંડિત ધનુષ્ય ખેંચીને મહાઝેરી સાપ જેવા તેજસ્વી બાણો છોડે છે. યુદ્ધમાં તેઓ ક્યારે બાણ ઉપાડે છે, ક્યારે ધનુષ્ય ખેંચે છે અને ક્યારે છોડે છે, તે હું જોઈ જ ન શકી! જેવી રીતે ઇન્દ્ર કરા વરસાવીને પાકનો નાશ કરે, તેમ રામે બાણોની વર્ષાથી આખી સેનાનો નાશ કરી નાખ્યો. કોઈ રથ વિના માત્ર પગપાળા ઊભેલા તે એકલા રામે દોઢ મુહૂર્ત (આશરે ૭૨ મિનિટ)માં ૧૪,૦૦૦ રાક્ષસો, ખર અને દૂષણને મારી નાખ્યા. સ્ત્રીવધના ભયથી તે મહાત્મા રામે મને માત્ર અપમાનિત કરીને જીવતી છોડી દીધી. તેમનો લક્ષ્મણ નામનો એક મહાતેજસ્વી ભાઈ છે, જે ગુણ અને પરાક્રમમાં તેમના જેવો જ છે. તે અત્યંત બુદ્ધિમાન, અજેય અને રામનો જમણો હાથ તથા બહાર ફરતો પ્રાણ છે.'

આટલું કહ્યા પછી શૂર્પણખા સીતાસૌંદર્યના વર્ણન તરફ વળે છે. 'રામની વિશાળ નેત્રોવાળી અને પૂનમના ચંદ્ર જેવા મુખવાળી એક પ્રિય ધર્મપત્ની છે, જેનું નામ સીતા છે. સુંદર કેશ અને દિવ્ય કાંતિ ધરાવતી તે વિદેહરાજકુમારી વનની દેવી અને બીજી લક્ષ્મી જેવી શોભે છે. મેં પૃથ્વી પર કોઈ દેવી, ગંધર્વી યક્ષી કે કિન્નરીમાં પણ આવી સુંદર સ્ત્રી ક્યારેય જોઈ નથી. સીતા જેની પત્ની બને, તે સમગ્ર લોકમાં ભાગ્યશાળી ગણાય. હે રાવણ! તે તારા યોગ્ય પત્ની છે અને તું તેના યોગ્ય પતિ છે.' રાવણના મનમાં વધુ ઉશ્કેરણી જગાવવા આગળ મૈથિલી માટે વિસ્તીર્ણજઘનાં પીનશ્રોણિપયોધરામ્... તપ્તકાંચનવર્ણાભા રક્તતુંગનખી શુભા.. સીતા નામ વરારોહા વૈદેહી તનુમધ્યમા! શૃંગારિક વર્ણનોમાં વાલ્મીકિ કાલિદાસના પણ પૂર્વજ છે. વિગતે વૈદેહીનું દેહવર્ણન કરીને 'હું તો તારા માટે એને લાવવા ગઈ તો ક્રૂરતાથી મને વિરૂપ કરી' એવું કહીને સીતાહરણની ચાવી શૂર્પણખા ચડાવે છે.



શૂર્પણખાના ઉશ્કેરવાથી રાવણ રથશાળામાં ગયો અને ગધેડાઓ જોડેલા જાદૂઈ રથમાં બેસીને આકાશમાર્ગે સમુદ્ર પાર નીકળી પડ્યો. રસ્તામાં તેણે સમુદ્ર કિનારાના સુંદર વનો, પર્વતો અને નદીઓ જોઈ. તેણે જટા અને વલ્કલ ધારણ કરેલા તપસ્યામાં લીન થયેલા મારીચને જોયો. રામની બધી વાત કરી મારીચનો સાથ માંગ્યો પણ મારીચ રામનું નામ સાંભળતા જ છળી મર્યો ! ને બોલ્યો એ પણ રામની સ્તુતિ છે, જેનું એક વાક્ય લેખના આરંભે મુક્યું. બાકીનાનો સાર :

'હે રાવણ! તને આ વિનાશકારી સલાહ કોણે આપી? જેણે તને સીતાહરણ કરવા કહ્યું છે, તે તારો સૌથી મોટો શત્રુ છે. તું જાણે સૂતેલા ભયંકર સાપને જગાડી રહ્યો છે. રામ સામાન્ય મનુષ્ય નથી, તું સીતાનું હરણ કરીને જીવતો બચી શકીશ નહીં. હે લંકાપતિ! તું તારા રાક્ષસકુળ, રાજ્ય અને જીવનની રક્ષા કર અને સીતાહરણનો વિચાર છોડી પાછો જા. અગાઉ જ્યારે હું હજાર હાથીઓ જેટલું બળ ધરાવતો હતો, ત્યારે હું વિશ્વામિત્ર મુનિના યજ્ઞનો નાશ કરવા ગયો હતો. તે સમયે માત્ર બાર વર્ષના બાળક રામે એક જ બાણ મારીને મને સો યોજન દૂર સમુદ્રમાં ફેંકી દીધો હતો. ત્યાર બાદ દંડકારણ્યમાં ફરી મારો સામનો રામ સાથે થયો. રામના બાણથી મારા બંને સાથીઓ માર્યા ગયા અને હું માંડ બચીને ભાગી છૂટ્યો. ત્યારથી તપસ્વી બની ગયો છું. મને દરેક વૃક્ષમાં રામ દેખાય છે. 'ર' કારથી શરૂ થતા રત્ન કે રથ જેવા શબ્દો સાંભળીને પણ હું ફફડી ઉઠું છું. રામના બાણોથી સમગ્ર લંકા ભસ્મ થઈ જશે. પારકી સ્ત્રી પર કુદ્રષ્ટિ રાખવી એ મહાપાપ છે અને તેનાથી અપયશ તથા નાશ થાય છે. તું તારી પોતાની પત્નીઓ સાથે સંતુષ્ટ રહે.'

પણ રાવણે ગુમાનમાં રામને પિતાએ વનમાં કાઢી મુકેલા રઝળતા મનુષ્ય તરીકે ગણાવી મદદ ના કરે તો મારીચને મારવાની ધમકી આપી ત્યારે મારીચને થયું કે જે રાજાની આસપાસ ખોટા સલાહકારો હોય એ સત્ય નહિ સમજે, ને એના હાથે મરવા કરતા રામના પવિત્ર હાથે મરવું સારું ! પણ એ પહેલા એણે કહ્યું એ પણ રાજનીતિનું વાસ્તવદર્શન છેઃ

'તને આ સલાહ આપનાર તારો હિતેચ્છુ નથી. કયા પાપીએ તારી બુદ્ધિ ભ્રષ્ટ કરી? મિત્રના વેશમાં છુપાયેલ એ તારો શત્રુ છે. સુલભાઃ પુરુષા રાજન્-સતતં પ્રિયવાદિનઃ। અપ્રિયસ્ય તુ પથ્યસ્ય વક્તા શ્રોતા ચ દુર્લભઃ (વાલ્મીકિ રામાયણ, અરણ્યકાંડ ૩૭.૨) હે રાજન્, હંમેશા મીઠું અને પ્રિય (ખુશામતભર્યું) બોલનારા માણસો તો સહેલાઈથી મળી રહે છે, પરંતુ અપ્રિય (કડવું) હોવા છતાં હિતકારી વચન બોલનાર અને તેને સાંભળનાર બંને દુર્લભ હોય છે.'

જેબ્બાત. આખા આ કથાનકમાં રાજનીતિશાસ્ત્રના નિયમો વાર્તારસમાં ઝબકોળીને મહર્ષિએ લખ્યા છે ! અગાઉની સમરી નોટ કરીએ તો શૂર્પણખા પ્રજાનો તિરસ્કાર ના કરે એવા એક શ્રેષ્ઠ શાસકના ૬ લક્ષણો ગણાવે છે, જેનાથી તે લાંબા સમય સુધી રાજ્ય કરી શકે છે : (૧)અપ્રમત્ત : હંમેશા સાવધાન અને સતર્ક રહેનાર. (૨) સર્વજ્ઞ : રાજ્યની દરેક ગતિવિધિની જાણકારી રાખનાર. (૩) વિજિતેન્દ્રિય : પોતાની ઇન્દ્રિયો અને કામનાઓ પર કાબૂ રાખનાર. (૪) કૃતજ્ઞ : યોગ્ય વ્યક્તિઓના ઉપકાર અને સેવાને યાદ રાખી તેમનું સન્માન કરનાર

અનુસંધાન પાનાનં ૦૬ પર

પ્રેમ પૂજારી : એક અઘરું પ્રશ્નપત્ર!

બાયોસ્કોપવાલા

મન્નુ શેખચલ્લી

જે રીતે 'કૌન બનેગા કરોડપતિ'માં હોય છે એ રીતે થોડા સહેલા સવાલોથી શરૂઆત કરીએ...

૧૦૦૦ રૂપિયા માટે પહેલો સવાલ છે કે 'ફિલ્મમાં એવા કયા બાળકલાકારે મહત્વનો રોલ કર્યો હતો જે આગળ જતાં ફેમસ હીરો બન્યો હતો?' જવાબ : સચિન.

રૂપિયા ૨૦૦૦નો સવાલ : પૂના ફિલ્મ ઈન્સ્ટીટ્યૂટના એકટરોમાંથી કયા પહેલા કલાકારને અહીં હિન્દી ફિલ્મોમાં સૌથી પહેલો ચાન્સ મળેલો, જે પણ બહુ ઝડપથી ફેમસ સ્ટાર બની ગયા? જવાબ : શત્રુઘ્ન સિંહા !

૫૦૦૦ માટેનો સવાલ : હિન્દી સિનેમાના મોસ્ટ પાવરફૂલ વિલન તરીકે ઓળખાયેલા કયા કાલકારાને આ ફિલ્મમાં સાવ ફાલતું રોલમાં વેડફી નંખાયા હતા ? જવાબ : અમરીશ પુરી.

૧૦,૦૦૦ માટેનો સવાલ : ત્રણ ફેમસ ફિલ્મી કલાકાર બ્રધર્સમાંના ત્રીજા નંબરના ભાઈ ઉપર કયું આખું ગાયન અહીં પિક્ચરાઈઝ થયું છે ? જવાબ : અનુપકુમાર, ગાયન : 'યારોં નીલામ કરો સુસ્તી !'

જોકે આખી ફિલ્મમાં આપણને લાખ રૂપિયાનો સવાલ એ થયા કરે છે કે 'દેવ આનંદે ઝાહિદા નામની, સાવલ નાનું કપાળ મોટી કાયા અને ઓછી ટેલેન્ટવાળી છોકરીમાં એવું તે શું જોયું હશે કે તેની ઉપર પોણા ભાગની ફિલ્મ ખેંચી મારી હશે ? આનો જવાબ ખુદ દેવઆનંદને 'ગેમ્બલર' પછી મળી ગયો હશે કેમ કે એ પછી ઝાહિરા એમની સાથે દેખાઈ નથી ! જોકે ફિલ્મી ગોસિપ એવું પણ કહે છે કે ફોરેનમાં શૂટિંગના બહાને દેવ સાહેબ ઝાહિદામાં એવા લપેટાઈ ગયેલા કે છેવટે કલ્પના કાર્તિક (શ્રીમતી દેવ આનંદ)ના કહેવાથી ઝાહિદાનાં આન્ટી નરગીસે વચ્ચે પડીને ગંઠાઈ ગયેલા પેચ છોડાવવા પડ્યા હતા !

આ સિવાય પણ 'પ્રેમ પૂજારી'માં અમુક સ્ટુપિડ સવાલોવાળા પ્રશ્નો છે. જેમકે, 'તાકત વતન કી હમ સે હૈ' ગાયન વખતે બધા સૈનિકો પેલા સફેદ મગ (મોટા કપ) શા માટે વારંવાર હવામાં ઉછાળ્યા કરે છે? જવાબ : કેમ કે મગમાં ચા, કોફી, દૂધ કે પાણી... કશું જ નહોતું! જો હોય તો છલકાઈ ના જાય?

વધુ એક રમુજ પેદા કરતો સવાલ : વહીદા રહેમાન ૧૭ વરસ પછી લંડનથી પાછા આવેલા તેના સગા 'મામા' આગળ નાચી કૂદીને પેલું 'રોન્ટીક' ગાયન 'હૂંગી તૈનું રેશમી રૂમાલ...' શા માટે ગાવા મંડે છે? જવાબ : કેમ કે વહીદાને પોતાના 'મામા'માં 'દેવ આનંદ' દેખાય છે! (ખરેખર એવું બતાડ્યું છે !)



એમ તો એવો સવાલ પણ થાય કે દેવ આનંદ લંડન, પેરિસ, મ્યુનિક, બાર્સેલોના વગેરે સ્થળોથી જે પત્ર લખે છે તે સાદો કાગળ હોય છે, પણ ભારતમાં વહીદાના હાથમાં જ આવતાં તે ઈનલેન્ડ લેટર શી રીતે બની જાય છે ? અને હા, આ બધા 'એરમેઈલ' લેટર પણ નથી !

યાર, આવી કઈ ઈન્ટરનેશનલ ટપાલ સેવા કઈ કંપની આપે છે ?

ચહેરા ઉપર માત્ર પાતળી નકલી મૂછો તથા માત્ર ૩૯ વાળ ધરાવતી નકલી દાઢી ચોંટાડવાથી કેટલા દેશોની એરપોર્ટ સિક્યોરીટીને મુરખ બનાવી શકાય છે ? સાચો આંકડો જાણવા માટે 'પ્રેમ પૂજારી' આખી જોવી પડે, બોસ ! (જોયું ? અઘરો સવાલ છેને ?)

એમ તો એક સિરિયસ લી અઘરો સવાલ પણ છે કે ૧૯૬૨માં જે ચીને ભારત ઉપર આક્રમણ કરીને આખું તિબેટ પચાવી પાડ્યું, હિમાલયના ૩૮,૦૦૦ ચોરસ કિલોમીટર જેટલી જમીન દબાવી લીધી, ભારતના સૈન્યને હરાવી દીધું... એ ચીનને જો ભારતમાં બેઠેલા ચીની એજન્ટો માટે નવાં શસ્ત્રો જોઈતાં હોય તો શું તે પોતાના એજન્ટોને પેરિસ, રોમ, મ્યુનિક, અને લંડનમાં રાખે? અને શું ઈંગ્લેન્ડથી શસ્ત્રો મંગાવે ? નેપાળનો રૂટ સહેલો ના પડે ?

આનો જવાબ એ છે કે જો સ્ટોરીમાં આવું ના રાખે તો દેવ આનંદ ઝાહિદાને લઈને ફોરેનમાં શૂટિંગો શી રીતે કરી શકે ?

પણ બોસ, આ ફિલ્મ ભારતીય પ્રેક્ષકો માટે પણ છે ! એટલે પ્રેમની સચ્ચાઈ સાબિત કરવા માટે વહિદા રહેમાનને અચાનક કોઈ ટેલેન્ટ કોન્ટેસ્ટમાં જીતાડીને લંડન મોકલવામાં આવે ! ત્યાં એ કોન્ટેસ્ટ અચાનક બિકીની પહેરીને ઊભેલી ફોરેનર યુવતીઓ સાથેની બ્યુટિ કોન્ટેસ્ટ બની જાય ! જેમાં વહિદાજીનો માત્ર ફેસ દેખાડવામાં આવે ! જેથી એ બિકીનીમાં છે કે નહીં તેનું પણ સસ્પેન્સ રહે ! (કેમકે આ તો 'સ્પાય' થ્રિલર છે ને? એટલે આ સસ્પેન્સ એકસ્ટ્રા ! ચાર ઉપર એક ફ્રી !)

હવે વહિદા રહેમાન લંડનમાં આવી ગયાં છે એટલે ૧૯૬૮માં આવેલી 'આંખે'ની આખી સિચ્યુએશન અહીં રીટ કરીને 'ગૈરોં પે કરમ...' જેવું જ ગાયન 'રંગીલા રે તેરે રંગ મે...' ફીટ કરી દેવાનો ઓરિજિનલ આઈડિયા, ખરેખર તો દેવ સાહેબનો જ હશે ! પણ પેલા રામાનંદ સાગરે 'ફ્યુચર ટ્રાવેલ' આ કોલમમાં અગાઉ 'હમ દોનોં' વિશેના લેખમાં તો ક્લિયર હતું કે ડિરેકટર વિજય આનંદ જ હતા. 'તીન દેવીયાં' માં દેવ આનંદના દાવા વિશે પુરેપુરી શંકા હી, પણ 'પ્રેમ પૂજારી' જોયા પછી ૧૦૦ ટકા ખાતરીથી તમે કરી શકો કે આ જે 'આખું કોળું શાકમાં ગયું' તેના રસોઈયા એટલે કે ફિલ્મના ડીરેકટર (પાછા લેખક પણ ખરા) માત્ર અને માત્ર દેવ આનંદ જ હશે !

પણ બોસ, એક વાત તો માનવી પડે કે આટલી શરમજનક નિષ્ફળતા છતાં 'કરતાં જાળ કરોળિયો'ના સ્પીરીટથી દેવ સાહેબે 'જાત્તે પોત્તે' સતત ૧૯ ફિલ્મો જીહા, દોઢ ડઝનથી એક વધારે બનાવે જ રાખી ! જોકે છેવટે 'આવડ્યું' કે નહીં ? એ તો એમને જ ખબર !

પૂના ફિલ્મ ઇન્સ્ટીટટ્યૂટના એકટરોમાંથી કયા પહેલા કલાકારને અહીં હિન્દી ફિલ્મોમાં સૌથી પહેલો ચાન્સ મળેલો, જે પણ બહુ ઝડપથી ફેમસ સ્ટાર બની ગયા?

- ફિલ્મ ભલે ફલોપ રહી પણ ગીતકાર નીરજનાં ગાયનો આજે પણ યાદગાર છે. છતાં આના પછી નીરજને દેવઆનંદે પોતાના પ્રોડકશનની ફિલ્મો માટે પસંદ કર્યા નથી.
- કહેવાય છે કે 'જ્વેલ થિપ'નું શૂટિંગ જ્યારે ભારત-ચીનની સરહદ નજીક થઈ રહ્યું હતું ત્યારે જ દેવાઆનંદને 'પ્રેમ પૂજારી'નું થિમ સુઝ્યું હતું.
- એવું પણ કહેવાય છે કે 'પ્રેમ પૂજારી'નું શૂટિંગ નેપાળ બોર્ડર પાસે થતું હતું ત્યારે ત્યાંથી પસાર થઈ રહેલા હિપ્પીઓને જોઈને દેવ સાહેબને 'હરે રામા હરે કિષ્ના' ની સ્ટોરી સૂઝી હતી!
- અને 'પ્રેમ પૂજારી' એડિટ થઈને રીલીઝ થાય એ પહેલાં તો દેવ સાહેબ 'હરે રામા હરે કૃષ્ના'નું શૂટિંગ કરવા લાગ્યા હતા ! એમના માટે 'પ્રેમ પૂજારી' હવે પતી ગયેલું પ્રકરણ હતું!

ક્યાં ગાયબ થઈ ગયો છે રણવીર સિંહ આજકાલ?

સિનેમા એક્સપ્રેસ

શિશિર રામાવત


ક્લાસમાં એક તોફાની છોકરો છે. અતિ ચંચળ. એક મિનિટ સ્થિર બેસી ન શકે. કાં તો એ હલ-હલ કર્યા કરશે, કાં બાજુમાં બેઠેલા છોકરા સાથે વાતો કરવા લાગશે, કાં આગળ બેઠેલા દોસ્તારના માથે ટપલી મારશે. ક્લાસ પૂરો થવાની ઘોષણા કરતો બેલ વાગતાં જ એ સ્પ્રિન્ગની જેમ ઉછળશે. ક્લાસની બહાર દોટ મૂકીને સીધો રમતના મેદાન પર પહોંચી જશે... અને પછી ભાગાદોડી, ઉછળકૂદ. એને જોઈને આપણે હાંફી જઈએ. આપણને થાય કે આ ટાબરિયો થાકતો નહીં હોય? ભગવાને કેટલી એનર્જી મૂકી છે એનામાં?

...પણ અચાનક એવું કશુંક બને છે કે આ છોકરો શાંત થઈ જાય છે. એકદમ ચુપ! મોમાંથી એક અવાજ ન નીકળે. જાણે ક્લાસમાં એની હાજરી જ નથી. આપણને પાછું થાય કે લે, હવે આને શું થઈ ગયું? એ ઠીક તો છેને?

હવે ક્લાસરૂમની જગ્યાએ બોલિવુડને મૂકો. તોફાની છોકરાની જગ્યાએ રણવીર સિંહને ગોઠવી દો. ચિત્ર સ્પષ્ટ થાય છે? ઉર્જાના ભંડાર જેવો, ચિત્રવિચિત્ર કપડાં પહેરતો, નાચતો-ગાતો, પાપારાઝી સાથે મસ્તી કરતો, ફિલ્મી ઈવેન્ટ્સમાં, પાર્ટીઓમાં અને મિડીયા ઈન્ટરેક્શન્સમાં જરાય સખણો ન બેસતો રણવીર આજકાલ તમને ક્યાંય દેખાય છે? ગયા વર્ષની પાંચમી ડિસેમ્બરે 'ધૂરંધર' પાર્ટ-વન રિલીઝ થઈ એનીય પહેલાંથી એણે મિડીયામાં દેખાવાનું બંધ કરી દીધું હતું. હવે વરસ થવા આવશે. દરમિયાન 'ધૂરંધર-ટુ' પણ રિલીઝ થઈ ગઈ અને તેણે તો પાર્ટ-વન કરતાંય વધારે તરખાટ મચાવ્યો. બન્ને ફિલ્મોએ સંયુક્તપણે અધધધ ૩૨૦૦ કરોડ કરતાંય વધારે રૂપિયાનો બિઝનેસ કર્યો. સામાન્ય સંજોગોમાં રણવીર મિડીયા પર આગની જેમ છવાઈ જવો જોઈતો હતો. પણ અહીં તો એક ઈન્ટરવ્યુ સુધ્યાં નહીં - ન ફિલ્મો રિલીઝ થઈ તેની પહેલાં, ન ફિલ્મો બમ્પર હિટ થઈ એના પછી. એકાદું સ્ટેટમેન્ટ સુધ્યાં નહીં. અરે, છઠ્ઠી જુલાઈએ એનો બર્થડે ગયો ત્યારે પણ પાર્ટી-બાર્ટી કશું જ નહીં. આપણને થાય કે રણવીરને થયું છે શું? એ મજામાં તો છેને? ઈતના સન્નાટા ક્યું હૈ ભાઈ? શો બિઝનેસનું 'જો દિખતા વો હી બિકતા હૈ' સૂત્ર એ ભૂલી ગયો છે કે શું?

સૌથી પહેલાં તો ટાઢા પડો, અને જાણી લો કે રણવીર સિંહ એકદમ મજામાં છે. કોઈએ એવી વાત ઉડાડી હતી કે ધમાકેદાર સફળતાને પગલે રણવીરને ડિપ્રેશન આવી ગયું છે. ના, એવું કશું નથી. એની ફિઝિકલ અને મેન્ટલ હેલ્થ ટકાટક છે. માત્ર પ્રોફેશનલ જ નહીં, પર્સનલ લાઈફમાં પણ એ સખ્ખત સુખી છે. તો પછી એ જાહેર જીવનમાંથી ગાયબ કેમ થઈ ગયો છે? તે એટલા માટે કે 'ધૂરંધર'ની ટીમે સમજીવિચારીને જે 'નો-પ્રમોશન' સ્ટ્રેટેજી અપનાવી હતી તે રણવીરને માફક આવી ગઈ છે. એને સમજાઈ ગયું છે કે ભાઈ, ન બોલવામાં જ નવ ગુણ છે. આમેય બીજી દીકરીના જન્મ પહેલાં એણે લાંબી પેટર્નિટી લીવ લીધી હતી. એ પોતાનો પૂરેપૂરો સમય ફક્ત અને અટેન્શન પરિવારને આપવા માગતો હતો.

રણવીરની બર્ફીલી શાંતિ પાછળ એમ તો બીજાં પરિબળો પણ કામ કરે છે. જેમ કે, બોલિવુડનું ગંદું રાજકારણ, તૂટેલા કરારો, જાહેરમાં થયેલા મતભેદો અને પોતાનું સામ્રાજ્ય ઊભું કરવાની એક જીદ. 'ડોન-થ્રી'નો વિવાદ યાદ છેને? સૌને લાગતું હતું કે 'ધૂરંધર-ટુ' પછીની રણવીરની ફિલ્મ 'ડોન-થ્રી' હશે. ફરહાન અખ્તરના ડિરેક્શનમાં બનનારી આ ફિલ્મ લાંબા સમયથી ચર્ચામાં છે, પણ રણવીર-ફરહાન વચ્ચે વાંકું પડ્યું. સ્ક્રિપ્ટ ફાયનલ થવાનું નામ લેતી નહોતી, સતત વિલંબ થઈ રહ્યો હતો અને ફરહાન સાથે ક્રિયેટિવ ડિફરન્સ પણ થયા કરતા હતા. રણવીરે કહી દીધું: નથી કરવી તારી ફિલ્મ, જા! ફરહાન અને અને એક્સલ એન્ટરટેઈન્મેન્ટ બેનરે એની પાસેથી ૪૫ કરોડ રૂપિયાના વળતરની માંગણી કરી. વાત એટલી વધી પડી કે ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ નામની સંગઠને નિર્દેશ જાહેર કર્યો: 'ધૂરંધર'ના આ હીરોને કો-ઓપરેટ



'ધૂરંધર' સિરીઝની બમ્પરહિટ ફિલ્મો આપ્યા પછી મિડીયા પર છવાઈ જવાને બદલે રણવીર સિંહ લોકોની નજરમાંથી સાવ અદ્રશ્ય થઈ ગયો છે. બોલિવુડનું ગંદું પોલિટિક્સ જોઈને રણવીરે એટિટ્યુડ બદલ્યો છે.

અનુસંધાન પાનાનં ૦૬ પર